ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, વાંઢાય
દવારા નિમાયેલ

લવાદપંચનો અહેવાલ

૧. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
ટ્રસ્ટ રજી.નં. એ/૮૨૮/કચ્છ

૨. પાટીદાર સર્વોદય ટ્રસ્ટ
ટ્રસ્ટ રજી.નં. એ/૧૮૬૮/કચ્છ

તા.૨૨-૦૮-૨૦૧૮

ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, વાંઢાય દવારા નિમાયેલ

લવાદપંચનો અહેવાલ

૧. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
ટ્રસ્ટ રજી.નં. એ/૮૨૮/કચ્છ

૨. પાટીદાર સર્વોદય ટ્રસ્ટ
ટ્રસ્ટ રજી.નં. એ/૧૮૬૮/કચ્છ

તા.૨૨-૦૮-૨૦૧૮

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા-કચ્છ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. એ/૮૨૮ કચ્છ અને પાટીદાર સર્વોદય ટ્રસ્ટ, માંડવી-કચ્છ રજીસ્ટ્રેશન નં. ૧૮૨૮ કચ્છ વચ્ચે માંડવી ખાતે આવેલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત લખુ વિરજી ધોળુ વિધાર્થી છાત્રાલય, માંડવી નાં મિલકત અંગેની મડાગાંઠના ઉકેલ માટે શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, વાંઢાયને લવાદ તરીકે બંન્ને પક્ષોએ સ્વીકારી જવાબદારી સોંપવામાં આવેલ જે અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ નીચે મુજબ છે.

લવાદપંચની રચના અને બંને પક્ષનાં પ્રતિનિધીઓની નિમણૂંકની પ્રક્રિયા :

માંડવી ખાતે આવેલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત લખુ વિરજી ધોળુ વિધાર્થી છાત્રાલયનાં માલિકીપણાનો વિવાદ ૨૦૧૨ થી ચાલતો આવે છે. બન્ને પક્ષ દવારા માલિકી હકક મેળવવા દાવાઓ કરવામાં આવેલ છે. જેમાથી કેટલાક દાવાઓનો નિકાલ થઈ ગયેલ છે અને કેટલાક દાવાઓ ચાલુ છે. આ વિવાદના કારણે સમાજની એકતા અને વિકાસમાં વિપરીત પરિસ્થિતી ઉભી થયેલ અને અવિશ્વાસનું વાતાવરણ ઉભુ થયેલ જે સમાજ માટે હાનિકારક જણાતુ હતું. ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય મંદિર પ્રતિસ્ઠાને ૭૫ વર્ષ નજીકમાં જ પૂરા થતા હોઈ તેનો હિરક જયંતી મહોત્સવ ઉજવવાનુ સંસ્થાની કારોબારીએ નિર્ણય લીધેલ તો આ ૭૫ વર્ષનો કાર્યક્રમ ભવ્યતાથી એક સંપથી ઉજવાય અને સમાજનું ગૌરવ વધે તેવા કાર્યક્રમનું આયોજન વિચારવા એક ચિંતન શિબીર તા.૦૩-૦૪-૨૦૧૭નાં રોજ લક્ષમીનારાયણ કેન્દ્ર સ્થાન, દેસલપર ખાતે યોજવામાં આવેલ હતી. જેમાં આખી સભાનો સુર હતો કે માંડવીમા આવેલ છાત્રાલયની મડાગાંઠનો ઉકેલ પ્રથમ કરવામાં આવે તો કાર્યક્રમ ભવ્ય રૂપે એકતા પૂર્વક ઉજવી શકાય અને આ મડાગાંઠનાં ઉકેલ માટે ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય તેમની આગેવાની લે એવી રજુઆત ચિંતન શિબીરમાં હાજર રહેલ બન્ને પક્ષોનાં પ્રતિનિધીઓએ સુર વ્યકત કર્યો અને આ લવાદપંચની જવાબદારી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાયને સોંપવામાં આવી.

ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય ની તા.૦૪-૦૪-૨૦૧૭નાં મળેલ કારોબારીમાં આ મુદે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને સર્વાનુમતે પ્રમુખશ્રી ને લવાદપંચનાં વડા તરીકે જવાબદારી સોપવામાં આવી અને જરૂર પડયે વધારાના લવાદપંચના સભ્યોની નિમણૂંક કરવી એવુ નકકી કરવામાં આવ્યુ.

તા.૨૨-૦૪-૨૦૧૭નાં લવાદપંચ દવારા બન્ને પક્ષોને પત્ર લખી પોતાના સાત-સાત સભ્યોનાં નામ નિમણૂક કરી આપવા જે લવાદપંચ સમક્ષ પોતાનો પક્ષ રાખી શકે. જે મુજબ તા.૨૯-૦૪-૨૦૧૭નાં સમાજ તરફથી તથા તા.૦૫-૦૫-૨૦૧૭નાં પાટીદાર સર્વોદય ટ્રસ્ટ તરફથી બન્ને પક્ષોએ પોતાના પ્રતિનિધીઓનાં નામ પત્રો દવારા મોકલી આપવામાં આવેલ. જે નામો નીચે મુજબ છે.

ક્રમ	અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણાનાં સભ્યોનાં નામ	પાટીદાર સર્વોદય ટ્રસ્ટ, માંડવીનાં સભ્યોનાં નામ
૧	રામજીભાઈ કરમશી નાકરાણી	મેઘજીભાઈ જેઠાભાઈ રામજીયાણી
૨	વાલજીભાઈ નારણ ભગત	સામજીભાઈ નારણ નાકરાણી
૩	શાંતીલાલ પ્રેમજી દિવાણી	રવિલાલભાઈ કેસરા રામજીયાણી
૪	જશવંતભાઈ દેવજી સાંખલા	ધનજીભાઈ ગોવિંદ સેંઘાણી
૫	ડો. શાન્તીલાલ મેઘજી સેંઘાણી	કરશનભાઈ વાલજી વેલાણી
૬	જયંતીલાલ કરમશી રામાણી	નારાણભાઈ ખીમજી ચૌહાણ
૭	ગૌરાંગભાઈ ખેતા દિવાણી	કેશુભાઈ ધનજી પારસીયા

તા.૦૬-૦૬-૨૦૧૭ નાં લવાદપંચ અને બન્ને પક્ષનાં કેટલાક સભ્યોની અન-ઓપચારીક મિટીંગ બોલાવામાં આવેલ જેમા પ્રમુખશ્રી હંસરાજ દવેજી ધોળુને બહારગામ જવાનું થતા હાજર રહી શકેલ નહી તો તેમના વતી શ્રી જેઠાલાલ લાલજી ચોપડા તથા સંસ્થાના ઉપપ્રમુખશ્રી ગંગારામભાઈ શીવદાસ રામાણીને ચર્ચા કરવા જવાબદારી સોપેલ જેમા નીચે મુજબનાં સભ્યો હાજર રહેલ જે નામો નીચે મુજબ છે.

સમાજ વતી હાજર રહેલ સભ્યોના નામો (૧) વાલજીભાઈ નારાણ ભગત, નાગપુર (૨) જેન્તીભાઈ લાકડાવાળા, અમદાવાદ (૩) ડો. શાંન્તીભાઈ સેંઘાણી,નખત્રાણા
સર્વોદય ટ્રસ્ટ વતી હાજર રહેલ સભ્યોના નામો (૧) મેઘજીભાઈ જેઠા, મુંબઈ (૨) સામજીભાઈ નાકરાણી, મુંબઈ (૩) રવીભાઈ રામજીયાણી, મુંબઈ (૪) મંગલભાઈ (ડાડા), રાજપર (૫) નારાણભાઈ ચૌહાણ, દુજાપર (૬) કેશુભાઈ પારસીયા, ભુજ
અન્ય સભ્યોનાં નામો (૧) ધનજી પૂજા લીંબાણી - દરશડી (૨) શીવજી નાનજી કાનાણી, ભુજ (૩) બાબુલાલ ચોપડા, જીયાપર (૪) પ્રવિણભાઈ ધોળુ, નાગલપર (૫) દામજીભાઈ વાસાણી, દુર્ગાપુર (ભુજ) (૬) બાબુલાલ દડગા, મમાયમોરા (૭) મણીલાલભાઈ માવાણી, વરજડી (૮) જેન્તીલાલ દેવજી રામાણી, જામથડા (૯) મોહનલાલ કરશન પરવાડીયા, ગઢ શીસા (૧૦) ડાહયાલાલ જેઠા માવાણી, વરજડી

આ મીટીંગમાં છઠા પંચ તરીકે ગંગારામભાઈ શીવદાસ રામાણીને નિમવા એવુ બન્ને પક્ષોનું સુચન આવેલ. તા.૧૬-૦૬-૨૦૧૭ નાં પત્રથી બન્ને પક્ષોને લવાદપંચનાં સભ્યોની યાદી મોકલી આપવામાં આવેલ જેના નામ નીચે મુજબ છે. અને નિમણૂકનાં પત્રો દરેક પંચને મોકલી આપવામાં આવ્યો.

ક્રમ	નામ	ગામ	હોદો
૧	હંસરાજ દેવજી પટેલ	ભુજ	પ્રમુખશ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, વાંઢાય
૨	જેઠાભાઈ લાલજી ચોપડા	ભુજ	પ્રમુખશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, દેસલપર

૩	કરશન શામજી સેંઘાણી	સુરત	પ્રમુખશ્રી કેન્દ્રીય ન્યાય સમિતિ, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા
૪	કરશન લધા દિવાણી	હૈદરાબાદ	માજી પ્રમુખશ્રી કેન્દ્રીય ન્યાય સમિતિ, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા
૫	વાલજી શિવજી વાડીયા	જામનગર	માજી પ્રમુખશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા

તા.૧૯-૦૬-૨૦૧૭ નાં પત્રથી લવાદપંચનાં એક સભ્ય શ્રી વાલજી શિવજી વાડીયાએ ઉમર અને શારીરિક રીતે જવાબદારી સ્વીકારી શકવાની અસમર્થતા બતાવેલ અને રાજીનામુ આપેલ. જે સ્વીકારવામાં આવ્યું. અને તેમની જગ્યાએ અગાઉ દરખાસ્ત થયેલ શ્રી ગંગારામભાઈ શીવદાસ રામાણીની પાંચમાં પંચ તરીકે નિમણુંક કરવામાં આવી. તા.૨૬-૦૬-૨૦૧૭નાં અગાઉના તા.૧૬-૦૬-૨૦૧૭નાં પત્રનાં અનુસંધાને સમાજ દવારા નવી યાદી મોકલવામાં આવી જેમાં જયવંત દેવજી સાંખલા ની જગ્યાએ મણીલાલ વિરજી ભગતનુ નામની દરખાસ્ત કરવામાં આવી જેને સ્વીકારવામાં આવી. આમ સંપૂર્ણ લવાદપંચ અને બંને પક્ષકારોનાં સાત-સાત પ્રતિનીધિઓની યાદી સ્વીકારવામાં આવી. આમ લવાદપંચનાં સભ્યોનાં નામ નકકી કરવામાં આવ્યા (૧) હંસરાજભાઈ દેવજી પટેલ, (૨) જેઠાભાઈ લાલજી ચોપડા, (૩) કરશનભાઈ શામજી સેંઘાણી, (૪) કરશનભાઈ લધા દિવાણી, (૫) ગંગારામ શીવદાસ તેમજ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તેમજ પાટીદાર સર્વોદય ટ્રસ્ટ દવારા નકકી કરવામાં આવેલ સભ્યોનાં નામ નીચે મુજબ છે.

ક્રમ	અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણાનાં સભ્યોનાં નામ	પાટીદાર સર્વોદય ટ્રસ્ટ, માંડવીનાં સભ્યોનાં નામ
૧	રામજીભાઈ કરમશી નાકરાણી	મેઘજીભાઈ જેઠાભાઈ રામજીયાણી
૨	વાલજીભાઈ નારણ ભગત	સામજીભાઈ નારણ નાકરાણી
૩	શાંતીલાલ પ્રેમજી દિવાણી	રવિલાલભાઈ કેસરા રામજીયાણી
૪	મણીલાલ હિરજી ભગત	ધનજીભાઈ ગોવિંદ સેંઘાણી
૫	ડો. શાન્તીલાલ મેઘજી સેંઘાણી	કરશનભાઈ વાલજી વેલાણી
૬	જયંતીલાલ કરમશી રામાણી	નારાણભાઈ ખીમજી ચૌહાણ
૭	ગૌરાંગભાઈ ખેતા દિવાણી	કેશુભાઈ ધનજી પારસીયા

આમ ઉપરોકત નામવાળા સભ્યોની નિમણુંક થતાં લવાદપંચની રચના પૂર્ણ કરવામાં આવી.

વાંઢાય

લવાદપંચે આ પ્રશ્નને ઉકેલવા માટે નીચે જણાવેલ મુદાઓનો અભ્યાસ અને સંશોધન કરવુ જરૂરી જણાયેલ છે.

(૧) કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા-કચ્છની રચના અને કાર્યવાહીનો ઈતિહાસ : કચ્છમાં વસતા કડવા પાટીદાર જ્ઞાતિ સંગઠીત અને શિક્ષિત બને તેમજ સામાજિક અને શૈક્ષણિક વિકાસ થાય તે હેતુથી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ દવારા ઈ.સ. ૧૯૬૦ માં એક અધિવેશન બોલાવવામાં આવેલ. જેમા કચ્છ કડવા પાટીદાર સમાજનાં નામે ટ્રસ્ટ રજીસ્ટ્રેશન કરવાનું નકકી કરી તેનું ટ્રસ્ટ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ અને તેનું નામ કચ્છ કડવા પાટીદાર સમાજ નકકી કરવામાં આવેલ, જેના ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. એ/૮૨૮ કચ્છ તા.૦૬-૦૧-૧૯૬૫ છે. આ ટ્રસ્ટના બંધારણ મુજબ વહીવટ અને સભ્યપદ નકકી કરવામાં આવેલ અને તેના વહીવટ માટે કારોબારી મંડળ નકકી કરવામાં આવેલ. આ કારોબારી મંડળની ફરજો અને અધિકાર બંધારણની કલમ નં. ૯ મુજબ નકકી કરવામાં આવેલ. આ બંધારણની કલમ નં. ૯ ની પેટા કલમ નં. ૭ અને ૮ મુજબ પેટા સમિતિઓ નિમવાનાં અને ખાસ અગત્યનાં કોમો માટે પેટા સમિતિ રચવનાં અધિકારો આપવામાં આવેલ છે.

શરૂઆતમાં કેળવણીનાં વિકાસ માટે નખત્રાણા ખાતે વિધાર્થી ભવનની સ્થાપના કરવામાં આવેલ. માંડવી અને ભુજ ખાતે સમાજવાડી માટે મિલકતો ખરીદવામાં આવેલ.

નખત્રાણા ખાતે ઉચ્ચ શિક્ષણની શાખાઓ ન હોવાને કારણે ઉચ્ચ શિક્ષણની માંગને પહોચી વળવા ભુજમાં વિધાર્થી છાત્રાલય શરૂ કરવાની જરૂરીયાત ઉભી થતાં છાત્રાલય માટે નવી જમીન ખરીદી જરૂરી બાંધકામ શરૂ કરવામાં આવેલ. વિવિધ લક્ષી ઉચ્ચ શિક્ષણની માંગને પહોચી વળવા સમાજ દવારા વલ્લભવિધાનગર ખાતે વિધાર્થીઓ માટે હોસ્ટેલનાં મકાનની ખરીદી કરવામાં આવેલ. માંડવીમાં શિક્ષણનું ક્ષેત્ર વિસાળ અને સારી ગુણવતાનું હોતાં મોટી સંખ્યામાં આજુ-બાજુનાં ગામડાઓના વિધાર્થીઓ અપ-ડાઉન કરીને તથા કેટલાક વિધાર્થીઓ બીજી જ્ઞાતિઓનાં છાત્રાલયોમાં કે અન્ય જગ્યાએ રહીને અભ્યાસ કરતા, ૮૦ નાં દાયકામાં કન્યા કેળવણીની જાગૃતી આવતા નખત્રાણા ખાતે કન્યા છાત્રાલય બાંધવાનું નિર્ણય લેવામાં આવ્યો અને કામ શરૂ કરવામાં આવેલ. એજ અરસામાં ગાંધીધામમાં ધંધા રોજગારનાં અર્થે ગાંધીધામ આવતા જ્ઞાતીજનોની જરૂરીયાત અને માંગને પહોચી વળવા જમીન ખરીદ કરેલ અને સમાજવાડીનાં ભવનનું નિર્માણ કરવામાં આવેલ. એજ સમયમાં માંડવીમા પણ વિધાર્થી છાત્રાલય બાંધવા માટે જરૂરીયાત ઉભી થઈ અને તેના માટે માંગણી સમાજ પાસે રજુ થયેલ અને સમાજ દવારા માંગણીને મંજુર કરવામાં આવેલ અને જે મુજબ સમાજની માંડવીમાં આવેલ સમાજવાડીનાં મકાનમાં વિધાર્થી છાત્રાલય શરૂ કરવામાં આવેલ. પરંતુ માંડવીમાં જે રીતની હોસ્ટેલની જરૂરીયાત હતી તે સમાજવાડીમાં ચાલતી હોસ્ટેલમાં પુરતી ન હતી અને માંગને પહોચી વળવા નવી છાત્રાલય બાંધવી ખૂબ જ જરૂરી હોતાં તેની રજુઆત સમાજની કારોબારી અને સામાન્યસભામાં કરવામાં આવેલ, જેને સમાજે મંજુરી આપેલ. જેના નિર્માણ માટે એક

સમિતીનું ઘઠન કરવામાં આવેલ જેનું કચ્છ કડવા પાટીદાર સમાજ છાત્રાલય નિર્માણ સમિતી માંડવી-કચ્છ રાખવામાં આવેલ. જે સમિતી દવારા માંડવીમાં આવેલ સમાજવાડીની જગ્યામાં એક વિધાર્થી છાત્રાલયનું નિર્માણ કરવામાં આવેલ. એજ રીતે ભુજમાં આવેલ સમાજવાડીની જગ્યામાં સમાજ દવારા કન્યા છાત્રાલય અને કન્યા હાઈસ્કુલ શરૂ કરવામાં આવેલ અને માંડવીમાં કન્યા છાત્રાલયની જરૂરીયાત ઉભી થતા નિર્માણ સમિતી દવારા નવી ખરીદાયેલ જમીન ઉપર છાત્રાલયનું નિર્માણ કરી તેને લખુ વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલય નામ આપવામાં આવેલ અને અગાઉ નિર્માણ થયેલ છાત્રાલયને નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) કન્યા છાત્રાલય નામ આપવામાં આવેલ. આ રીતે સમાજનાં ટ્રસ્ટ દવારા નીચે મુજબ સમાજિક અને શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન થતુ રહયુ છે.

સામાજિક સંસ્થાઓ : કચ્છ કડવા પાટીદાર સમાજવાડી-ભુજ, કચ્છ કડવા પાટીદાર સમાજવાડી-માંડવી, કચ્છ કડવા પાટીદાર સમાજવાડી-ગાંધીધામ.

શૈક્ષણિક સંસ્થાઓ : કચ્છ કડવા પાટીદાર વિધાર્થી ભવન-નખત્રાણા, કચ્છ કડવા પાટીદાર કન્યા છાત્રાલય-નખત્રાણા, કચ્છ કડવા પાટીદાર વિધાર્થી છાત્રાલય-ભુજ, કચ્છ કડવા પાટીદાર કન્યા છાત્રાલય અને વિધાલય-ભુજ, શ્રી નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) કન્યા છાત્રાલય-માંડવી, શ્રી લખુ વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલય-માંડવી, કચ્છ કડવા પાટીદાર વિધાર્થી છાત્રાલય-વલ્લવિધ્યાનગર

ઉપર મુજબની સંસ્થાઓ સમાજની કારોબારી દવારા પેટા સમિતી રચી તેનો વહીવટ કરવામાં આવે છે.

આ ટ્રસ્ટનું બંધારણ જ્ઞાતીનાં અધિવેશનમાં તા.૧૦-૦૫-૧૯૬૦ નાં મંજુર કરવામાં આવેલ જેને ચેરીટી કમિશ્નર દવારા તા.૦૬-૦૪-૧૯૬૫ નાં માન્યતા આપવામાં આવેલ જેનાં રજી.નં. એ/૮૨૮ કચ્છ છે. સમય પસાર થવાની સાથે જ્ઞાતિના રીત-રીવાજોમાં ફેર-વિચારણાની જરૂર જણાતાં, ત્યાર પછી મળેલ જ્ઞાતિ અધિવેશનો વર્ષ ૧૯૭૭, ૧૯૮૫ અને ૧૯૯૩ માં જરૂરી સુધારા વધારા કરવાની જરૂરીત ઉભી થયેલ અને તે મુજબ બંધારણને સુધારવા ૧૧ જણની બંધારણ સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિએ ખૂબ જ વિચારણા અને મંથનને અંતે સર્વાનુમતે સુધારેલ બંધારણ સમાજને અર્પણ કરેલ અને જેને તા.૨૪-૦૮-૧૯૯૪ નાં રોજ મળેલ સમાજની સમાન્યસભામાં સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ. જે મુજબ તા.૨૫-૦૮-૧૯૯૪ થી કચ્છ કડવા પાટીદાર સમાજ ને બદલે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં નામે કાર્યરત થયેલ. આ બંધારણને સમાજના ટ્રસ્ટી મંડળ વતી ટ્રસ્ટી શ્રી શીવદાસ ગોવીંદભાઈ છાભૈયાએ ચેરીટી કમિશ્નર સમક્ષ રજુ કરેલ જેને તા.૧૪-૦૩-૨૦૦૨ નાં આદેશથી ચેરીટી કમિશ્નર દવારા બહાલી આપવામાં આવેલ.

(૨) કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતીની રચના અને કરેલ કાર્યવાહીનો અહેવાલ : માંડવી ખાતે શિક્ષણની ગુણવતા ખૂબ જ સારી હતી અને જુદી-જુદી શિક્ષણની ફેકલટી ઉપલબ્ધ હતી તે સમયમાં ગામડાઓમાં હાઈસ્કુલોની સુવિધાઓ ખૂબ જ ઓછી હતી. વાહન-વ્યવહારની સગવડ પણ પ્રમાણમાં ખૂબ મર્યાદીત હતી જેથી કરીને વિધાર્થીઓને ઉચ્ચશિક્ષણથી વંચીત રહેવુ પડતુ હતુ. આ સમયગાળાની આસ-પાસ માંડવી ખાતે ટેકનીકલ અને વિજ્ઞાનનાં અભ્યાસ માટેની સારી શાખાઓની ઉપલબ્ધી હતી. કન્યાઓ મોટી સંખ્યાઓમાં ખીમજી રામદાસ હાઈસ્કુલમાં અને તેમની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી. છોકરાઓ માટે રહેવાની કોઈ વ્યવસ્થા ન હોતા અને સમાજવાડીનું મકાન ઉપલબ્ધ હોતા યાત્રાળુઓનું આવન-જાવન ખુબ ઓછુ હોવાથી આ વાડીનો ઉપયોગ વિધાર્થીને રહેવા માટે ઉપયોગમાં લેવા માટે માંડવી વિસ્તારનાં આગેવાનો દવારા સમાજની કારોબારી અને સામાન્ય સભામાં રજુઆત કરવામાં આવેલ અને જેને મંજુર કરવામાં આવેલ. જે મુજબ કેટલાક વર્ષો સુધી આ વ્યવસ્થા ચાલુ રહી. લોકોમાં શિક્ષણની જરૂરીયાત સમજાઈ અને જાગૃતિ આવવાનાં કારણે તેમજ ખેતી સીવાયનાં અન્ય ધંધા-રોજગારમાં તેમજ વિદેશમાં મોટી સંખ્યા જવાનું થતા અને ત્યાં શિક્ષણનાં અભાવે પડતી મુશ્કેલીનાં કારણે ભવિષ્યની પેઢીને આવી મુશ્કેલી ન પડે તે હેતુથી પોતાના બાળકોને વધુ સારી રીતે શિક્ષિત કરવાની એક ભાવના ઉભી થઈ અને તેની પૂર્તતા કરવા માટે મોટી નવી છાત્રાલય બાંધવાની જરૂરીયાત ઉભી થઈ અને લોકોમાં જુવાળ ઉભો થયો. આ બધી જરૂરીયાતો અને માંડવીમાં જે વિધાર્થીઓ અભ્યાસ કરતા તેમની અભ્યાસની ગણવતાનો લાભ સમાજને મળે તે માટે નવી હોસ્ટેલ બાંધવા માટે માંડવી વિસ્તારનાં આગેવાનો દવારા અનેક વખત ભાર પૂર્વક સમાજ પાસે રજુઆત કરવામાં આવેલ. આ દરમ્યાન નખત્રાણા ખાતે કન્યા છાત્રાલયનું બાંધકામ શરૂ થઈ ચુકેલ હતું અને સાથે-સાથે માંડવીમા હોસ્ટેલ બાંધવા માટેનું કામ ચાલુ કરવા માટેની આર્થિક સમતા સમાજ પાસે ન હતી. સમાજનું વખતો-વખત એક પ્રોજેકટ પુરૂ થઈ જવા પછી અને ફંડની ઉપલબ્ધી થયેથી માંડવીનું કામ ચાલુ કરવામાં આવશે એવા આશ્વાસનો આપવામાં આવેલ. આ સમય દરમ્યાન માંડવી ખાતે નવી હોસ્ટેલ બાંધવા માટે નવી જમીન મેળવવા માટે પ્રયત્નો થયેલ પણ તેમા સફળતા મળેલ નહીં. વિધાર્થીઓને રહેવાની સગવડો ન મળતી હોવાના કારણે અને રહેવાની જરૂરિયાત ખુબ મોટી હોવાના કારણે માંડવી વિસ્તારના આગેવાનોની અનેક વખત મિટીંગો જુદા-જુદા સ્થળોએ મળેલ અને જેમા વહેલામાં વહેલી તકે હોસ્ટેલનું બાંધકામ શરૂ થાય તેવો સુર અને લાગણી પ્રગટ થયેલ અને આ લાગણીની રજુઆત સમાજની કારોબારી અને સામાન્ય સભાઓમાં વ્યકત કરવામાં આવેલ, સમાજ દવારા ફંડની ઉપલબ્ધિની માર્યાદામાં રહી નખત્રાણા કન્યા છાત્રાલયનો પ્રોજેકટ ચાલુ હોતા જે પ્રોજેકટ પૂર્ણ ન થાય ત્યાં સુધી નવો પ્રજેકટ ચાલુ કરવા અસમર્થતા બતાવેલ. આ બાજુ માંડવીની જરૂરીયાત, માંગણીને પહોચી વળવુ ખુબ જ જરૂરી હતુ અને વિધાથીઓને રહેવાની સગવડ ન હોવાને કારણે તેમના ભાવિ ઉપર અવળી અસર પડતી હતી. આ દરમ્યાન સમાજ દવારા માત્ર ફંડનાં

વાંઢાય

કારણે માંડવી હોસ્ટેલનાં બાંધકામનું કામ ન થઈ શકતુ હોય અને જમીન ઉપલબ્ધ ન થતી હોય તો નવી હોસ્ટેલ ખાલી પડે સમાજવાડીમાં જ બાંધવી અને જરૂર પડયે આ બાંધકામનાં ફંડની જવાબદારી માંડવી વિસ્તારનાં ભાઈઓ ઉપાડશે એવો નિર્ણય લેવામાં આવ્યો. આ રજુઆત સમાજની કારોબારી અને સમાન્ય સભાઓમાં કરવામાં આવ્યો. આવી રજુઆતને સમાજે સાનુકૂળ પ્રતિસાદ આપ્યો અને માંડવીનાં ભાઈઓએ ફંડની જવાબદારી લેતા હોવાથી માંડવીમાં આવેલ સમાજવાડીનાં મકાનમાં નવી હોસ્ટેલ બાંધવાની મંજુરી આપવામાં આવેલ. અત્યાર સુધી ચાલતી પરંપરાઓ મુજબ ફંડ એકઠુ કરી નખત્રાણા જમા કરવાનું રહે અને જરૂરીયાત પ્રમાણે જેતે વિસ્તારમાં ત્યાથી ફાળવામાં આવે. આજ પધ્ધતિ મુજબ કામ ચાલુ કરવા માંડવી વિસ્તારનાં ભાઈઓને જણાવવામાં આવેલ જેની નોંધ સમાજનાં કારોબારી અને સામાન્ય સભાઓનાં રેકર્ડમાં છે.

આ પધ્ધતિથી કાર્ય કરવું મુશ્કેલ હતું અને આ ફંડ જરૂરિયાત મુજબ બીજા પ્રોજેકટોમાં વાપરી શકાય અને ફંડ ઉપર માંડવી વિસ્તારનાં ભાઈઓનો કોઈ નિયત્રાણ રહે નહી તેમજ પ્રોજેકટ ધારણા મુજબ પૂર્ણ કરી શકાય નહીં એવો સંષય માંડવી વિસ્તારનાં ભાઈઓમાં રહેતો અને અવાર-નવાર માંડવીની મિટીંગમાં તેની ચર્ચા રહેતી. જયારે ફંડની જવાબદારી માંડવી વિસ્તારનાં ભાઈઓએ જ લેવાની હોય તો ફંડ એકઠુ કરવાની આ ફંડ સમિતીનાં નામે માંડવી ખાતે જ રાખી શકાય, બેંક એકાઉન્ટ ખોલી શકાય, બેંક વહીવટ કરી શકાય અને બીજા વિકાસનાં કાર્યો કરી શકાય તે મુજબ સંપુર્ણ અધિકાર સાથેની સમિતિ રચવાની ભારપૂર્વક રજુઆત નખત્રાણા ખાતે તા.૨૮-૦૮-૧૯૯૧ ની સામાન્યસભામાં કરવામાં આવેલ. જેનાં પ્રતિસાદ રૂપે બંધારણની કલમ નં. ૯ ની પેટા કલમ ૭ મુજબ સમિતિની રચના કરવામાં આવેલ જેનું નામ કચ્છ કડવા પાટીદાર સમાજ વિધાર્થી છાત્રાલય નિર્માણ સમિતિ માંડવી-કચ્છ આપવામાં આવેલ. તેમજ માંડવીમાં આવેલ સમાજવાડીની જમીનમા જ નવી હોસ્ટેલ બાંધવાની મંજુરી પણ કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ નિર્માણ સમિતીને આપવામાં આવેલ. અને સમિતીનાં પ્રમુખ તરીકે લધા વિશ્રામ પટેલની નિમણૂંક કરવામાં આવેલ તેમની સાથે ૨૮ જણની સમિતીનાં સભ્યની તથા ૩ સલાહકાર અને ૮ બાંધકામ સમિતીનાં સભ્યોની નિમણુંકની મંજુરી આપવામાં આવેલ. જેનાં નામ નીચે મુજબ છે. જેનું નામ કચ્છ કડવા પાટીદાર સમાજ વિધાર્થી છાત્રાલય નિર્માણ સમિતિ માંડવી-કચ્છ આપવામાં આવ્યુ. જેનાં સભ્યોનાં નામ નીચે મુજબ છે.

(૧) લધાભાઈ વિશ્રામ પટેલ
(૨) જેઠાલાલ લાલજી પટેલ
(૩) નારણ રામજી પટેલ
(૪) દામજી દેવશી વેલાણી
(૫) ભવાનજી ભાણજી રામાણી
(૬) નારણ રતનશી છાભૈયા
(૭) ધનજી પુજા પટેલ
(૮) કરશન વાલજી વેલાણી
(૯) નારણ મનજી વેલાણી
(૧૦) નારણ ભાણજી પટેલ
(૧૧) મેઘજી રતનશી પટેલ
(૧૨) સામજી હરજી પટેલ

(૧૩) લખમશી લધાભાઈ પટેલ	(૧૪) માધવજી ભાણજી પટેલ
(૧૫) દેવજી વિશ્રામ પટેલ	(૧૬) પરસોતમ મનજી પટેલ
(૧૭) કરશન દેવજી પટેલ	(૧૮) રવજી લાલજી પટેલ
(૧૯) અરજણ લાલજી પટેલ	(૨૦) રવજી રામજી પટેલ
(૨૧) મેઘજી જેઠા પટેલ	(૨૨) ધનજી ગોવિંદ પટેલ
(૨૩) સોમજી નાનજી પટેલ	(૨૪) હંસરાજ દેવજી પટેલ
(૨૫) રતનશી લાલજી પટેલ	(૨૬) ભીમજી વિશ્રામ પટેલ
(૨૭) ગોવિંદ અબજી પટેલ	(૨૮) દેવજી વાલજી પટેલ

સલાહકાર :

(૧) શિવદાસ ગોવિંદ પટેલ	(૨) ડો. વાલજી હંસરાજ પટેલ
(૩) દામજી પ્રેમજી પટેલ	

બાંધકામ સમિતિ :

(૧) જેઠાલાલ લાલજી પટેલ	(૨) ધનજી પુંજા પટેલ
(૩) ગોવિંદ અબજી પટેલ	(૪) શાન્તીલાલ પ્રેમજી પટેલ
(૫) નારણ ભાણજી પટેલ	(૬) કરશન દેવજી પટેલ
(૭) દેવજી વાલજી પટેલ	(૮) વેલજી પ્રેમજી પટેલ

તા.૨૯-૦૭-૧૯૯૩ નાં રોજ મળેલ કારોબારી સમિતીની મિટીંગમાં માંડવી વિસ્તારનાં કેટલાક ભાઈઓ દવારા તેમા પણ ખાસ કરીને નારણ રામજી પોકાર, ભુજ તરફથી જરૂર પડયે સમિતીની જગ્યાએ અલગથી ટ્રસ્ટ બનાવી વહીવટ કરીએ, ભંડોળ એકઠુ કરીએ તેવી પૂર્ણ સ્વતંત્રતા આપવા માંગણી કરેલ. પરંતુ માંડવી વિસ્તારનાં ઘણા આગેવાનોનો અને સમાજનાં આગેવાનોનો એવો સુર હતો કે અગલ ટ્રસ્ટ બનાવાય તો સમાજનાં વિભાજનનો પ્રશ્ન ઉભો થાય અને મુશ્કેલીઓ ઉભી થાય. એ સભામાં તે વખતનાં સમાજના આગેવાન નારણ રાતનશી છાભૈયા, રાજપર વાળાએ પોતાના સ્પષ્ટ મંતવ્ય આપેલ કે, અમે કોઈ અલગ ટ્રસ્ટ બનાવવા માંગતા નથી અને સંપૂર્ણ વહીવટી અધિકારો સાથેની સમિતી દવારા જ વહીવટ થશે અને આ સમિતી ઉપર આધિપત્ય સમાજના ટ્રસ્ટનું જ રહેશે. જે મુજબની બાહેંધરી સમાજને આપવામાં આવેલ. અને વહીવટ સમિતી દવારા ચાલુ રહેલ છે.

૧૯૯૪ માં સમાજનાં બંધારણમાં સુધારો થતાં આ સમિતીનુ નામ કચ્છ કડવા પાટીદાર વિધાર્થી છાત્રાલય નિર્માણ સમિતી માંડવી-કચ્છ ને બદલે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર વિધાર્થી છાત્રાલય નિર્માણ સમિતી માંડવી-કચ્છ ના નામે ઓળખાવા લાગી.

આ મંજુરીના ઠરાવ મુજબ આ સમિતિને કેટલાક વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યા. જે ઠરાવ નં. ૪ થી તા.૨૧-૧૦-૧૯૯૧ ના પત્રથી જાણ કરવામા આવેલ.

વાંઢાય

(<u>ઠરાવની નકલ ઠરાવ નં. ૪</u> : આથી ઠરાવવામાં આવે છે કે, કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી-કચ્છ સંચાલિત વિધાર્થી હોસ્ટેલનું નવુ બાંધકામ કરવાનું રહે છે, આ બાંધકામની વ્યવસ્થા માટે તેમજ જરૂર પડયે વધારાની જમીન ખરીદવા માટે બાંધકામનાં ટેન્ડરો કાઢવા માટે, ટેન્ડરો મંજુર કરવા માટે, ફંડ ઉઘરાવવા માટે અને હોસ્ટેલનું સંપૂર્ણ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી પત્ર વ્યવહાર, તમામ વ્યવસ્થા કરવા માટે તથા બેંકો વગેરેમાં લેવડ-દેવડ કરવા, ખાતા ખોલાવવા, તમામ જવાબદારી સાથે કચ્છ કડવા પાટીદાર સમાજ વિધાર્થી છાત્રલય નિર્માણ સમિતિ માંડવી-કચ્છને સંપૂર્ણ અધિકારી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.) આ રીતે અધિકાર મળતા માંડવી ખાતે હોસ્ટેલ નિર્માણ કરવા માટે એક સભાનું આયોજન કરવામાં આવ્યું જેમા ખાતમૂર્હતની તા.૧૮-૧૦-૧૯૯૧ નકકી કરવામા આવી અને ખાતમૂર્હતનાં દાતા નકકી કરવામાં આવ્યા અને તેના દાતા તરીકે પ્રેમજી નાનજી ધોળુ (દુર્ગાપુર) પરિવારે આ હોસ્ટેલનું ખાતમૂર્હત કરેલ. ખાતમૂર્હતની સાથે-સાથે હોસ્ટેલનાં રૂમો તેમજ અન્ય સુવિધાઓ જેવી કે ભોજનાલય, પ્રાર્થના હોલ, ગૃહપતિ કવાર્ટર વગેરેના દાતોઓ નિશ્ચિત રકમ અને ચડાવાથી લેવામાં આવેલ. જેમાં મોટુ ભંડોળ એકત્ર કરવામાં આવેલ. ભંડોળની ઉપલબ્ધી મોટી માત્રામાં થતા બાંધકામ સમિતિએ પોતાનું કામ ઝડપથી શરૂ કરેલ. આ રીતે માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ દવારા ખૂબ જ ઝડપથી વિધાર્થી છાત્રાલયનું કામ પૂર્ણ કરેલ. આ દરમ્યાન જુદા-જુદા દાતાઓ ઉપરાંત પલંગનાં દાતાઓ વગેરે મેળવી હોસ્ટેલનું નામકરણ કરવાનું વિચારણા કરેલ જેથી કરીને મોટુ ભંડોળ નામકરણથી મળી શકે. આ દરખાસ્ત નિર્માણ સમિતિએ સમાજની કારોબારી સમક્ષ રજુ કરેલ. નામકરણની આ પ્રથા સમાજમાં પ્રથમ વખત થતી હોઈ અનેક ચર્ચાઓ અને અભિપ્રાયો પછી નામકરણ જાહેર ચડાવાથી લેવુ અને એ સંસ્થાનુ નામ પ્રથમ સમાજનું નામ એટલેકે કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત દાતાનું નામ લખવું એવી મંજુરી આપવામાં આવેલ છાત્રાલયનું બાંધકામ પૂર્ણ થઈ જતા ઉદ્‌ઘાટન માટે તારીખ નકકી કરવામાં આવેલ જેમાં નામકરણનાં દાતા પણ જાહેર ચડાવાથી નકકી કરવાનું નકકી થયેલ જે મુજબ માંડવી ખાતે એ વિસ્તારનાં લોકો તથા સમાજના આગેવાનોની ઉપસ્થિતીમાં એક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો અને આ નામકરણનો ચડાવો તે સમય પ્રમાણે ખુબ જ ઉચી બોલી રૂા. ૧૧,૧૧,૧૧૧/-ની બોલી બોલી શ્રી નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) પરિવાર દૂર્ગાપૂર દવારા આ નામકરણનો ચડાવો લેવામા આવ્યો અને આ છાત્રાલયનું નામ કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલય આપવામાં આવ્યું. જે પાછળથી સમાજનાં નવા સુધારેલા બંધારણ મુજબ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલયનાં નામે ઓળખાવા લાગ્યુ. માંડવીમાં શિક્ષણનું સ્તર તેમજ શિક્ષણની વિવિધલક્ષી ફેકલટી હોવાના કારણે વિધાર્થીઓની સંખ્યા ખૂબ જ મળતી હતી અને સંસ્થાનું છાત્રાલયના વિધાર્થીનું પરીણામ ખૂબ સારૂ રહેતું હતું. આ સંસ્થાનું વહીવટ કરવા માટે નિર્માણ સમિતિ, બાંધકામ સમિતિ અને હોસ્ટેલ સંચાલન

વાંઢાય

સમિતિની રચના કરવામાં આવેલ. હોસ્ટેલનો વહીવટ સુચારૂ રૂપે ચાલતો હતો આ બધા વહીવટી અહેવાલો સમાજની કારોબારી સમિતિને તેમજ સામાન્યસભાને આપવામાં આવતા વાર્ષીક હીસાબો પણ સમાજની કારોબારી અને સમાન્યસભાને આપવામાં આવતા અને મંજુર કરવામાં આવતા. સ્વતંત્ર અધિકાર સાથેની સમિતિ હોતાં સ્થાનિકે બેંક એકાઉન્ટો સમાજ દવારા નિમાયેલ સમિતીનાં નામે ખોલવામાં આવેલા ફી કે અન્ય જે પણ વહીવટ થતો તેનો વહીવટ કે ઉગરાણીઓ સ્થાનિકે સમિતી પાસે જ રાખવામાં આવતી. શરૂઆત સમિતિના વાર્ષીક હીસાબો સ્વતંત્ર રીતે સંસ્થાના ઉપપ્રમુખ જેઠા લાલજી ચોપડા દવારા તૈયાર કરવામાં આવતા અને ઓડીટર આઈ. એચ. દેસાઈ એન્ડ કંપની ભુજ પાસે ઓડીટ કરવામાં આવતા કેટલાક સમય પછી સમાજનાં ઓડીટર મહેશ અંજારીયા એન્ડ કંપની દવારા જણાવવામાં આવેલ કે આ વહીવટ સમાજની જ પેટા સમિતીનો જ હોઈ સમાજનાં વાર્ષીક હીસાબોમાં સમ્મલિત કરવા જરૂરી છે, કારણકે તે ટ્રસ્ટ એકટની જોગવાઈઓ ને અનુરૂપ ન હોવાથી ખામીયુકત જણાયેલ. જેથી આ સમિતિએ શરૂઆતથી એટલેકે ૧૯૯૧ થી ૧૯૯૭ સુધી અલગ રાખેલ હીસાબોને એકત્રીત કરી સમિતીના ઉપપ્રમુખ જેઠા લાલજી ચોપડા દવારા તૈયાર કરવામાં આવેલ જેને આઈ. એચ. દેસાઈ એન્ડ કંપની ભુજ દવારા ઓડીટ કરી સંકલીત હિસાબો સમાજના ઓડીટર મહેશ અંજારીયા એન્ડ કંપનીએ સમાજનાં ૧૯૯૭નાં વાર્ષીક હીસાબોમાં સમ્મલિત કરી દીધેલ. જે ત્યાર પછી જે પણ હીસાબી બાબતોમાં વાર્ષીક સરવૈયુ બને તેને સમાજના સરવૈયામાં સામેલ કરવામાં આવતું જેમાં માંડવીમાં આવેલ નિર્માણ સમિતીનાં હિસાબો ફંડ બાજુ ફંડ તરીકે, અને મિલકત બાજુ મિલકત તરીકે દર્શાવવામાં આવેલ છે. જેને સમાજની કારોબારી અને સામાન્યસભામા મંજુર કરવામાં આવેલ છે અને ઓડીટેડ થયેલ હીસાબો સમાજના ટ્રસ્ટીઓ દવારા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટની જોગવાઈ મુજબ ચેરીટી કમિશ્નરની કચેરી ભુજમાં રજુ કરવામાં આવતા. આ રીતે સંપૂર્ણ વહીવટી પ્રક્રિયાઓ ચાલતી આવતી. માંડવીમાં સારા શિક્ષણની સુવિધા હોતા અને ભંડોળની પણ ઉપલબ્ધી હોતાં માંડવી ખાતે કન્યા છાત્રાલયની પણ ખૂબ મોટી જરૂરીયાત જણાતા ચાલુ છાત્રાલયમાં પણ રૂમોનું વિસ્તૃતી કરણ કરવામાં આવ્યુ અને ભવિષ્યની જરૂરીયાતને નજર સમક્ષ રાખી નવી જમીન ખરીદવાનું નકકી કરેલ અને માંડવીની પશ્ચિમે જલારામનગર તરીકે ઓળખાતા વિસ્તારની અંદર વર્ષ ૧૯૯૩ અને ૧૯૯૪ માં રજીસ્ટર દસ્તાવેજથી જમીન ખરીદ કરેલ. જે દસ્તાવેજ કચ્છ કડવા પાટીદાર છાત્રાલય નિર્માણ સમિતિ, માંડવી-કચ્છ વતી ત્યાના તે વખતનાં વહીવટ કર્તા પ્રમુખશ્રી લધા વિશ્રામ પોકાર અને મંત્રીશ્રી ભવાનજી ભાણજી પટેલ ગામ બિદડા દવારા રજીસ્ટર કરવામાં આવેલ. જે માંડવી સીમનાં સર્વે નં. ૨૨૯ માં પાડવામા આવેલ બીન ખેતી ના રહેણાંકના પ્લોટો પૈકી પ્લોટ નં. ૧, ૨, ૩ અને ૪ જેનું કુલ ક્ષેત્રફળ ચો.મી ૮૦૦૯.૩૨ રૂ. એક લાખ સોળ હજારમા ખરીદ કરેલ જેનું પેમેન્ટ બેંક ઓફ ઈન્ડીયા, માંડવી શાખા દવારા કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

રકમ રૂ.	બેંક	ચેક નંબર	તારીખ

૬૬,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૩૦	૦૪-૧૦-૧૯૯૩
૧૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૪૧	૦૫-૦૧-૧૯૯૪
૧૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૪૨	૦૫-૦૧-૧૯૯૪
૧૬,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૪૩	૦૫-૦૧-૧૯૯૪
૧,૧૬,૦૦૦/- કુલ્લ			

એજ રીતે રજીસ્ટર દસ્તાવેજથી માંડવી સીમનાં સર્વે નં. ૨૨૯ માં પાડવામા આવેલ બીન ખેતી ના રહેણાંકના પ્લોટો પૈકી પ્લોટ નં. ૫, ૬ અને ૭ જેનુ કુલ ક્ષેત્રફળ ૯૨૪૧.૨૦ રૂા. એક લાખ ચોત્રીસ હાજાર રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરવામાં આવેલ જેનું પેમેન્ટ બેંક ઓફ ઈન્ડીયા, માંડવી શાખા દવારા કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

રકમ રૂા.	બેંક	ચેક નંબર	તારીખ
૬૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૨૮	૦૪-૧૦-૧૯૯૩
૬૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૨૯	૦૪-૧૦-૧૯૯૩
૧,૩૪,૦૦૦/- કુલ્લે			

આમ માંડવી સીમ ગામનાં નમુના નં. ૬ હકક પત્રકમાં બંન્ને જમીનો વેચાણ લીધાની નોંધ નં. ૧૫૭૨ મુજબ થયેલ છે. અને ઓડીટ થયેલ સમિતિનાં વાર્ષીક હીસાબોમાં સ્થાવર મિલ્કત તરીકે નોંધાયેલ છે. અને જેને આઈ. એચ. દેસાઈ એન્ડ કંપનીએ ઓડીટ કરેલ. વખતો-વખત આ હોસ્ટેલનો વહીવટ સમાજની ભલામણો મુજબ કરવામાં આવતો તેના વાર્ષીક ઉત્સવો ઉજવવામાં આવતા જેમા સમાજના હોદેદારો અને આગેવાનો હાજરી આપતા વિધાર્થીઓનાં સન્માનમાં ભાગ લેતા.

કન્યાઓના રહેવાની મુશ્કેલી માંડવીમા હોતા દિકરીઓ માટે પણ રહેવાની વ્યવસ્થા ખૂબ જરૂરી બનતા નિર્માણ સમિતિએ શહેરની પશ્ચિમ બાજુએ ખરીદ કરેલ જમીનમાં વિધાર્થીઓ માટે હોસ્ટેલ બાંધવી અને આ વિધાર્થીઓની જે હોસ્ટેલ છે તેને કન્યા છાત્રાલયમાં ફેરવવાનો નિર્ણય લીધેલ. આ માટેની દરખાસ્ત કેન્દ્રીય સમાજ પાસે મુકેલ અને કેન્દ્રીય સમાજે તે દરખાસ્તને બહાલી આપી. દાતાઓના સહકારથી ઈ.સ.૨૦૦૫ માં ખાતમુર્હત ચડાવાથી અને જેનો ચડાવો લખમશી લધા વાસાણી, દરશડી અને નારણ મનજી વેલાણી, લુડવા વાળા દવારા કરવામાં આવ્યુ. છાત્રાલયનાં નિર્માણ માટે જુદી-જુદી યોજનાઓ મુકવામાં આવી જેવી કે છાત્રાલયનાં રૂમ, ભોજનખંડ, પ્રાર્થનાહોલ, ગૃહપતિ ઓફિસ, મેનેજમેન્ટ ઓફિસ, પલંગનાં દાતાઓ, ભુમિદાન વગેરે યોજનાઓથી પૈસા એકઠા કરી ખુટતા પૈસાની લોન નખત્રાણા સમાજ પાસે લઈ અને હોસ્ટેલનું કામ પૂર્ણ કરેલ. જેમા સમગ્ર કચ્છ અને ભારત માંથી લોકોએ આર્થિક યોગદાન આપેલ. આ સંસ્થાનું નામકરણ કરવાનું નકકી થતાં આ સંસ્થાનું નામ રૂા. એકાવન લાખ આપી લખુ વિરજી

ધોળુ (દુર્ગાપુર)નું નામ સંસ્થાનાં નામ સાથે જોડી નામ આપવામાં આવ્યું જેનું નામ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત લખુ વિરજી ધોળુ (દુર્ગાપૂર) વિધાર્થી છાત્રાલય આપવામાં આવ્યું અને જુની હોસ્ટેલને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) કન્યા છાત્રાલય આપવામાં આવ્યું. અને આ રીતે માંડવી ખાતે આવેલ બન્ને છાત્રાલયનો વહિવટ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દાવા નિમાયેલ માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ માંડવી-કચ્છ દવારા સુચારુ રીતે ચાલતો રહયો. જ્યારે જ્યારે નિર્માણ સમિતિમાં ફેરફાર થતો જેની જાણ સમાજને કરવામા આવતી અને તેની બહાલી મેળવી લેવામાં આવતી એ રીતે ૨૦૧૨ સુધી વહિવટ ચાલતો રહયો. જેના વાર્ષીક હીસાબો, સરવૈયાઓ તૈયાર કરવામાં આવતા અને સમાજને મોકલી આપવામાં આવતા અને સમાજના ઓડીટર મહેશ અંજારીયા એન્ડ કંપની દવારા ઓડીટ કરવામાં આવતા અને સમાજની બીજી સમિતિઓની જેમ અહેવાલમાં છાપી અહેવાલો સમાજના આજીવન સભ્યોને મોકલવામા આવતા અને તેની બહાલી અને મંજુરી કારોબારી સમિતિ અને સામાન્યસભામાં મેળવવામાં આવતી. અને પબ્લીક ટ્રસ્ટનાં કાયદા મુજબ ચેરીટી કમિશ્નરની કચેરીમાં દર વર્ષે ટ્રસ્ટીની સહીથી રજુ કરવામાં આવતા. સમિતિના વહીવટના ટીડીએસ, બાંધકામનું ટીડીએસ વગેરે સમાજના પાન નંબર થી ઈન્કમટેક્ષનાં કાયદા મુજબ ભરવામાં આવતા. આ બન્ને છાત્રાલયોના ગેસ કનેકશન, પાણી કનેકશન, ઈલેક્ટ્રીક કનેકશન, ટેલીફોન કનેકશન વગેરે સમાજનાં નામે મેળવવામાં આવેલ છે અને જેનો અહેવાલ વખતો વખત સમાજની કારોબારી અને સમાન્યસભામાં કરવામાં આવે છે.

(૩) **પાટીદાર સર્વોદય ટ્રસ્ટ માંડવીની રચનાનો અહેવાલ** : સને ૨૦૦૮ માં માંડવી ખાતે આવેલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ નિર્માણ સમિતીનાં કેટલાક ભાઈઓ તરફથી અલગ ટ્રસ્ટ રજીસ્ટર કરવાની હિલ-ચાલ થયેલ પણ સમિતીનાં ઘણા બધા સભ્યોનો સુચન અલગ ટ્રસ્ટ ન બનાવવાનું અને સમિતીમાં વધારે લોકોનો સમાવેશ કરી વહીવટ કરતા રહેવાનું નિર્ણય થયેલ એ મુજબ છાત્રાલયોનો વહીવટ નિર્માણ સમિતી દવારા થતો રહયો. અમારી પાસે ઉપલબ્ધ માહિતી મુજબ સમિતીનાં કેટલાક સભ્યો દવારા સને ૨૦૧૧માં અલગ ટ્રસ્ટ બનાવવાની હિલ-ચાલ શરૂ થયેલ અને તેઓ શ્રી દવારા ટ્રસ્ટ બનાવવાની પ્રક્રિયા શરૂ થયેલ અને જરૂરી સ્ટેમ્પ પેપર પાટીદાર સર્વોદય ટસ્ટનાં નામે તા.૧૩-૦૪-૨૦૧૧ નાં ખરીદ કરવામાં આવેલ અને તા.૧૬-૦૫-૨૦૧૧ માં ટ્રસ્ટ નોંધણી માટે સોગંદનામું કરવામાં આવેલ જેને નોટરી પબ્લીક કીર્તિભાઈ માંડલીયા, માંડવી-કચ્છ દવારા નોટરીયલ રજીસ્ટર કરવામાં આવેલ જે નીચે મુજબ છે.

ક્રમ	નામ	રજી. નં.	તારીખ
૧	શામજી હરજી સેઘાંણી	૧૬૩૭	૧૬-૦૫-૨૦૧૧
૨	ધનજી ગોવિંદ સેઘાંણી	૧૬૩૮	૧૬-૦૫-૨૦૧૧
૩	શીવદાસ ગોવિંદ છાભૈયા	૧૬૩૯	૧૬-૦૫-૨૦૧૧

૪	લધા વિશ્રામ પોકાર	૧૬૪૦	૧૬-૦૫-૨૦૧૧
૫	લખમશી લધા વાસાણી	૧૬૪૧	૧૬-૦૫-૨૦૧૧
૬	મેઘજીભાઈ જેઠા રામજીયાણી	૧૬૪૨	૧૬-૦૫-૨૦૧૧
૭	ભવાનજી ભાણજી રામાણી	૧૬૪૩	૧૬-૦૫-૨૦૧૧
૮	ભવાનજી નારણ સેઘાણી	૧૬૪૪	૧૬-૦૫-૨૦૧૧
૯	શાંતીલાલ પેથા ચૌધરી	૧૭૬૮	૦૬-૦૬-૨૦૧૧

આમ, ઉપરોક્ત ૯ (નવ) ટ્રસ્ટીઓની એફીડેવીટ કરવામાં આવેલ.

અમારી પાસે ઉપલબ્ધ થયેલ પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં બધારણની નકલ મુજબ તા.૧૬-૦૫-૧૧નાં રોજ સામાન્યસભામાં સર્વાનુમતે બંધારણ પસાર કરવામાં આવેલ છે અને તે બંધારણની નકલમાં પ્રથમ ટ્રસ્ટીઓનાં નામો અને તેમની સહીઓ કરવામાં આવેલ છે. એફીડેવીટમાં એવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે, પાટીદાર સર્વોદય ટ્રસ્ટ, માંડવીને સાર્વજનીક ટ્રસ્ટ તરીકે નોંધવા શારૂ નોંધણી અરજી કરેલ છે અને આ નોંધણી અરજીમાં જણાવેલ બધી વિગતો સાચી છે. આ નોંધણી અરજી સાથે રજુ થયેલ આધારો સાચા અને બરાબર છે. જે ધર્મની પ્રતિજ્ઞા ઉપર સોગંદપૂર્વક જાહેર કરું છું તેવુ જણાવેલ છે.

લવાદપંચ પાસે રજુ થયેલ દસ્તાવેજો મુજબ ચેરીટી કમિશ્નર પાસે સાર્વજનિક ટ્રસ્ટની નોંધણી માટે અરજી નં. ૨૦૧૨૨ તા.૧૦ જાન્યુઆરી ૨૦૧૨ માં ભુજ-કચ્છની કચેરીમાં જરૂરી આધારો સાથે કરવામાં આવેલ છે. આ અરજી ફોર્મ પર તા.૨૦-૦૧-૧૨ નાં ચેરીટી કમિશ્નરે હુકમ કરેલ છે અને એમા લખેલ છે કે, રજુ થયેલ બંધારણમાં એક સહી ઓછી છે સોગંદનામાં અસલ રજુ થયેલ નથી.

ઉપર જણાવેલ ટ્રસ્ટીઓની યાદી પૈકી એક ટ્રસ્ટી શ્રી લખમશી લધા વાસાણીનું તા.૨૩-૦૭-૨૦૧૧ માં અવસાન થયેલ હતુ. જેના કારણે તા.૧૦-૦૧-૨૦૧૨ નાં તેમની સહી ઓછી હતી તેવુ જણાય છે. દસ્તાવેજોની ચકાસણી કરતા માલુમ પડેલ કે, તા.૧૬-૦૫-૧૧ ના કરેલ સોગંદનામાંમા સહિ સાચી છે અને સોગંદનામાં મુજબ ત્યારે ટ્રસ્ટ રજીસ્ટ્રેશન માટે અરજી થયેલ નથી. તેમના બંધારણમાં જણાવ્યા મુજબ એમની સામાન્યસભા તા.૧૬-૦૫-૧૧ ના રોજ મળેલ મિટીંગની હાજરી બુકની કોપી અને એમને કરેલ સોગંદનામું જે એક જ દિવસે કરેલ હોઈ તેમ છતાં બંને સહીઓ જુદી જ કરવામાં આવેલ છે. અને હાજરી પત્રકમાં સહી અંગ્રેજી ભાષામાં કરવામાં આવેલ છે. ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં કરવામાં આવેલ અરજી તા.૧૦-૦૧-૨૦૧૨ ના રોજ અરજી વખતે લખમશી લધાનું અવસાન થયેલ હોઈ સહી બાકી રહેલ હતી એવુ જણાય છે. પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં બંધારણને તા.૧૬-૦૫-૨૦૧૧ ના સમાન્યસભામાં પાસ કરવામાં આવેલ છે અને આ બંધારણની કોપી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં તા.૧૦-૦૧-૨૦૧૨ માં રજુ થયેલ બંધારણની કોપીમાં લખમશી લધાની સહી જુદી જ જણાયેલ છે. જે અંગ્રેજી ભાષામાં કરેલ છે અને એમની કરેલ એફીડેવીટથી જુદી પડે છે. આ રીતે ટ્રસ્ટની નોંધણી વખતે ખામીઓ રહેલ છે જેનો

વાંઢાય

હુકમ તા.૨૦-૦૧-૨૦૧૨ ના થયેલ અને તે દિવસે આ ખામીની પૂર્તતા થતા તા.૨૦-૦૧-૨૦૧૨ ના હુકમ મુજબ ટ્રસ્ટની નોંધણી થયેલ છે. જેના ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. એ/૧૮૬૮ તા.૨૦-૦૧-૨૦૧૨ ના રોજ ટ્રસ્ટની નોંધણી થયેલ છે. અને આ નોંધાયેલ ટ્રસ્ટને ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં અરજી નં. ૧૧/૦૧૨ વાળાથી પીટી એન્ટ્રીમાં નોંધ કરવામાં આવેલ છે. ત્યારે ટ્રસ્ટીશ્રી લખમશી લધા વાસાણીનું અવસાન થયેલ હોવા છતાં એમને ટ્રસ્ટી તરીકે નોંધણી રજીસ્ટરમાં તરીકે જીવીત બતાવી નોંધ કરવામાં આવેલ છે. જે ગેરકાયદેસર કૃત્ય તરીકે ગણી શકાય. આ નોંધણીની બધી જ પ્રક્રીયા શીવદાસ ગોવિંદ છાભૈયા દવારા કરવામાં આવેલ છે. જેઓ વર્ષો સુધી સમાજનાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપેલ છે. ટ્રસ્ટનું બંધારણ તા.૧૬-૦૫-૧૧ ના પાસ કરવામાં આવેલ છે અને નામ નકકી કરવામાં આવેલ છે પરંતુ એના માટે જરૂરી સોગંદનામાંના સ્ટેમ્પ પેપર તા.૧૩-૦૪-૨૦૧૧ ના રોજ ખરીદ કરવામાં આવેલ છે. જે પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં નામકરણથી પહેલા ખરીદવામાં આવેલ છે. જે નિયમ મુજબ ન ધણી શકાય પ્રથમ નામ નકકી થાય ત્યાર બાદ જ સ્ટેમ્પ પેપર ખરીદી શકાય (જન્મથી પહેલા નામ નકકી થાય નહી.) અવશાન પછી કોઈપણ વ્યકિત હોદો કે ટ્રસ્ટીપદ કે સંસ્થાની નોંધણીમાં કયાય પણ નોંધી શકાય નહી અને આ રીતે નોંધાયેલ ટ્રસ્ટની નોંધણી કેટલી અંશે વ્યાજબી ગણાય? ત્યાર બાદ તા.૦૬-૦૭-૨૦૧૨ના સોગંદનામાંથી તેમણે ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીને આંક નં. ૫ થી જણાવેલ છે કે, (૧) હું પાટીદાર સર્વોદય ટ્રસ્ટ રજી. નં. ૧૮૬૮ કચ્છ ની ટ્રસ્ટી છું. (૨) આ સંસ્થાનાં ટ્રસ્ટીશ્રી મેઘજી જેઠા રામજીયાણી મારફતે સ્થાવર મિલકત સર્વે નં. ૨૨૯ પ્લોટ નં. ૧ થી ૭ ઉમેરવા અંગેનો ફેરફાર રિપોર્ટ નં. ૧૨૨-૧૨ ડેપ્યુટી કમિશ્નરશ્રી ભુજ ની કચેરીએ તા.૧૦-૦૧-૨૦૧૨ રોજ રજુ થયેલ છે. (૩) શ્રી કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ નિર્માણ સમિતિ માંડવી-કચ્છનો હું વહીવટકર્તા તથા સભ્ય છું. આ સમિતિ બોમ્બે પબ્લીક ટ્રસ્ટ કાયદા ૧૯૫૦ કે ઈન્ડીયન સોસાયટી એકટ ૧૮૬૦ હેઠળ અત્રેની કચેરીએ કે બીજી ચેરીટી કચેરીએ નોંધાયેલ નથી તેની ખાત્રી આપુ છું. અને ફેરફાર રિપોર્ટમાં જણાવેલ સ્થાવર મિલકત સર્વે નં. ૨૨૯ તેનાં પ્લોટ નં. ૧ થી ૭ બાબતે કોઈ તકરાર વાંધા અરજી અત્રેની કચેરીએ કે બીજા કોઈ ચેરીટી, સરકારી કચેરીએ કે કોર્ટ સમક્ષ ચાલુમાં નથી કે પેડીંગ નથી. આ બાબતે કયારેય વાંધા કે તકરાર નથી. એવુ તા.૦૬-૦૭-૨૦૧૨નાં કરેલ સોગંદનામાંમા જણાવેલ છે. જેની ઓળખાણ આઈ. એચ. દેસાઈ દવારા આપવામાં આવેલ છે. શીવદાસ ગોવિંદ પટેલ વર્ષોથી સમાજનાં ટ્રસ્ટી તરીકે સેવા આપેલ છે. સમાજનાં વાર્ષીક ઓડિટેડ થયેલ હિસાબો ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં ટ્રસ્ટીઓની સહિથી રજુ કરવામાં આવેલ છે. જે મુજબ વર્ષ ૨૦૦૧, વર્ષ ૨૦૦૨, વર્ષ ૨૦૦૩, વર્ષ ૨૦૦૪, વર્ષ ૨૦૦૫, વર્ષ ૨૦૦૬, વર્ષ ૨૦૦૭ અને વર્ષ ૨૦૧૦ ના વાર્ષીક ઓડીટેડ અહેવાલોમાં ટ્રસ્ટી તરીકે સહિ કરી રજુ કરેલ છે. આ રજુ થયેલ હિસાબોમાં માંડવીમાં આવેલ તકરાર વાળી મિલકત પણ શરૂઆતથી નોંધાયેલ છે. અને ટ્રસ્ટીશ્રી શીવદાસભાઈ ગોવિંદ છાભૈયા દવારા નોંધાવેલ હિસાબોમાં પણ આવી ગયેલ છે. જે તેમની સંપૂર્ણ જાણકારી મુજબ જ હોય

છે. પરંતુ પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં પીટી એન્ટ્રીમાં દાખલ કરવા કરેલ સોગંદનામાંમા આ મિલકત કે માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ ટ્રસ્ટ એકટ ૧૯૫૦ના કાયદા મુજબ કયાય નોંધાયેલ નથી. કે મિલકત અન્ય કોઈ નથી એવુ જણાવેલ છે. હકીકતમાં ઉપર જણાવ્યા મુજબનાં વર્ષોમાં તેમની જ સહિથી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ટ્રસ્ટ નં. એ-૮૨૮ કચ્છ માં નોંધાવેલ છે. તેમ છતાં તેમણે ગેરમાર્ગે દોરી આ મિલકત પાટીદાર સર્વોદય ટ્રસ્ટ નં. ૧૮૬૮ કચ્છનાં પીટી એન્ટ્રીમાં નોંધાવેલ છે. જે પાછળથી રદ થયેલ છે.

(૪) માંડવી ખાતે આવેલ લખુ વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલયની મિલકતનો વિવાદનો અહેવાલ : તા.૨૮-૦૮-૯૧ ની કચ્છ કડવા પાટીદાર સમાજ સામાન્યસભામાં માંડવી ખાતે શિક્ષણનું કામ કરવા માટે એક સમિતીનું ગઠન કરવામાં આવેલ જેનું નામ કચ્છ કડવા પાટીદાર સમાજ વિધાર્થી છાત્રાલય નિમાર્ણ સમિતી માંડવી-કચ્છ આપવામાં આવેલ અને તે સમિતીનાં નામોને બહાલી આપવામાં આવેલ અને હોદેદારો નકકી કરવામાં આવેલ જે નીચે મુજબ છે.

(૧) લધાભાઈ વિશ્રામ પટેલ - પ્રમુખ
(૨) જેઠાલાલ લાલજી પટેલ-ઉપપ્રમુખ
(૩) નારણ રામજી પટેલ - ઉપપ્રમુખ
(૪) દામજી દેવશી વેલાણી-ઉપપ્રમુખ
(૫) ભવાનજી ભાણજી રામાણી - મંત્રી
(૬) નારણ રતનશી છાભૈયા
(૭) ધનજી પુજા પટેલ
(૮) કરશન વાલજી વેલાણી
(૯) નારણ મનજી વેલાણી
(૧૦) નારણ ભાણજી પટેલ
(૧૧) મેઘજી રતનશી પટેલ
(૧૨) સામજી હરજી પટેલ
(૧૩) લખમશી લધાભાઈ પટેલ
(૧૪) માધવજી ભાણજી પટેલ
(૧૫) દેવજી વિશ્રામ પટેલ
(૧૬) પરસોતમ મનજી પટેલ
(૧૭) કરશન દેવજી પટેલ
(૧૮) રવજી લાલજી પટેલ
(૧૯) અરજણ લાલજી પટેલ
(૨૦) રવજી રામજી પટેલ
(૨૧) મેઘજી જેઠા પટેલ
(૨૨) ધનજી ગોવિંદ પટેલ
(૨૩) સોમજી નાનજી પટેલ
(૨૪) હંસરાજ દેવજી પટેલ
(૨૫) રતનશી લાલજી પટેલ
(૨૬) ભીમજી વિશ્રામ પટેલ
(૨૭) ગોવિંદ અબજી પટેલ
(૨૮) દેવજી વાલજી પટેલ

સલાહકાર :

(૧) શિવદાસ ગોવિંદ પટેલ
(૨) ડો. વાલજી હંસરાજ પટેલ
(૩) દામજી પ્રેમજી પટેલ

બાંધકામ સમિતિ :

(૧) જેઠાલાલ લાલજી પટેલ
(૨) ધનજી પુંજા પટેલ

વાંઢાય

(૩) ગોવિંદ અબજી પટેલ (૪) શાન્તીલાલ પ્રેમજી પટેલ
(૫) નારણ ભાણજી પટેલ (૬) કરશન દેવજી પટેલ

આ સમિતીએ માંડવીમાં આવેલ સમાજવાડીની જગ્યામાં નવી હોસ્ટેલ બાંધવાનું શરૂ કરેલ અને જુદી-જુદી યોજના દવારા સમાજ માંથી દાન એકત્રીત કરેલ. અને હોસ્ટેલનું બાંધકામ પૂર્ણ કરેલ. ઉદઘાટન કાર્યક્રમ યોજી સમાજમાં નકકી થયા પ્રમાણે હોસ્ટેલનું નામકરણ કરવા મિટીંગ બોલાવેલ અને જાહેર ચડાવાથી નામકરણ કરતા આ હોસ્ટેલનો ચડાવો નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) વાળા ઉંચી બોલી બોલી રૂા.૧૧,૧૧,૧૧૧ આપી નામકરણનો ચડાવો લીધેલ અને સંસ્થાનું નામકરણ થયેલ. સમિતી પાસે શારૂ એવુ વધારાનું ભંડોળ એકત્ર થતા ભવિષ્યની નજર સમક્ષ રાખી આ વધેલી રકમ માથી માંડવીની પશ્ચિમ દિશાએ જલારામનગર તરીકે ઓળખાતા વિસ્તારમાં બે રજીસ્ટર દસ્તાવેજથી કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ નિર્માણ સમિતી દવારા તેમના બેંક એકાઉન્ટથી બે મિલકત ખરીદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

માંડવી સીમનાં સર્વે નં. ૨૨૯ માં પાડવામા આવેલ બીન ખેતી ના રહેણાંકના પ્લોટો પૈકી પ્લોટ નં. ૫, ૬ અને ૭ જેનુ કુલ ક્ષેત્રફળ ૯૨૪૧.૨૦ રૂા. એક લાખ ચોત્રીસ હાજાર રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરવામાં આવેલ જેના દસ્તાવેજ રૂા.૧૮૭૬૦ નાં સ્ટેમ્પ પેપર પર કરવામાં આવેલ છે. અને આ સ્ટેમ્પ પેપર શ્રી કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ (છાત્રાલય) નિર્માણ સમિતિ માંડવી-કચ્છનાં નામે ખરીદ કરવામાં આવેલ છે. જેનું પેમેન્ટ બેંક ઓફ ઈન્ડીયા, માંડવી શાખા દવારા કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

રકમ રૂા.	બેંક	ચેક નંબર	તારીખ
૬૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૨૮	૦૪-૧૦-૧૯૯૩
૬૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૨૯	૦૪-૧૦-૧૯૯૩
૧,૩૪,૦૦૦/- કુલ્લે			

એજ રીતે માંડવી સીમનાં સર્વે નં. ૨૨૯ માં પાડવામા આવેલ બીન ખેતી ના રહેણાંકના પ્લોટો પૈકી પ્લોટ નં. ૧, ૨, ૩ અને ૪ જેનું કુલ ક્ષેત્રફળ ચો.મી ૮૦૦૯.૩૨ રૂા. એક લાખ સોળ હજારમા રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ જેનું દસ્તાવેજ રૂા.૧૬૨૫૦નાં સ્ટેમ્પપેપર પર કરેલ છે. અને આ સ્ટેમ્પ પેપર શ્રી કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ (છાત્રાલય) નિર્માણ સમિતિ માંડવી-કચ્છનાં નામે ખરીદ કરવામાં આવેલ છે. જેનું પેમેન્ટ બેંક ઓફ ઈન્ડીયા, માંડવી શાખા દવારા કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

રકમ રૂા.	બેંક	ચેક નંબર	તારીખ
૬૬,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૩૦	૦૪-૧૦-૧૯૯૩
૧૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૪૧	૦૫-૦૧-૧૯૯૪
૧૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૪૨	૦૫-૦૧-૧૯૯૪

વાંઢાય

૧૬,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૪૩	૦૫-૦૧-૧૯૯૪
૧,૧૬,૦૦૦/- કુલ્લ			

આ ખરીદેલ જમીન પર વર્ષ ૨૦૦૫માં નવી હોસ્ટેલ બાંધવાની જરૂરીયાત ઉભી થતાં હોસ્ટેલ બાંધવાનું કામ શરૂ કરવામાં આવેલ અને વર્ષ ૨૦૦૭માં એ કાર્ય પૂર્ણ થતાં તેનું સમાજ દવારા તેનું ઉદઘાટન કરવામાં આવ્યું અને તેનું નામકરણ કરતા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત લખુ વિરજી ધોળુ (દુર્ગાપૂર) વિદ્યાર્થી છાત્રાલય નામ આપવામા આવ્યું. અને અગાઉ બાંધવામાં આવેલ હોસ્ટેલને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સંચાલિત નાનજી વિરજી ધોળુ (દુર્ગાપૂર) કન્યા છાત્રાલય નામ આપવામાં આવ્યું.

આ રીતે બંને છાત્રાલયનો વહીવટ નિર્માણ સમિતિ દવારા વર્ષ ૨૦૧૨ સુધી સમાજનાં માર્ગદર્શન નીચે ચાલતું રહયું. અને સમાજનાં વાર્ષીક હિસાબો અને અહેવાલોમાં દર્શાવવામાં આવેલ. તા.૧૦-૦૨-૨૦૧૨ ની માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની એક મિટીંગ મળેલ હતી એવુ દર્શાવવામાં આવેલ હતું અને માંડવી ખાતે આવેલી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સંચાલિત લખુ વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલયની મિલકત ઠરાવ કરી શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ નોંધણી નંબર ૧૮૬૮ કચ્છ ને તબદીલ કરવી અને તબદીલ કરવાનું ઠરાવ કરવામાં આવ્યો અને આ ઠરાવનાં આધારથી ઉપરોક્ત મિલકત રેવન્યુ રેકર્ડમાં અને નગરપાલિકાનાં રેકર્ડ પર ટ્રાન્સફર કરી નાખેલ અને રેવન્યુ રેકર્ડમાં અગાઉ એન્ટ્રી નંબર ૧૫૭૨ જે હોસ્ટેલ નિર્માણ સમિતિનાં નામે હતી તે નામ બદલી એન્ટ્રી નંબર ૩૫૮૨ થી પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં નામે તબદીલ કરી નાખેલ. સાથે-સાથે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ નિર્માણ સમિતી માંડવીનાં બેંક એકાઉન્ટ પણ પોતાના હસ્તક લઈ લીધેલ. આ તમામ પ્રક્રિયામાં સમાજની કે ચેરીટી કમિશ્નરશ્રીની કોઈ પૂર્વ મંજુરી લીધેલ નથી અને મિલકત ટ્રાન્સફર કરી નાખવા પછી પણ આ અંગેથી જાણ સમાજને કે ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીએ કરવામાં આવેલ નથી. અને તા.૩૧-૦૩-૧૨ નાં રોજ પુરા થતાં વર્ષનાં વાર્ષીક હિસાબો પણ સમાજને અગાઉ મોકલવામાં આવતા હતા પણ મિલકત ટ્રાન્સફર થયા પછી મોકલવામાં આવેલ નથી. અને ત્યારથી આ મિલકતનો વિવાદ શરૂ થયેલ છે.

(૫) સમાજ દવારા આ મિલકત પરત મેળવવા થયેલ કાર્યવાહી : સમાજને આ મિલકત પાટીદાર સર્વોદય ટ્રસ્ટને તબદીલ થઈ ગયાની જાણ થતાં તેમણે તેમના એડવોકેટ યોગેશ ડી. ભંડારકર મારફત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતીનાં તમામ ૩૮ સભ્યોને પત્ર તા.૧૧-૦૯-૨૦૧૧ વાળા પત્રથી લેખિત નોટીસ આપી આ મિલકત ૪ દિન માં પરત કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ નિર્માણ સમિતી માંડવીનાં નામે કરી આપવા જાણ કરવામાં આવેલ જે નામો આ મુજબ છે. (૧) શ્રી મેઘજીભાઈ જેઠાભાઈ રામજીયાણી-મુંબઈ, (૨) શ્રી શામજીભાઈ હરજી સેંઘાણી-મુંબઈ, (૩) શ્રી ધનજીભાઈ ગોવીંદ સેંઘાણી-રાજપર, (૪)

વાંઢાય

શ્રી શામજીભાઈ નારાણ નાકરાણી-મુંબઈ, (૫) શ્રી ભવાનજી ભાણજી રામાણી-બીદડા, (૬) શ્રી શીવલાલ લખમશી વાસાણી-મુંબઈ, (૭) શ્રી પરસોતમ મનજી વેલાણી-મુંબઈ, (૮) શ્રી શાંતીલાલ પેથાભાઈ ચૌધરી-માંડવી, (૯) શ્રી નારાણભાઈ મનજી વેલાણી-મુંબઈ, (૧૦) શ્રી નથુરામ ધનજી સેંઘાણી-મુંબઈ, (૧૧) શ્રી ધનજીભાઈ પુંજા લીંબાણી-દરશડી, (૧૨) શ્રી ગોવિંદભાઈ અબજી સેંઘાણી-દુર્ગાપુર, (૧૩) શ્રી હંસરાજભાઈ દેવજીભાઈ ધોળુ-ભુજ, (૧૪) શ્રી શીવદાસ ગોવિંદ છાભૈયા-ભુજ, (૧૫) શ્રી કરશનદાસ વાલજી વેલાણી-ભુજ, (૧૬) શ્રી રતનશી લાલજી વેલાણી-દુર્ગાપુર, (૧૭) શ્રી રવજીભાઈ લાલજી રામજીયાણી-મુંબઈ, (૧૮) શ્રી કાંતીલાલ ભાણજી દડગા-મમાયમોરા, (૧૯) શ્રી શાંતીલાલ પ્રેમજી દિવાણી-રાયણ મોટી, (૨૦) શ્રી દામજીભાઈ પ્રેમજી ધોળુ-ભુજ, (૨૧) શ્રી નારાણભાઈ ખીમજી ચૌહાણ-દુજાપર, (૨૨) શ્રી અબજીભાઈ કરમશી ધોળુ-ગાંધીનગર, (૨૩) શ્રી હરીલાલ નારાણ ધોળુ-માંડવી, (૨૪) શ્રી હીરાલાલ માવજી સેંઘાણી-મુંબઈ, (૨૫) શ્રી રવીલાલ કેશરા રામજીયાણી-મુંબઈ, (૨૬) શ્રી ધનજીભાઈ શીવગણ રૂડાણી-મુંબઈ, (૨૭) શ્રી રવજીભાઈ રામજી ચોપડા-મુંબઈ, (૨૮) શ્રી કાંતીલાલ નારાણ સેંઘાણી-મુંબઈ, (૨૯) શ્રી રતનશી રવજી ધોળુ-મુંબઈ, (૩૦) શ્રી પરસોતમભાઈ વિશ્રામ વાસાણી-નાની વિરાણી, (૩૧) શ્રી નાનજીભાઈ કરશન પારસીયા-ભરૈયા, (૩૨) શ્રી માણીલાલ કરશન દિવાણી-મુંબઈ, (૩૩) શ્રી કેશવલાલ ધનજી પારસીયા-ભુજ, (૩૪) શ્રી વાડીલાલ કરશન પોકાર-ભુજ, (૩૫) શ્રી જયેશ સોમજી છાભૈયા-ભુજ, (૩૬) શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર-મુંબઈ, (૩૭) શ્રી જેઠાલાલ લાલજી ચોપડા-ભુજ, (૩૮) શ્રી નારાણભાઈ રામજી પોકાર-ભુજ. આ મિલકત ટ્રાન્સફર કરવા માટે નિર્માણ સમિતીની એક સામાન્યસભા મળેલ અને તેમાં હાજર રહેલ સભ્યોએ સર્વસંમતિથી આ મિલકત પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં નામે તબદીલ કરવા નિર્ણય લીધેલ એવું બતાવવામાં આવેલ છે પરંતુ આ અંગે ઘણા સભ્યોને તેની જાણ પણ ન હતી અને આવો નિર્ણય લેવાયો હોય તેની ખબર પણ ન હોવાથી આ નોટિસનો જવાબ આપેલ. જેના અનુસંધાને ઘણા બધા નિર્માણ સમિતીનાં સભ્યો દવારા એવું સ્પષ્ટ જણાવેલ કે અમોને આ મિલકત ટ્રાન્સફર થવાની મિટીંગ કે આવી મિલકત પાટીદાર સર્વોદય ટ્રસ્ટને તબદીલ કરવાની જાણ નથી અને અમારૂ સ્પષ્ટ માનવુ છે કે આ મિલકત ફરીથી સમાજની નિર્માણ સમિતીનાં નામે તબદીલ કરી આપવી જોઈએ અને આવુ સમાજ વિરૂધ્ધનું ગુન્હાહિત કૃત્ય કરેલ નથી. અને તેમાં સહકાર પણ આપેલ નથી. જે સભ્યોએ નોટિસનો જવાબ આપેલ તેની યાદી આ મુજબ છે. (૧) નારાણ રામજી પટેલ, (૨) જેઠા લાલજી પટેલ, (૩) હંસરાજ દેવજી પટેલ, (૪) શાંતિલાલ પ્રેમજી દિવાણી, (૫) ધનજી શીવગણ રૂડાણી (૬) રવીલાલ કેશરા રામજીયાણી, (૭) ધનજી પુંજા લીંબાણી, (૮) રવજી રામજી ચોપડા, (૯) દામજી પ્રેમજી ધોળુ, (૧૦) ભવાનજી ભાણજી રામાણી, (૧૧) વાડીલાલ કરશન પોકાર (૧૨) લધા વિશ્રામ પોકાર વગેરે દવારા આ મિલકત સમાજને પરત ટ્રાન્સફર કરી આપવા સંમતિ બતાવેલ બાકીના સભ્યો દવારા આ બાબતે કોઈ પ્રતિઉતર ન મળતા અને નિર્માણ સમિતીનાં જેતે વખતનાં પ્રમુખ મેઘજી

જેઠાએ તેમના પત્રથી આ મિલકત સમાજને પરત નહી કરવામાં આવે અને અમો આ મિલકતનાં કાયદેસરનાં માલિક છીએ એવું જણાવેલ. જેથી સમાજે આ મિલકત પરત મેળવવા સરકારશ્રીનાં જુદા-જુદા ખાતમાં કાયદેસરની કાર્યવાહી શરૂ કરેલ.

લવાદપંચ દવારા કરવામાં આવેલ કાર્યવાહી : લવાદપંચે નીચે મુજબની કાર્યવાહી કરેલ.

(૧) તા.૧૩-૦૬-૨૦૧૭ નાં પત્રથી બન્ને પક્ષોને પોતાના અભિપ્રાયો, ઉકેલ માટેની ફોરમ્યુલોઓ કે દરખાસ્ત તા.૨૫-૦૬-૨૦૧૭ સુધી લવાદપંચ સમક્ષ લેખિતમાં મોકલી આપવા પત્ર દવારા જાણ કરવામાં આવી. આ દરમ્યાન સમાજ દવારા તેમના પત્ર તા.૧૫-૦૬-૨૦૧૭ નાં પત્ર ક્રમાંક ૩૩૯ થી વધારાનાં બે નામ ઉમેરવા રજુઆત થયેલ જેને પંચ દવારા સ્વીકારવામાં આવેલ નહી. અને તેમના તા.૧૬-૦૬-૨૦૧૭નાં પત્રથી જાણ કરવામાં આવી કે નવા નામો ઉમેરી શકાશે નહીં પરંતુ જુના સાત નામોમાં ફેરફાર કરી શકાશે તેવો પત્રથી જાણ કરવામાં આવી. અને જે દરખાસ્ત મુજબ સમિતીનાં નામોમાં ફેરફાર કરવામાં આવી. અગાઉ પત્રથી બંને પક્ષોકારો પાસેથી લેખિતમાં રજુઆત કે દરસ્ખાત મોકલી આપવા જણાવેલ જે મુજબ સમાજ દવારા તા.૨૩-૦૬-૨૦૧૭ નાં પત્રથી સમાજ દવારા મડાગાંઠનાં ઉકેલ માટે પોતાની દરખાસ્ત મોકલી આપી અને વધારાની રજુઆત તા.૩૦-૦૬-૨૦૧૭ સુધી મોકલી આપવાની પત્ર દવારા જાણ કરવામાં આવી.

લવાદપંચને બંને પક્ષોએ પોતાની દરખાસ્તો, અભિપ્રાયો કે ઉકેલ માટેની ફોરમ્યુલાઓ તા.૨૫-૦૬-૨૦૧૭ સુધી મોકલવાની હતી. પણ પાટીદાર સર્વોદય ટ્રસ્ટ તરફથી કોઈ પ્રતિઉતરો મળેલ ન હોતાં પંચ દવારા પત્ર લખી તા.૦૫-૦૭-૨૦૧૭ સુધી આવી ફોરમ્યુલાઓ મોકલી આપવા જાણ કરવામાં આવી. સમાજે તેમના તા.૨૯-૦૬-૨૦૧૭ ના પત્રથી પોતાની વિસ્તૃત રજુઆત અને ફોરમ્યુલા લવાદપંચને આપવામાં આવી. અગાઉ પાટીદાર સર્વોદય ટ્રસ્ટને લખેલ પત્રના અનુસંધાને તા.૦૪-૦૭-૨૦૧૭ નાં પત્રથી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ દવારા જાણ કરવામાં આવી કે લવાદપંચ સમક્ષ સંયુકત મિટીંગમાં અમારા પ્રતિનિધીઓ હાજર રહી ખુલાસા કરશે. પણ પંચો વચ્ચે થયેલ ચર્ચા મુજબ લેખિતમાં જ દરખાસ્તો મોકલવાની રહેશે એવુ નકકી થયેલ જેના અનુસંધાને તા.૧૩-૦૭-૨૦૧૭ નાં પત્રથી પાટીદાર સર્વોદય ટ્રસ્ટને દરખાસ્તો મોકલવા માટેની તા.૨૦-૦૭-૨૦૧૭ સુધી લેખીત રજુઆતો મોકલી આપવા ફરી જાણ કરી. તેમ છતાં પાટીદાર સર્વોદય ટ્રસ્ટની દરખાસ્તો ન મળતા તા.૨૨-૦૭-૨૦૧૭નાં પત્રથી લવાદપંચે ફરીથી તા.૨૭-૦૭-૨૦૧૭ સુધી દરખાસ્ત મોકલવા જાણ કરવામાં આવી. તા.૨૭-૦૭-૨૦૧૭ નાં પત્રથી તથા ફોન દવારા પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં પતિનીધી શ્રી નારણ ખીમજી ચૌહાણને જણાવવામાં આવેલ કે લેખિતમાં તા.૩૧-૦૭-૨૦૧૭ સુધી તમારી સ્પષ્ટ દરખાસ્તો, રજુઆતો કે ઉકેલ માટેની ફોરમ્યુલાઓ મોકલી આપવાની જાણ કરવામાં આવી અને ત્યાર પછી જ લવાદપંચની મીટીંગ મળશે એવી તાકીદ કરવામાં આવી. તા.૨૮-૦૭-૨૦૧૭ નાં પત્રથી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ દવારા મૌખિકમાં જ લવાદપંચ પાસે રજુઆત કરવામાં આવશે એવું પત્રથી જાણ કરવામાં આવ્યું.

વાંઢાય

જેથી લવાદપંચે તેમના તા.૨૯-૦૭-૨૦૧૭ નાં પત્રથી તા.૦૩-૦૮-૨૦૧૭ ના રોજ લવાદપંચની મિટીંગ મળશે અને બંને પક્ષનાં સાત-સાત પ્રતિનિધી પોતાની રજુઆતો લેખિત લાવી હાજર રહે એવી જાણ કરવામાં આવેલ. જેનાં અનુસંધાને તા.૦૪-૦૮-૨૦૧૭ નાં રોજ સવારનાં ૧૧:૦૦ કલાકે લવાદપંચ ના પ્રમુખ શ્રી હંસરાજભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય ખાતે લવાદપંચની મીટીંગ મળેલ જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

પંચના સભ્યશ્રીઓ (૧) હંસરાજભાઈ દેવજી પટેલ, (૨) જેઠાભાઈ લાલજી ચોપડા, (૩) કરશનભાઈ શામજી સેંઘાણી, (૪) કરશનભાઈ લધા દિવાણી, (૫) ગંગારામ શીવદાસ રામાણી ની હાજરીમાં એવું નકકી કરવામાં આવ્યું કે, પાટીદાર સર્વોદય ટ્રસ્ટ માંડવીના સમિતિના સભ્યશ્રીઓ અને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની નિયુકત કરેલ સમિતિના સભ્યશ્રીઓને રૂબરૂ બોલાવી તેમના લેખિત અને મૌખિક વિગતો લેવી અને સાંભળવી તેમજ તેમનો પક્ષ રાખવા રજુઆત કરવા આપવી. જેના અનુસંધાને પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં પ્રતિનિધીઓને પ્રથમ બોલાવામાં આવ્યા અને જેમાં નીચે મુજબનાં સભ્યોએ હાજરી આપેલ.

પાટીદાર સર્વોદય ટ્રસ્ટ, માંડવી સમિતિના નિયુકત સભ્યશ્રીઓ હાજર રહેલ અને રજુઆત કરેલ. (૧) શ્રી રવિલાલભાઈ કેસરા પટેલ, (૨) ધનજી ગોવિંદ સેંઘાણી, (૩) મેગજીભાઈ જેઠાભાઈ રામજીયાણી, (૪) નારણભાઈ ખીમજી ચૌહાણ, (૫) શામજીભાઈ નારણ નાકરાણી, (૬) કેશુભાઈ ધનજી પારસીયા.

રવિલાલભાઈ કેશરા પટેલ : અમારી પાસે એક હથ્થુ સતા નથી હવે થોથા ઉથલાવવાથી કંઈ નહી થાય. કેન્દ્રીય સમાજ વતીથી અમદાવાદના તુષાર પટેલે ગુંડાગીરી કરેલ તેમ છતાં કઈ કર્યા વગર અમે શાંત રહયા છીએ અમારા વિરૂધ્ધ પેપરમાં આપ્યું છે તેમ છતાં સામે સમાજ હોવાથી અમે જવાબ નથી આપ્યા.

નારણભાઈ ખીમજી ચૌહાણ : પંચોએ આધારો મંગાવીને તેનો અભ્યાસ કરવો જોઈએ. માંડવી હોસ્ટેલ સમાજની છે, તો તે આધારો રજુ કરીને સાબિત કરે. આ પ્રશ્નના નિકાલ માટે તેના મુળમાં જવું પડે અમારી સામે જે કેસો કરેલ તેનું શું રિઝલ્ટ આવ્યુ તે જુઓ. બધા કેસોમાં જોશો તો ખ્યાલ આવશે કે તે અમારી તરફેણમાં આવેલ છે તે પણ કલેકટરમાં હોય કે, પોલીસમાં હોય. આમા વ્યકિતઓનો અહમ આડો આવે છે. જેના કારણે સમાજ અને આપણા બધાંને નુકસાન થઈ રહયુ છે. તેનો ખુલાસો થવો જોઈએ અને પ્રજામાં સાચી વાત જવી જોઈએ. હું આજે બધા આધારો લઈ આવ્યો છું, જે અંગેની તમામ વિગતો લેખિતમાં પંચ સમક્ષ સોંપણી કરૂ છું. ૨૦૧૨ના રજુ થયેલા હિસાબોમાં પણ માંડવી હોસ્ટેલનો હિસાબ સમાજ રજુ કરેલ નથી. કારણકે ૧૯૯૪ના સાલમાં જમીનની ખરીદી થઈને ૨૩મીનો ચેક અ.ભા.સમાજના એકાઉન્ટમાં ઉધારેલ છે? તેમજ સમાજના પાકા સરવૈયામાં તે મિલ્કત દર્શાવવામાં આવી છે?

સમાજમાં ઉભા થતાં પ્રશ્નો કે મડાગાંઠના ઉકેલ માટે સમાજે ઉભી કરેલ વ્યવસ્થા જેમ કે, ઝોન ન્યાય સમિતિ વગેરે જયારે છે ત્યારે તેમાં જવાને બદલે સીધા કેસો કરેલ છે. હોસ્ટેલમાં તાળા તોડી નિર્માણ સમિતિ અને સંચાલન સમિતિને બરખાસ્ત કરી મોટર વાહનોની તોડફોડ કરી દાનમાં મળેલ રૂા. ૩.૫૦ લાખનાં ચોપડાઓ અને કોમ્પ્યુટરની હાર્ડ ડીસો વગેરે લઈ ગયા. આ સઘળી કાર્યવાહી રામજીભાઈ કરમશી નાકરાણી અને ગંગારામભાઈ સાંખલાની નીગરાનીમાં થઈ, સમાજને ન શોભે તેવું અશોભનીય અને આગછાજતું કાર્ય કરીને અમને બદનામ કર્યા છે. આજ ટાઈપનો નાટક સમાજના ઉપપ્રમુખ શ્રી માણીલાલભાઈ ભગતે બિદડામાં સભા બોલાવી અમને બદનામ કર્યા છતાં અમે ફોજદારી કરી નથી. અમે સમાજ પાસે પૈસા લીધા નથી તેમજ હોસ્ટેલનો વહીવટ સારી રીતે ચલાવતા હતા તો આ રીતે સમિતિઓને બરખાસ્ત કરી કબ્જો લેવાનો અધિકાર સમાજને કોને આપ્યો તેનો ખુલાસો થવો જોઈએ તેમજ અમને ખોટા ચીતરવા બદલ માફી માંગવી જોઈએ.

ડો. શાંતિલાલ સેંઘાણી અને જેન્તીભાઈ લાકડાવાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયેલ જે ફરિયાદ સમાજની મિલ્કત ન હોવાથી દાખલ ન થઈ શકે તેમ છતાં લેટરપેડ પર ચેડાં કર્યાની બનાવટી ફરિયાદ દાખલ કરાવી. તેમજ સી.એ. આઈ.એચ. આઈ દેસાઈ વિરૂધ્ધ ખોટાં હિસાબો લખ્યાની સી.એ. કાઉન્સીલમાં ફરિયાદ કરી છે. અમે આ બાબતે અપીલમાં ગયા છીએ. કેન્દ્રીય સમાજે અમદાવાદમાં એક કરોડ પીસ્તાળીસ લાખની રકમ બાબતે ચેરીટી કમિશ્નર પાસેથી વેચવાનો અધિકાર લીધો શું આ પ્રક્રિયા બરાબર થઈ છે?

કેન્દ્રીય સમાજનાં ૧૬ જણાએ પ્રમુખશ્રીને ઉદેશીને પત્ર આપેલ છે. જે આ સાથે સામેલ છે.

કોઈપણ ગુનો બને તો ૧. ન્યાય અને ૨. સમાધાન થાય, પરંતુ ન્યાયની રીતે આ પ્રોપર્ટી અમારી છે. અમે સાથે બેસવા તૈયાર છીએ, પરંતુ અમારાં અપમાન થયાં છે તે બાબતે સમાજે વિચારવું પડશે. દરેકના અહમ મૂકી પંચ સમાધાન કરે અને સારો રસ્તો કાઢે એવી અમારી અપેક્ષા છે એટલેકે અમે હવે કોઈ કેસ કરવાના નથી.

<u>શ્રી મેઘજીભાઈ જેઠા રામજીયાણી</u> : સમાજના માણસો હોદેદારો જવાબદાર વ્યકિતઓ જેમતેમ બોલે, ફાવે તેમ આક્ષેપબાજી કરે અને અંદરના વેર-ઝેર સમાજમાં લઈને આવે તે કેટલું વ્યાજબી છે? હવે પંચ છે એટલે આનો રસ્તો કાઢો તો અમે એમાં રાજી છીએ.

<u>શામજીભાઈ નારણ નાકરાણી</u> : અમે શું ખોટું કર્યુ છે? સમાજે પક્ષપાતી વલણ ન રાખવું જોઈએ. સંસ્થાને સારી રીતે ચલાવવી હોય તો આ રીતે ન ચાલે. અમે બધા આધારો આપીએ છીએ પંચ નિર્ણય કરે.

<u>કેશુભાઈ પારસીયા</u> : અમે ધંધાદારી વ્યકિત છીએ અમે ખોટું કરતા નથી રાજકારણ અમારો ધંધો નથી પરંતુ વર્ષોથી સામાજિક પ્રવૃતિ કરતા આવ્યા છીએ એટલે કંઈ પણ ખોટું થતું

વાંઢાય

હોય તો અમે રજુઆત કરીએ છીએ. સ્વાર્થ વગર પ્રવૃતિઓ કરી રહયા છીએ તેમજ સમાજને મદદ કરતા રહયા છીએ તેમ છતાં અમારૂ અપમાન થતું હોય અને અમને દૂધ દહીંવાળા તરીકે ચિતરતા. હોય તો આ કેટલું વ્યાજબી ગણાય? માંડવીની આ ઘટના કેમ બની તેના મૂળમાં જવું જોઈએ. પૂર્વગ્રહ ન રાખવા જોઈએ.

<u>ધનજીભાઈ સેંઘાણી :</u> અમને ખોટી રીતે બદનામ કરવાનું છોડી દેવું જોઈએ તેમજ ખોટા કેસો ન કરવા જોઈએ તમારી મિલ્કત હોય તો આધારો રજુ કરો અમે આધાર પંચ સમક્ષ રજુ કર્યા છે. તેમ છતાં સમાધાનકારી વલણ હોય તો પંચ તેમાંથી રસ્તો બતાવે.

ઉપરોકત રજુઆતો માંડવી સર્વોદય ટ્રસ્ટની નિમાયેલી અધિકૃત સમિતિના સભ્યશ્રીઓ પંચ સમક્ષ રજુ કરેલ છે.

તા.૦૪-૦૮-૨૦૧૭ ના સાંજના ૫ કલાકે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય ખાતે પંચોએ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સામાજની નિયુકત સમિતિના નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહી રજુઆત લેખિત અને મૌખિક આધાર સહિત કરેલ હતી. (૧) શ્રી રામજી કરમશી નાકરાણી, (૨) શ્રી ડો. શાંતિલાલ સેંઘાણી, (૩) શ્રી મણીલાલ રામાણી, (૪) શ્રી જયન્તીલાલ રામાણી, (૫) શ્રી ગૌરાંગભાઈ ધનાણી, (૬) શ્રી વાલજીભાઈ નારણ, (૭) શ્રી શાંતીલાલ દિવાણી.

<u>શ્રી જયંતિભાઈ કે. રામાણી :</u> એ સમિતિ વતીથી રજુઆત કરેલ. જેમાં તેમણે ૧૫ મુદા આપેલ પત્ર વ્યવહારથી જોવા મળે છે કે, આ મિલ્કત ૩ જણના નામે ટ્રાન્સફર કરેલ છે. ૨૦૧૨ સુધી હિસાબો જોડેલ છે તે પછી બતાવેલ નથી. સર્વોદય ટ્રસ્ટ વાળાની લાગણી દુભાણી હોય તો આખા સમાજ નહિ પણ હોદેદારો માફી માંગવા તૈયાર છે.

<u>શ્રી ડો. શાંતિલાલ સેંઘાણી :</u> જમીન સમાજના નામે ટ્રાન્સફર થવી જોઈએ સંચાલન બાબતમાં અમને વાંધો નથી. કલેકટર સાથે મિટીંગ થયેલ ત્યારે તેઓએ કહયું હતું કે આ મિલ્કત સમાજની છે.

<u>શ્રી ગૌરાંગ ધનાણી :</u> કબુલાતની વીડીયો કલીપ છે. ફાઈલ આધાર સહિત પુરાવા પુરા પાડશું.

<u>શ્રી રામજીભાઈ નાકરાણી :</u> બન્ને પક્ષોએ સહયોગ આપવો જોઈએ. નરમ થવું પડશે. આપણે બધા સાથે રહીને પ્રયત્ન કરીએ તો આ પ્રશ્ન ઉકેલાઈ જાય.

<u>શ્રી વાલજીભાઈ :</u> જેની પણ ભુલ થઈ હોય, પણ હવે સમાધાન કરીએ. લોકો એમ કહે છે કે, કાર્યકર્તાઓ આપસમાં ટકરાય છે. આપણને કોઈનું અપમાન નથી. કરવું આપણે કોઈ વાદ-વિવાદ નથી કરવો. ઉમિયા માતાજીની ચૂંટાણી તા.૦૫-૦૮-૨૦૧૭નાં ન કરતાં ડિસેમ્બર માસમાં કરવી જોઈએ ત્યાં સુધી આ વિવાદ ઉકેલાઈ જાય.

ઈશ્વર રામજી ... માતાજી ... વાંઢાય

શ્રી મણીલાલ ભગત : સમાધાન થાય ત્યાં સુધી ચૂંટણી પ્રક્રિયા ઉમિયા માતાજી સંસ્થાનની ઠેલવી જોઈએ.

ઉપરોકત રજુઆતો અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની નિમાયેલી અધિકૃત સમિતિનાં સભ્યોશ્રીઓ પંચ સમક્ષ રજુ કરેલ છે.

શ્રી હંસરાજભાઈ દેવજી પટેલ : બન્ને પક્ષોને ન્યાય મળે તેવા પ્રયત્નો કરશું ચૂંટણી પ્રક્રિયા ઠેલવાની વાત આવે છે, એટલે સર્વોદય ટ્રસ્ટ વાળાને બોલાવી વાત કરીએ તેઓના વિચાર જાણીએ અમારો પ્રયત્ન આ પ્રશ્નનો ઉકેલ તુરંતમાં આવી જાય તેવો રહેશે.

શ્રી ગંગારામભાઈ રામાણી : આપણે બધા એક થવાની જરૂર છે. જેમાં બન્ને પક્ષોએ ભેગા થઈને પ્રશ્ન ઉકેલવો પડશે. ઉમિયા માતાજીના હાલની ચૂંટણી પ્રક્રિયા ઠેલી નાખીએ તો તેમાં વાંધો નથી.

શ્રી જેઠાભાઈ ચોપડા : કાલે ચૂંટણી છે, બન્ને પક્ષો વળી વાંધો લેશે એના કરતાં ચૂંટણી પ્રક્રિયા માતાજીની ઠેલી નાખશું તો ઠીક રહેશે. માંડવી સર્વોદય ટ્રસ્ટવાળાને રૂબરૂ બોલાવી તેમની પાસેથી અભિપ્રાય લીધો જેમા તેઓએ જણાવેલ છે કે ઉમિયા માતાજી ટ્રસ્ટ વાંઢાયની ચૂંટણી પ્રક્રિયા ડિસેમ્બર સુધી ઠેલી નાખો એ બુધ્ધિશાળી પગલું છે. હાલમાં જ્યાં સુધી આ પ્રશ્ન છે ત્યાં સુધી આપણે નજીક નહીં આવીએ.

હંસરાજભાઈ દેવજી પટેલ : અમારો પ્રયત્ન સમાધાન કરાવવાનો છે માટે હાલની સામાન્યસભામાં ચૂંટણી પ્રક્રિયાની નવી તારીખ નક્કી કરશું. જે મુજબ કારોબારી અને ત્યારબાદ સામાન્યસભામાં ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારીની મુદત તા.૩૧-૧૨-૨૦૧૭ સુધી લંબાવવામાં આવી.

તા.૨૩-૦૯-૨૦૧૭નાં પત્રથી (પત્ર ક્રમાંક : ૧૨૬ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તરફથી પત્ર દવારા વિનંતી કરવામાં આવી કે, આ માંડવી હોસ્ટેલ પ્રકરણનો લવાદપંચ આગળની કાર્યવાહી કરે તે પહેલા માંડવી ઝોન અને કંઠી વિભાગ લક્ષ્મીનારાયણ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ને સાંભળે અને તેમના તરફથી રજુ કરવામાં આવેલ પત્રોની કોપી પણ લવાદપંચને મોકલવામાં આવે જે મુજબ લવાદપંચે તા.૨૮-૧૨-૨૦૧૭નાં રોજ ભુજ મુકામે તેમના કેટલાક આગેવાનોને ચર્ચા કરવા બોલાવેલ જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

આજ રોજ તા.૨૮-૧૨-૨૦૧૮ ને ગુરૂવારના દિને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં તા.૨૩-૧૦-૨૦૧૭ ના પત્ર ક્રમાંક ૧૨૬ નાં અનુસંધાને શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, વાંઢાય (કચ્છ) નાં પ્રમુખ શ્રી હંસરાજભાઈ દેવજી પટેલનાં અધ્યક્ષ સ્થાને ભુજ મુકામે હંશરાજભાઈની ઓફિસે લવાદપંચ ના સભ્યો (૧) જેઠાભાઈ લાલજી ચોપડા, (૨) ગંગારામ સીવદાસ રામાણી ની ઉપસ્થીતીમાં માંડવી ઝોન

વાંઢાય

અને કંઠી વિભાગ લક્ષ્મીનારાયણ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના હોદેદાર ભાઈઓને બોલાવીને તેની રજુઆતો સાંભળી તેમાં નીચે મુજબનાં ભાઈઓએ હાજરી આપેલ.

(૧) શાંન્તીભાઈ પ્રેમજી દિવાણી, રાયણ
(૨) પોપટભાઈ ખીમજી ચોપડા, લાયજા
(૩) દામજીભાઈ હીરજી વાસાણી, દુર્ગાપુર (ભુજ)
(૪) બાબુલાલ વિસરામ દડગા, મમાયમોરા
(૫) મણીલાલ કેસરા માવાણી, વરઝડી
(૬) મોહનભાઈ કરશન પરવાડીયા, ગઢશીસા
(૭) કાન્તીલાલ ભાણજી અમૃતિયા, રામનગર (તલવાણ)
(૮) કાન્તીલાલ સામજી ધોળુ, રાયણ

ઉપરોકત ભાઈઓની હાજરીમાં ચર્ચા-વિચારણાના અંતે નીચે મુજબની દરખાસ્ત આવેલ કે માંડવી હોસ્ટેલની મડાગાંઠનો ઉકેલ આવે એવી ભાવના વ્યકત કરેલ છે.

દરખાસ્ત : માંડવીમાં આવેલ લખુ વીરજી ધોળુ કુમાર છાત્રાલય વાળી મીલ્કત અને બેંકોમાં આવેલી રકમો અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજને જુની મુળ સ્થીતીમાં કે બન્ને પક્ષોને માન્ય હોય તેવી રીતે સમાજના નામે કરી આપવી અને પાટીદાર સર્વોદય ટ્રસ્ટમાં બધા અનુકુળ લાગે તે સભ્યો બને અને નવુ ડેવલપમેન્ટ બધા સાથે મળીને કરીએ તેમાં અમો બધા સમંત છીએ આ રીતે સમાધાન થાય એવી અમારી રજુઆત છે જરૂર પડે નવી જમીન લઈ સર્વોદય ટ્રસ્ટનાં નામે ડેવલપમેન્ટ કરે તેમાં પણ અમો સંમત છીએ આર્થિક સાથ સહકાર આપશું.

તા.૦૨-૦૧-૨૦૧૮ ના પત્રથી લવાદપંચ તથા બન્ને પક્ષકારોની એક મીટીંગ તા.૧૯-૦૧-૨૦૧૮નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉમિયા માતાજી સંસ્થાન ખાતે રાખવામાં આવેલ છે જેની જાણ તમામને કરવામાં આવેલ. જે મુજબ મીટીંગ તા.૧૯-૦૧-૨૦૧૮નાં રોજ ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય ખાતે મળેલ જેમાં પ્રથમ સમાજનાં પ્રતિનિધોઓને ચર્ચા માટે પંચ સમક્ષ બોલાવામાં આવેલ અને ઉકેલ માટેની માન્ય દરખાસ્ત માંગવામાં આવેલ જેમાં નીચે મુજબની દરખાસ્તો આવેલ.

(૧) ડો. શાન્તીલાલ સેંઘાણી : મીલ્કત સમાજનાં નામે થવી જોઈએ અને તેનો વહીવટ જે તે વિસ્તારના સભ્યો સમિતિ બનાવીને કરે. પાટીદાર સર્વોદય ટ્રસ્ટને સમાજ માન્યતા આપશે નહીં.

(૨) શાન્તીભાઈ દિવાણી : મીલ્કત સમાજના નામે થવી જોઈએ અને અગાઉ જે રીતે વહીવટ ચાલતો હતો તે મુજબ તે વિસ્તારના બધા સભ્યો સાથે સમિતિ બનાવી વહીવટ કરે.

વાંઢાય

(૩) મણીભાઈ ભગત : મીલ્કત સમાજની છે અને સમાજના નામે રહેવી જોઈએ અને વહીવટ બાબત અગાઉ જે રીતે ચાલતો તેમા સતપંથ કે સનાતનનો વિવાદ ન હતો બધા મળીને કરશે.

મીલ્કત સમાજને કે તે વિસ્તારના સભ્યોને વિશ્વાસમાં લીધા વગર ટ્રાન્સફર કરેલ છે તે સમાજના નામે ટ્રાન્સફર કરી આપે. પાછળ તેનો વહીવટ બાબત જે તે વિસ્તારના સભ્યો સાથે મળી જે નકકી કરે તે મુજબ વહીવટ થાય તેમાં અમારે વાંધો નથી.

(૪) જેન્તીભાઈ લાકડાવાળા : મીલ્કત સમાજના નામે થવી જોઈએ અને તેનો વહીવટ સમાજનાં નિતી-નિયમો અને અગાઉ તેનો વહીવટ સમાજના થયેલ ઠરાવો મુજબ જે તે વિસ્તારના સભ્યો તેમજ સમાજને સાથે રાખી સમિતિ બનાવી વહીવટ કરે. જે કૃત્ય થયુ છે તે પંચો ધ્યાનમાં રાખે. રાયણની સભાનો વિડીયો જોવો જોઈએ.

(૫) રામજી કરમશી નાકરાણી : મીલ્કત સમાજનાં નામે થવી જોઈએ અને વહીવટ બાબત સમાજના નિતી-નિયમો અને સમાજના સ્વેતપત્રને અનુલક્ષીને જે તે વિસ્તારના સભ્યોને સાથે રાખી સમાજને સાથે લઈને સમિતિ બનાવીને વહીવટ કરે.

ત્યાર બાદ પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં પ્રતિનિધોઓને ચર્ચા માટે પંચ સમક્ષ બોલાવામાં આવેલ અને ઉકેલ માટેની માન્ય દરખાસ્ત માંગવામાં આવેલ જેમાં નીચે મુજબની દરખાસ્તો આવેલ.

(૧) રવીલાલ કેસરા રામજીયાણી : કેન્દ્રીય સમાજે સર્વોદય ટ્રસ્ટને માન્યતા આપવી અને મીલ્કત સર્વોદય ટ્રસ્ટના નામે રહેવી જોઈએ અને મીલ્કતનું નામકરણ દાતાનું નામ રહેવુ જોઈએ ઉપર અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલીત નામ લખવુ. કેન્દ્રીય સમાજ અને સર્વોદય ટ્રસ્ટને અનુકુળ મુજબ ઉપર હેડીંગ લખવું.

(૨) નારણભાઈ ચૌહાણ : જો સમજુતી થાય તો આ ટ્રસ્ટમાં કેન્દ્રીય સમાજને હોદાની રૂએ ટ્રસ્ટી મુકવા હોયતો ટ્રસ્ટનાં સભ્ય બનીને મુકી શકે છે તેમજ કચ્છ કડવા પાટીદારના કોઈપણ વ્યકિત આ ટ્રસ્ટમાં ધાર્મિક ભેદ-ભાવ વગર ટ્રસ્ટના બંધારણના રૂએ સભ્ય બની શકશે.

(૩) મેઘજીભાઈ જેઠા : જે નારણભાઈ બોલ્યા છે તે મુજબનું મારૂ મંતવ્ય છે, એવુ અમારૂ સૌનુ નકકી થયેલ છે.

(૪) કરશનભાઈ વેલાણી : સંકુલનું નામ ટ્રાન્સફર કરવુ તેની સામે વાંધો નથી. પરંતુ પ્રોપર્ટી ટ્રાન્સફર નહીં થઈ શકે કારણ એ છે કે, આ ટ્રસ્ટના દરેક સભ્ય આમાં સહમતી નહીં આપે કોઈપણ ટ્રસ્ટની મીલ્કત ટ્રાન્સફર કરવી હોય તો ટ્રસ્ટનાં સર્વે સભ્યોની સહમતી જરૂરી છે.

માતાજી ઈશ્વર રામજી ... વાંઢાય

આ ટ્રસ્ટમાં કચ્છ કડવા પાટીદારનાં દરેક વ્યકિત બંધારણના રૂએ સભ્ય થઈ શકશે. અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજમાં દરેક સંપ્રદાયના સભ્યોને સભ્યપદ આપવાનું રહેશે.

(૫) કેશુભાઈ પારસીયા : આ મીલ્કત ટેકનીકલ રીતે ટ્રાન્સફર થઈ શકે તેમ નથી. આ મીલ્કત શૈક્ષણીક સંસ્થાના ઉપયોગ માટેની છે તો આ ટ્રસ્ટને માન્યતા આપવી જોઈએ અને બધા મળીને આ સમાજનું જ ટ્રસ્ટ છે એવુ સમજી માન્યતા આપવી જોઈએ. પાટીદાર સર્વોદય ટ્રસ્ટે કેન્દ્રીય સમાજ ઉપર કેટલા કેસો કરેલા છે અને કેટલા કેસો ચાલુ છે એવી રીત અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે ટ્રસ્ટ ઉપર કેટલા કેસ કરેલ છે અને કેટલા કેસ ચાલુમાં છે.

તરત જ લવાદપંચની બેઠક મળી અને બન્ને પક્ષો તરફથી જે રજુઆતો થઈ અને તે પરથી એ સ્પષ્ટ થતુ હતુ કે સમાજની માંગણી અને રજુઆત હતી કે માંડવીમાં આવેલ મીલ્કત મુળભૂત સ્થીતીમાં કરી આપવામાં આવે અને સંચાલન અને વહીવટ માંડવી વિસ્તારનાં સમાજનાં ભાઈઓ જે રીતે નકકી કરે તે રીતે ચલાવવામાં આવે તેમાં સમાજને કોઈ વાંધો રહેશે નહી જયારે પાટીદાર સર્વોદય ટ્રસ્ટની સ્પષ્ટ રજુઆત હતી કે, સમાજ પાટીદાર સર્વોદય ટ્રસ્ટને માન્યતા આપે અને કોઈપણ સંપ્રદાયનાં ભેદ વગર પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં સભ્યો બને અને વહીવટમાં તેમને સાથે રાખવામાં આવશે. મીલ્કત પાછી કરી સમાજનાં નામે નહીં કરવામાં આવે. અને આ બન્ને પક્ષોની રજુઆતો અરસ-પસર જણાવવામાં આવેલ અને બન્ને પક્ષો તેમાં બાંધછોડ કરવા તૈયાર થતા ન હતા. લવાદપંચે પોતાનો તારણ આપેલ કે, બન્ને વચ્ચે બન્ને પક્ષોએ આપેલ ઉકેલ માટેની ફોરમ્યુલામાં બહુ મોટુ અંતર હોતાં અને મડાગાંઠનાં ઉકેલ માટે બન્ને પક્ષો કોઈ બાંધછોડ કરવા તૈયાર ન થતા લવાદપંચોએ જાહેર કરેલ કે અમો પંચો આ મડાગાંઠનો બે પક્ષને મંજુર હોય એવો ઉકેલ કરી શકીએ તેમ નથી તેવુ જણાયેલ જેથી પંચે આગળની સમાધાનની કાર્યવાહી કરવા માટે જવા જેવુ જણાયેલ નથી.

આ લવાદપંચના ખુલાસા પછી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દવારા એક પત્ર તા.૧૯-૦૧-૨૦૧૮ નાં સાંજે ૬:૩૦ કલાકે આપવામાં આવેલ જેમાં એવુ જણાવવામાં આવેલ કે લવાદપંચે ખૂબ જ ઉંડાણપૂર્વક બન્ને પક્ષો દવારા આપવામાં આવેલ દસ્તાવેજોનો અભ્યાસ કરેલ હોઈ અને ઉમિયા માતાજીનાં હિરક જયંતિ મહોસવ ભવ્યતાથી ઉજવાય તે માટે નવી ટીમની પૂનઃરચના પણ આ લવાદપંચનાં નિર્ણય બાદ જ કરવામાં આવશે. તેવુ ઠરાવવામાં આવેલ તો અમારી સમાજની એવી સ્પષ્ટ રજુઆત છે લવાદપંચ માંડવી હોસ્ટેલ મિલ્કત અંગે ચૌકકસ અભિપ્રાય અથવા આદેશ આપે એવી ભાર પૂર્વક વિનંતી છે. આ પત્ર મળ્યેથી પંચોએ અરસ-પરસ પરામસ કરી તા.૨૦-૦૧-૨૦૧૮નાં બપોર પછી મીટીંગ રાખેલ જેની જાણ ટેલીફોન દવારા બન્ને પક્ષોને કરવામાં આવેલ. જેમાં

વાંઢાય

નીચે મુજબનાં પ્રતિનીધોઓ હાજર રહેલ જેની કાર્યવાહીની નોંધ કરવામાં આવેલ અને જે નોંધને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. જે કાર્યવાહી નીચે મુજબ થઈ.

આજરોજ તા.૨૦-૦૧-૨૦૧૮ બપોર પછી ૫:૩૦ કલાકે સમાધાન પંચ તેમજ પાટીદાર સર્વોદય ટ્રસ્ટના તથા અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રતિનીધીઓની મળેલ મીટીંગમાં હાજર રહેલ.

સમાધાનપંચ : (૧) હંસરાજભાઈ પટેલ, (૨) જેઠાભાઈ ચોપડા, (૩) કરશનભાઈ દિવાણી, (૪) કરશનભાઈ સેંઘાણી, (૫) ગંગારામભાઈ રામાણી

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રતિનીધીઓ : (૧) રામજીભાઈ નાકરાણી, (૨) ડો. શાન્તીભાઈ સેંઘાણી, (૩) ગૌરાંગભાઈ ધનાણી

પાટીદાર સર્વોદય ટ્રસ્ટના પ્રતિનીધીઓ : (૧) મેઘજીભાઈ રામજીયાણી, (૨) રવીલાલભાઈ રામજીયાણી, (૩) નારણભાઈ ચૌહાણ, (૪) કરશનભાઈ વેલાણી

જેમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે બન્ને પક્ષોએ પંચ સમક્ષ કરેલ કરેલ રજુઆતોનાં પેપર્સને અરસ-પરસ બન્ને પક્ષકારને તથા લવાદપંચનાં સભ્યોને આપવા અને લવાદપંચે જરૂરી અભ્યાસ કરી પ્રશ્નોના ઉકેલ આપવા વધારે સમયની જરૂર રહેશે જેથી બન્ને પક્ષકારો માંથી હાજર રહેલા સભ્યોની સહમતીથી આજની બેઠકમાં સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. આ બેઠકમાં થયેલ નિર્ણય મુજબ બન્ને પક્ષો તરફથી આપવામાં આવેલ દસ્તાવેજો (ડોકયુમેન્ટો) બન્ને પક્ષકારોને અને પંચોને આપવા જે મુજબ તા.૨૭-૦૧-૨૦૧૮નાં પત્રથી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ તરફથી રજુ થયેલ પત્રો, આધાર કે દસ્તાવેજોની યાદી ભાગ-૧ (પાના ૧ થી ૧૬૦) તથા ભાગ-૨ (પાના ૧૬૧ થી ૩૮૨) તેમજ પાટીદાર સર્વોદય ટ્રસ્ટ, માંડવી મારફતે રજુ થયેલ પત્રો, આધારો કે દસ્તાવેજોની યાદી પાના ૧ થી ૬૮ તા.૨૦-૦૧-૨૦૧૮ ના સાંજે ૫:૩૦ કલાકે બન્ને પક્ષો સાથે મળેલ મીટીંગનાં લેવાયેલા નિર્ણય મુજબ બન્ને પક્ષકારો અને લવાદપંચનાં સભ્યોને મોકલી આપવામાં આવેલ. અને આ પત્રથી જાણ કરવામાં આવી કે લવાદપંચને વધુ માહિતી, આધારો કે દસ્તાવેજો કે તેમના ટ્રસ્ટોની મીટીંગોની મીનીટની નકલો જરૂર પડયે માંગવામાં આવશે તો તે સમયસર પુરી કરવા જાણ કરવામાં આવેલ. આ દરમ્યાન લાંબો સમય પસાર થયેલ હોઈ તા.૧૫-૦૩-૨૦૧૮ સમાજ દવારા એવી રજુઆત કરવામાં આવેલ કે લવાદપંચની આગળની કાર્યવાહી જલદી હાથ ધરવામાં આવે. તા.૧૭-૦૩-૨૦૧૮ પત્રથી લવાદપંચના એક સભ્ય કરશનભાઈ લધા દિવાણી, હૈદરાબાદ તરફથી લવાદપંચના સભ્ય તરીકે રાજીનામું આપેલ. તા.૨૪-૦૩-૨૦૧૮ નાં પત્રથી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ તરફથી પોતાની વાત રજુ કરેલ અને પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં સમિતિનાં સાત સભ્યો આ સમિતિ માંથી છુટા થયેલ છે એવુ જણાવવામાં આવેલ. ત્યાર પછી તા.૦૩-૦૪-૨૦૧૮ નાં પત્રથી તેઓએ જણાવેલ કે તેમને વોટસએપ દવારા તા.૧૪-૦૪-૨૦૧૮ નું મીટીંગનું પરીપત્ર

વાંઢાય

મળેલ છે. જેમાં પંચનાં એક સભ્ય કરશન લધા પટેલ, હૈદરાબાદ વાળાનું રજીનામું આવેલ હોઈ મીટીંગ બોલાવાનું કોઈ મતલબ રહેતો નથી. એવુ તેઓને લાગે છે તેઓએ વધારે સ્પષ્ટતા કરતા એવુ જણાવેલ કે તમોએ લીધેલ કોઈ પણ પ્રકારનો નિર્ણય કે ચુકાદો પાટીદાર સર્વોદય ટ્રસ્ટને માન્ય રહેશે નહીં જેની નકલ તેઓએ તમામ લવાદપંચનાં સભ્યોને મોકલાવેલ. ત્યાર પછી તા.૦૯-૦૪-૨૦૧૮ ના પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં સભ્ય શ્રી નારણ ખીમજી ચૌહાણ, કેશુભાઈ પારસીયા, કરશનભાઈ વેલાણી અને સુરેશભાઈ ચૌહાણ ભુજ ખાતે લવાદપંચનાં ચેરમેન હંસરાજભાઈ પટેલને રૂબરૂ તેમની ઓફિસે મળેલ અને મેઘજીભાઈનો એક પત્ર આપેલ અને રજુઆત કરેલ કે અમોને તા.૧૯-૦૧-૨૦૧૮ નાં નિર્ણય પછી બીજા દિવસે તા.૨૦-૦૧-૨૦૧૮ ના બોલાવેલ મીટીંગમાં લેવાયેલ નિર્ણય અમોને મંજુર નથી અને અમારી સમિતિનું વિસર્જન કરવામાં આવેલ છે. જેથી તા.૧૪-૦૪-૨૦૧૮નાં બોલાવામાં આવેલ મીટીંગમાં અમારા સભ્યો હાજર રહેશે નહીં અને અમારી ગેરહાજરીમાં લેવાયેલ નિર્ણય અમોને બંધનકર્તા રહેશે નહીં. અને તા.૧૪-૦૪-૨૦૧૮ની બોલાવામાં આવેલ મીટીંગ રદ કરવામાં આવે એવી વિનંતી કરવામાં આવે છે.

આમ આ આવેલ પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં પત્રની ભુજમાં રહેતા પંચો જેઠાલાલ લાલજી ચોપડા અને ગંગારામ શીવદાસ રામાણી ને નકલ મોકલવામાં આવેલ. લવાદપંચનાં સભ્ય કરશનભાઈ લધા દિવાણીને ફોન દવારા ચર્ચા કરી તેમનુ રાજીનામુ પંચો દવારા સ્વીકારવામાં આવેલ નથી. અને પંચનાં સભ્ય તરીકે ચાલુ રહેવા જાણ કરવામાં આવેલ અને ટેલીફોન પર તેમની સહમતિ મેળવેલ અને તા.૧૪-૦૪-૨૦૧૮ ની મીટીંગમાં હાજર રહેવા જણાવવામાં આવી. જે મુજબ તા.૧૪-૦૪-૨૦૧૮નાં લવાદપંચની મિટીંગ ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય ખાતે મળેલ જેમાં હંસરાજભાઈ પટેલ, જેઠાભાઈ ચોપડા, કરશનભાઈ સેંઘાણી, ગંગારામભાઈ રામાણી તેમજ કેન્દ્રીય સમાજનાં પ્રતિતિધી તરીકે શાંતિલાલ પ્રેમજી દિવાણી, ડો.શાંતિલાલ સેંઘાણી, ડો. ગૌરાંગ ધનાણી હાજર રહેલ અને જેમાં પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં કોઈપણ પ્રતિનિધી તેમની જાણ કર્યા મુજબ હાજર રહેલ નહીં તેનાં તરફથી મળેલ ત્રાણેય પત્રોનું વાંચન બધા વચ્ચે કરવામાં આવ્યું અને પંચો દવારા અત્યાર સુધી થયેલ કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવેલ. ચર્ચાનાં અંતે એવું નકકી કરવામાં આવ્યું કે પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં સભ્યોને પત્રથી જાણ કરી વિશ્વાસમાં લઈ સમાધાનની પ્રક્રિયા આગળ વધારી વહેલામાં વહેલી તકે પશ્નનો ઉકેલ લાવવો એવું નકકી કરવામાં આવ્યું અને ચર્ચામાં સમાજનાં પ્રમુખ શ્રી અબજી વિશ્રામ કાનાણીને બોલાવી તેમની સાથે ઉકેલની ચર્ચા કરેલ. જે મુજબ તા.૨૩-૦૪-૨૦૧૮નાં પત્રથી પાટીદાર સર્વોદય ટ્રસ્ટને તા.૧૪-૦૪-૨૦૧૮ની મિટીંગમાં થયેલ ચર્ચાની જાણ કરવામાં આવી અને જણાવવામાં આવ્યું કે, તા.૨૦-૦૧-૨૦૧૮નાં સાંજે ૫:૩૦ કલાકે ઉમિયા માતાજી સંસ્થાન ખાતે ટેલિફોન દવારા બોલાવામાં આવેલ મિટિંગમાં બને પક્ષનાં પ્રતિનિધીઓ વચ્ચે થયેલ નિર્ણય મુજબ બંને પક્ષકારોને એકબીજા તરફથી મળેલ પત્રો, દસ્તાવેજો કે પેપર્સ

એકબીજાને મોકલી આપેલ છે. અને એકબીજાએ અભ્યાસ કરી આગળની કાર્યવાહી ચાલુ રાખવા થયેલ નિર્ણય મુજબ અને તા.૨૮-૦૧-૨૦૧૮નાં રોજ મળેલ સંસ્થાની વાર્ષીક સામાન્યસભા દરમ્યાન આપવામાં આવેલ લવાદપંચનાં અહેવાલ પછી બંને પક્ષનાં કાર્યકર્તાઓએ સંતોષ વ્યકત કરેલ અને આ પ્રક્રિયા વહેલામાં વહેલી તકે હાથ ધરી અને ઉકેલ લાવવા ભાવના વ્યકત કરેલ. અને સહમતિ આપેલ. જે મુજબ તા.૧૪-૦૪-૨૦૧૮ની મિટીંગ બોલાવેલ હતી. જેથી આપના તા.૦૩-૦૪-૨૦૧૮ અને તા.૦૯-૦૪-૨૦૧૮નાં પત્રથી જાણ કરેલ જે અગાઉ થયેલ નિર્ણયનાં વિરોધાભાસી હોઈ નિર્ણય થયા મુજબ તા.૨૦-૦૧-૨૦૧૮ મુજબ કાર્યવાહી ચાલુ રાખવાનું નિર્ણય થયેલ અને પંચો વતી પંચનાં પ્રતિનિધીઓ શ્રી જેઠાભાઈ લાલજી ચોપડાને ગંગારામ શીવદાસ રામાણીને પાટીદાર સર્વોદય ટ્રસ્ટ સાથે સમાધાનનાં જુદા-જુદા વિકલ્પોની ચર્ચા-વિચારણા કરવાની જવાબદારી સોંપવામાં આવેલ અને પાટીદાર સર્વોદય ટ્રસ્ટ આ બાબતે સહકાર આપે એવી વિનંતી કરવામાં આવેલ.

જે અનુસંધાને જેમને જવાબદારી સોંપવામાં આવેલ તે જેઠાભાઈ લાલજી ચોપડા અને ગંગારામભાઈ શીવદાસ રામાણીએ પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં સભ્યો સાથે મિટીંગો કરી સમાધાનનાં પ્રયત્નો કરેલ. આ દરમ્યાન ઉમિયા માતાજી ટ્રસ્ટનાં ટ્રસ્ટી શ્રી દેવજીભાઈ માવજી લિંબાણીની સાથે ચર્ચાઓ કરી પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં સભ્યો સાથે ચર્ચા કરી સમાજ દવારા સુંચવાયેલ દરખાસ્ત મુજબ ઉકેલ કરવા સમજાવવાના પ્રયત્નો કરવા જણાવેલ જેમણે આ બાબતનાં પ્રયત્નો કરેલ અને પોતાનો રીપોર્ટ પંચના અધ્યક્ષશ્રીને આપેલ. જે મુજબ પાટીદાર સર્વોદય ટ્રસ્ટ આ લવાદવાળી મિલકત પરત કરવા સહમત નથી અને બીજા બધા પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં મેમ્બર થઈ પાટીદાર સર્વોદય ટ્રસ્ટમાં ભાગીદાર થઈ શકશે એવું જણાવેલ. જેઠાભાઈ અને ગંગારામભાઈએ પણ પોતાનો અહેવાલ આપતા જણાવેલ કે, પાટીદાર સર્વોદય ટ્રસ્ટ મિલકત કોઈપણ સંજોગોમાં સમાજને પરત કરવા તૈયાર નથી. પણ પાટીદાર સર્વોદય ટ્રસ્ટને સમાજ માન્યતા આપે અને વહીવટ ભેગા થઈને કરી શકાય. જે સમાજે આપેલ ઉકેલની ફોરમ્યુલા મુજબ ન હોઈ આ બાબતનો કોઈપણ સમાધાનકારી ઉકેલ થઈ શકે એવુ જણાયેલ નથી.

સમાજ દવારા અગાઉ પણ પત્ર દવારા જણાવેલ તથા તા.૧૯-૦૫-૨૦૧૮ નાં પત્ર ક્રમાંક ૪૬૭૬ થી જણાવેલ કે પંચનો જે પણ નિર્ણય હોય તે અંગે પંચની વહેલામાં વહેલી તકે મિટીંગ બોલાવી પોતાનો નિર્ણય જાહેર કરે એવી વિનંતી કરેલ અને સમાધાન ન થાય તો પંચ પોતાનું મિલકત અંગેની માલિકીનું તારણ આપે. એવી જાણ કરેલ.

આ પછી પંચનાં જુદા-જુદા સભ્યો સાથે ચર્ચાઓ કરતા પંચે પોતાનું તારણ સમાજને આપવું જોઈએ જેથી આ તારણ આપતા પહેલા પંચોએ એમની પાસે ઉપલબ્ધ દસ્તાવેજો, પત્રો અને માહિતીનો અભ્યાસ કરવો જોઈએ અને તેમાં જે સાચુ જણાય તેનું તારણ આપવું જોઈએ.

:: <u>લવાદપંચ પાસે રજુ થયેલ દસ્તાવેજો, પત્રો અને માહિતી મુજબ કરેલ સંશોધનનો અહેવાલ</u> : જે અંગે લવાદપંચે નીચેના મુદાઓની ચકાસણી કરવાની રહે.

(૧) માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ સ્વતંત્ર છે કે સમાજના નેજા હેઠળ કાર્ય કરતી સમિતિ?
(૨) સમિતિનાં સભ્યોનું સભ્યપદ અને ફીનું ધોરણ?
(૩) સંસ્થાનાં વપરાતા લેટરપેડનું ટાઈટલ?
(૪) સંસ્થાના નિર્માણ માટે અપાતાં દાનનાં ટાઈટલ?
(૫) સમિતિએ ખરીદ કરેલ નવી જમીનનો ટાઈટલ?
(૬) સમાજનાં વાર્ષીક હિસાબો અને તેમાં માંડવીની સમિતિનાં હિસાબોની નોંધોની સ્થીતી?
(૭) તત્કાલીન પ્રમુખ કે તત્કાલીન મંત્રી સંસ્થાની મીલ્કત તબદીલ કરી શકે?
(૮) સમિતિનાં વાર્ષીક હિસાબોનું સ્ટેટસ?
(૯) પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં હિસાબોનું સ્ટેટસ
(૧૦) લખુ વીરજી વિધાર્થી છાત્રાલયનાં ઈલેક્ટ્રીક કનેકશન, પાણી કનેકશન, ગેસ કનેકશન અને ટેલીફોન જોડાણની વિગત.
(૧૧) નિર્માણ સમિતિ માંડવી સમાજની આ મિલ્કત બીજા આ ટ્રસ્ટને તબદીલ કરવા અધિકાર ધરાવે છે?
(૧૨) મીલ્કતના નામ ટ્રાન્સફર થવા પછી સમાજને જાણ કરવામાં આવી કે બહાલી લેવામાં આવી?
(૧૩) નિર્માણ સમિતિનાં સભ્યોના નિવેદનો લેવામાં આવ્યા છે? જો હાતો તેમનો આ મીલ્કત બાબત નો અભિપ્રાય?
(૧૪) ટ્રસ્ટની સ્થાવર મીલ્કતનું નિકાલ કરવા માટેની ટ્રસ્ટ એકટની પ્રકીયા?

:: <u>ઉપરોકત મુદાઓનો અભ્યાસ</u>::

(૧) માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ સ્વતંત્ર છે કે સમાજના નેજા હેઠળ કાર્ય કરતી સમિતિ? :- કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ દવારા ૧૯૬૦માં નખત્રાણા ખાતે એક જ્ઞાતિનું અધિવેશન/પરિષદ ભરવામાં આવેલ. જેમાં જ્ઞાતિ દવારા સમાજનાં શૈક્ષણિક કે સામાજિક વિકાસ કરવા એક ટ્રસ્ટની રચના કરવામાં આવેલ. જેનું નામ કચ્છ કડવા પાટીદાર સમાજ રાખવામાં આવેલ. જેનું ચેરીટી કમિશ્નરમાં ટ્રસ્ટ તરીકે રજીસ્ટર કરાવતા તેનું રજીસ્ટ્રેશન નંબર એ/૮૨૮ કચ્છ થી નોંધવામા આવેલ. ટ્રસ્ટનું વહીવટ કરવા માટે બંધારણમાં કુલ ૧૭ કલમો આવેલી છે. જેમા કલમ નં. ૯ માં કારોબારી મંડળની ફરજો અને અધિકાર બતાવવામાં આવેલ છે. જેની પેટા કલમ નં. ૭, ૮ અને ૯ આવેલી છે જે નીચે મુજબ છે.

ઈશ્વર રામજી વાંઢાય

<u>કલમ નં. ૭ :</u> કારોબારી પોતાની ફરજો અદા કરવા માટે અને ખાસ કરીને નખત્રાણા બોર્ડીંગની રોજબરોજની વ્યવસ્થા બજાવવા માટે તથા ભુજ અને માંડવી ખાતેની સમાજની વાડીઓની વ્યવસ્થા કરવા માટે એક-એક, કારોબારીને યોગ્ય લાગે તેટલા સભ્યોની તેવી રીતે પેટા સમિતિની નિમણૂક કરશે, આ ઉપરાંત બીજા કોઈ ખાસ અગત્યનાં કાર્યો માટે યોગ્ય લાગે તો પેટા સમિતિની નિમણૂક કરી શકશે, પરંતુ પેટા સમિતિના સભ્યો, સમાજના સામાન્ય સભ્ય હોવા જ જોઈએ.

<u>કલમ નં. ૮ :</u> આવી કોઈ પણ પેટા સમિતિને આ બંધારણના નિયમોને આધિન રહી પોતાની કાર્યવાહી અને તેને લગતા નિયમો ઘડવાની સતા રહેશે. પરંતુ કોઈ પણ ઘડેલા નિયમો માટે કારોબારીની મંજુરી લેવાની રહેશે.

<u>કલમ નં. ૯ :</u> આ ઉપરાંત બીજા કોઈ પણ કાર્યો કે જેમાં સામાન્ય સભાની મંજુરીની જરૂરીયાત ન જણાતી હોય તેવી બધી પ્રવૃતિઓ આ બંધારણના નિયમોને આધિન રહીને કારોબારી સમિતિ કરી શકશે, અને જરૂર જણાય તો કારોબારી આવી બાબતોમાં પેટા નિયમો ઘડી શકશે.

આ બંધારણની કલમો મુજબ નખત્રાણા, ભુજ, વલ્લવિધ્યાનગર, માંડવી, ગાંધીધામ વગેરે જગ્યાએ આવેલ સમાજની મિલ્કતોનો વહીવટ કરવા માટે પેટા સમિતિઓની નિમણૂક કરવામાં આવેલ. નખત્રાણા ખાતે કન્યા છાત્રાલયનું બાંધકામ પ્રગતિમાં હતું અને માંડવીમાં વિધાર્થી છાત્રાલય બનાવવાની ખૂબ જરૂરીયાત હતી બન્ને કામો એકી સાથે કરવાની સમાજની આર્થિક સધ્ધરતા ન હતી, જેથી આ કામ ખાસ અગત્યનું હોઈ તેને પૂર્ણ કરવા માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની રચના કરવાનો ચર્ચવામાં આવેલ આ સમિતિ ફંડ ઉઘરાવી નખત્રાણ હેડ ઓફિસમાં જમા કરાવે અને જરૂરીયાત પ્રમાણે નખત્રાણા ખાતેથી ફંડ રીલીસ કરવામાં આવે એવી પધ્ધતિ ચાલતી રહેતી હતી પરંતુ માંડવી વિસ્તારનાં આગેવાનોને આ પધ્ધતિ અનુકુળ ન હતી જેથી એવી રજુઆત કરેલ કે, માંડવી વિસ્તારનાં ભાઈઓને એવી સમિતિની મંજુરી આપવામાં આવે કે જે સમિતિ પોતાની રીતે ભંડોળ એકઠુ કરે, બેંકનાં ખાતાઓ ખોલાવે, બેંકનો વહીવટ કરે, બાંધકામ કરાવે, અને જરૂર પડયે વધારની નવી જમીન ખરીદે અને સંપૂણ વહીવટ કરે એ પ્રકારની અધિકાર વાળી સમિતિની મંજુરી મળે એવી રજુઆત કરેલ. જે મુજબ તા.૨૧-૧૦-૧૯૯૧ નાં ઠરાવ નં. ૪ મુજબ એક સમિતિની રચના કરવામાં આવેલ જેનું નામ કચ્છ કડવા પાટીદાર સમાજ વિધાર્થી છાત્રાલય નિર્માણ સમિતિ, માંડવી-કચ્છ એવું આપવામાં આવેલ. અને તેની સાથે બંધારણ મુજબ ૨૮ કારોબારીનાં સભ્યો, ૩ સલાહકાર અને ૮ બાંધકામ સમિતિનાં સભ્યોની નિમણૂકની બહાલી આપવામાં આવી જેના નામો અગાઉ બતાવવામાં આવેલ છે. જયારે જયારે આ નામોમાં ફેરફાર થતો ત્યારે સમાજની બહાલી લેવામાં આવતી. તેથી ઉપર મુજબનાં મુદાને ધ્યાનમાં લેતા આ સમિતિ કચ્છ કડવા પાટીદાર સમાજ ટ્રસ્ટ નંબર એ૮૨૮ કચ્છ નાં સંપૂર્ણ અંકુશ વાળી અને માલિકીની પેટા સમિતિ છે.

(૨) સમિતિનાં સભ્યોનું સભ્યપદ અને ફીનું ધોરણ? :- બંધારણ મુજબ આ સમિતિ સમાજની પેટા સમિતિ છે જેથી એના સભ્યો સમાજનાં સામાન્ય સભ્યો હોવા જરૂરી છે. આ સમિતિનું કોઈ પોતાનું સ્વતંત્ર બંધારણ કે પેટા નિયમો નથી જેથી આ સમિતિનાં કોઈપણ સભ્યનું અલાયનું સભ્યપદ નથી. અને સભ્ય પદ ન હોવાને કારણે કોઈ સભ્ય પદની ફી લેવામાં આવતી નથી. પરંતુ આવા સભ્યો સમાજનાં સભ્યો હોવા જરૂરી છે. અને જેની નિમાણૂકની બહાલી સમાજમાંથી મેળવવાની હોય છે. જેને સમાજ દવારા માન્યતા આપવામાં આવે છે અને પેટા સમિતિ જે પણ કાર્યવાહીને લગતા નિયમો બનાવશે તેવી બહાલી કારોબારી સમિતિ પાસે લેવાની થાય છે. જેથી આ સમિતિનું કોઈ બંધારણીય અલગ સભ્ય પદ નથી. અને સભ્યપદની કોઈ ફી નથી અને એની કોઈ સામાન્યસભા નથી તેથી તે પોતે જ સમિતી છે.

(૩) સમિતિનાં વપરાતા લેટરપેડનું ટાઈટલ? :- સમિતિ દવારા ઉપયોગમાં લેવાનાર લેટરપેડનું ટાઈટલ જેતે વખતે કચ્છ કડવા પાટીદાર સમાજ નિયુકત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ અને ત્યાર બંધારણમાં સુધારો આવતા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નિયુકત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ એવુ રાખવાનું નકકી થયેલ જે મુજબ વહીવટ થતો રહયો છે. અને હોસ્ટેલોનાં નામે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) કન્યા છાત્રાલય તેમજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત લખુ વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલય ના નામે વહીવટ થતો રહયો.

(૪) હોસ્ટેલ નિર્માણ માટે અપાતાં દાનનાં ટાઈટલ? :- હોસ્ટેલને આપવામાં આવતા દાન કે કોઈ પણ ફંડની રસીદ કચ્છ કડવા પાટીદાર સમાજ નિયુકત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ કે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર નિયુકત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ ના નામે આપવામાં આવતી. અને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સંચાલિત નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) કન્યા છાત્રાલયનાં નામે આપવામાં આવતી. અનેશ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત લખુ વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલયનાં નામે આપવામાં આવતી.

(૫) સમિતિએ ખરીદ કરેલ નવી જમીનનો ટાઈટલ? :- માંડવીમાં પ્રથમ બાંધકામ કરેલ જે કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિક નાનજી વિરજી ધોળુ વિધાર્થી છાત્રાલય બાંધવામાં આવેલ જેના બાંધકામ દરમ્યાન મોટી રકમની બચત થતાં ભવિષ્યની જરૂરીયાતને નજર સમક્ષ રાખી માંડવીની પશ્ચિમે જલારામનગર તરીકે ઓળખાતા વિસ્તારની અંદર સને ૧૯૯૩ અને ૧૯૯૪ માં રજીસ્ટર દસ્તાવેજથી જમીન ખરીદેલ જેનો દસ્તાવેજ કચ્છ કડવા પાટીદાર છાત્રાલય નિર્માણ સમિતિ એ તેમના તે સમયનાં પ્રમુખ લધા વિશ્રામ પોકાર અને મંત્રીશ્રી ભવાનજી ભાણજી પટેલ ગામ બિદડા વાળા દવારા રજીસ્ટર દસ્તાવેજથી કરવામાં આવેલ જે માંડવી સીમ નાં સર્વે નંબર ૨૨૯ માં પાડવામાં આવેલ બીન ખેતીનાં

વાંઢાય

રહેણાંકનાં પ્લોટો પૈકી પ્લોટ નં. ૧, ૨, ૩, અને ૪ જેનું ક્ષેત્રફળ ચો.મી.૮૦૦૯.૩૨ રૂા.૧,૧૬,૦૦૦ માં ખરીદ કરેલ જેનુ પેમેન્ડ બેંક ઓફ ઈન્ડિયા માંડવી શાખા દવારા કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

રકમ રૂા.	બેંક	ચેક નંબર	તારીખ
૬૬,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૩૦	૦૪-૧૦-૧૯૯૩
૧૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૪૧	૦૫-૦૧-૧૯૯૪
૧૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૪૨	૦૫-૦૧-૧૯૯૪
૧૬,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૪૩	૦૫-૦૧-૧૯૯૪
૧,૧૬,૦૦૦/- કુલ્લ			

એજ રીતે રજીસ્ટર દસ્તાવેજથી માંડવી સીમનાં સર્વે નં. ૨૨૯ માં પાડવામા આવેલ બીન ખેતી ના રહેણાંકના પ્લોટો પૈકી પ્લોટ નં. ૫, ૬ અને ૭ કુલ ક્ષેત્રફળ ૯૨૪૧.૨૦ રૂા. એક લાખ ચોત્રીસ હાજાર રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરવામાં આવેલ જેનું પેમેન્ટ બેંક ઓફ ઈન્ડીયા, માંડવી શાખા દવારા કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

રકમ રૂા.	બેંક	ચેક નંબર	તારીખ
૬૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૨૮	૦૪-૧૦-૧૯૯૩
૬૭,૦૦૦/-	બેંક ઓફ ઈન્ડીયા, માંડવી	૦૧૮૮૨૯	૦૪-૧૦-૧૯૯૩
૧,૩૪,૦૦૦/- કુલ્લે			

આમ બન્ને દસ્તાવેજો જેની કિમત રૂા.૨,૫૦,૦૦૦ બેંક ઓફ ઈન્ડિયા માંડવી શાખાનાં જુદા-જુદા ચેકો દવારા કરવામાં આવેલ અને જે રજીસ્ટર દસ્તાવેજથી જરૂરી સ્ટેમ્પ પેપર પર કરવામાં આવેલ છે. જે બેંક ખાતું કચ્છ કડવા પાટીદાર નિયુકત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના નામનું છે. જે વિશિષ્ટ અધિકાર ધરાવતી સમાજની પેટા સમિતિનાં અંકુશ હેઠળનુ છે જેની માલિકી કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા ટ્રસ્ટ નં.એ/૮૨૮ કચ્છ ની છે. અને માંડવી સીમ ગામનાં નમુના નં. ૬ હકકપત્રમાં બંન્ને જમીનોની વેચાણ લીધાની નોંધ નં. ૧૫૭૨ મુજબ શ્રી કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ પ્રમુખ લધા વિશ્રામ પટેલનાં નામે છે. જે મુળભૂત રીતે સમાજની હોસ્ટેલ છે. અને જે મિલ્કત જેતે વખતે ટ્રસ્ટ નંબર એ૮૨૮ કચ્છ નાં વાર્ષીક હિસાબોમાં સંમલીત છે. (લધા વિશ્રામ પટેલ તે વખતનાં વહીવટકર્તા હોવાથી તેમનું નામ છે. સંસ્થામાં જેતે વખતનાં વહીવટકર્તાનું નામ લખવું ફરજિયાત છે.)

(૬) સમાજનાં વાર્ષીક હિસાબો અને તેમાં માંડવીની સમિતિનાં હિસાબોની નોંધોની સ્થીતી? :- આ સમિતિ વિશીષ્ટ અધિકાર ધરાવતી હોઈ તેના હિસાબો, બેંક એકાઉન્ટો અલગથી સ્વતંત્ર રીતે કરતી હોઈ પોતાની રીતે વાર્ષીક હીસાબો તૈયાર કરવામાં આવતાં જેનો નફો-નુકશાન ખાતુ તેમજ વાર્ષીક સરવૈયુ અલગથી બનાવવામાં આવતું અને અલગ ઓડીટર પાસે ઓડીટ કરવામાં આવતું જે મુજબ ૧૯૯૧ થી ૧૯૯૭ દરમ્યાન સ્વતંત્ર રીતે

વાંઢાય

હીસાબો તૈયાર કરવામાં આવેલ જેમાં મળેલ દાનની રકમો તેમજ હોસ્ટેલ બાંધકામમાં થયેલ ખર્ચની વિગતો તેમજ સ્થાવર મિલ્કતની ખરીદી જે માંડવી ની પશ્ચિમે દિશાએ ખરીદ કરેલ જેની વિગતો અલગ સરવૈયા બનાવી ૧૯૯૧-૯૨ થી ૧૯૯૭ સુધી તેના વ્યવસ્થાપક શ્રી જેઠાભાઈ લાલજી ચોપડાના હસ્તાક્ષરથી આઈ.એચ.દેસાઈ એન્ડ કંપની દવારા ઓડીટ કરવામાં આવેલ. ત્યાર બાદ ૧૯૯૭ માં આ સમિતિ કોઈ અલગ ટ્રસ્ટ કે સ્વતંત્ર સમિતિ ન હોતાં અને ટ્રસ્ટ એકટની જોગવાઈ મુજબ ચેરીટી કમિશ્નરમાં સમાજના ટ્રસ્ટ નં. એ૮૨૮ કચ્છ નીચે નોંધાવવાની જરૂર (ફરજિયાત) હોતાં આ હિસાબો ૧૯૯૭ માં એક સાથે હિસાબોનું સ્ટેટમેન્ટ બનાવી મુળ ટ્રસ્ટ નં. એ૮૨૮ કચ્છ નાં વાર્ષીક હિસાબોમાં સંમલિત કરવામાં આવ્યા જેમાં સ્થાવર મિલ્કત ખાતે રૂા.૬૧,૨૪,૯૨૮ બતાવવામાં આવેલ જે ખર્ચ ૧૯૯૧-૯૨ થી ૧૯૯૬-૯૭ દરમ્યાન કરવામાં આવેલ બતાવાયેલ એજ રીત આ હિસાબોમાં અંકીત ફંડો ખાતે દાન તરીકે રૂા.૮૫,૨૯,૮૯૪ બતાવવામાં આવેલ. આ હિસાબોમાં નવી ખરીદેલ જમીન સ્થાવર મિલ્કતમાં દર્શાવવામાં આવેલ છે. જેથી ટ્રસ્ટ એકટ નીચે આ મિલ્કત ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં સમાજનાં ટ્રસ્ટ દવારા રજુ કરવામાં આવેલ હિસાબોમાં દર્શાવવામાં આવેલ છે. જેને ચાર્ટડ એકાઉન્ડ મહેશ અંજારીયા એન્ડ કંપની દવારા ઓડીટ કરવામાં આવેલ છે. અને ત્યાર પછી જેતે વખતનાં વધારે થયેલ બાંધકામ અને તેનાં માટે મળેલ દાનો નવી હોસ્ટેલનું બાંધકામ જે લખુ વીરજી ધોળુ વિધાર્થી છાત્રાલયની મિલ્કત તેમજ બેંક એકાઉન્ટો દરેક વખતની સ્થીતિ મુજબ સમાજનાં હીસાબોમાં સંમલિત કરવામાં આવેલ છે. અને જેતે વખતે ઓડીટ કરી ટ્રસ્ટ એકટ મુજબ ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી ભુજ ખાતે રજુ કરવામાં આવેલ છે. અને જેમાં થતો ટ્રસ્ટ અંગેનો ફાળો અને ઈન્કમટેક્ષ સમાજ દવારા ભરવામાં આવેલ છે.

(૭) તત્કાલીન પ્રમુખ કે તત્કાલીન મંત્રી સંસ્થાની મીલ્કત તબદીલ કરી શકે કે કેમ? :-
કોઈપણ ટ્રસ્ટ, કંપની, મંડળી, ભાગીદારી પેઢી જે જુદા-જુદા કાયદા નીચે બનેલી સંસ્થા હોય છે અને તે નિર્જીવ વસ્તુ છે અને તેનો વહીવટ કોઈપણ જીવિત હોદેદાર વ્યકિત દવારા થતો હોય છે. અને તેમના રજીસ્ટ્રેશન માટે જેતે વખતના કાર્યકર્તા કે સહીકર્તા હોદેદારનાં નામ લખવાના હોય છે, જેતે સંસ્થાઓના વહીવટકર્તા હોય અને તે જેતે સંસ્થા વતી જેતે વખતનો હોદો હોય તે હોદાનો નામ લખવાનો હોય છે. કોઈપણ ટ્રસ્ટ હોય કે કંપની હોય તેના કાર્યકર્તા તેની મુદત દરમ્યાન તેના હોદાની રૂએ સહી કરતા હોય છે. જેને કારણે તે મિલ્કતનાં માલિક બનતા હોતા નથી. તેની મુદત પૂર્ણ થઈ ગયા પછી કે હોદા પરથી છુટા થયા પછી હોદા પર ન રહેવાના કારણે જેતે સંસ્થા વતી માજી પ્રમુખ કે મંત્રી કે તત્કાલીન પ્રમુખનાં નામે ટ્રસ્ટ, પેઢી, કંપની કે સંસ્થાના નામે વહીવટ કરી શકે નહીં આ વહીવટ અધિકાર ધરાવનાર કોઈપણ હોદેદાર સહી કરીને વહીવટ કરી શકે. તત્કાલીન પ્રમુખ કે તત્કાલીન મંત્રી તરીકે કરેલો વહીવટ ગેર કાયદેસર ગણાય, કારણકે તેઓ આવો વહીવટ કરવા કોઈ અધિકાર ધરાવતા નથી. તેથી માંડવીમાં આવેલ મિલકતનો વહીવટ તત્કાલીન

વાંઢાય

પ્રમુખ તરીકે લધા વિશ્રામ પોકાર અને તત્કાલીન મંત્રી તરીકે શ્રી ભવાનજી ભાણજી રામાણીએ કરેલો વહીવટ ગેરકાયદેસર છે અને નિમયની વિરૂધ્ધ છે.

(૮) સમિતિનાં વાર્ષીક હિસાબોનું સ્ટેટસ? :- કચ્છ કડવા પાટીદાર માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની રચના ૧૯૯૧ માં સમાજની કારોબારીમાં ઠરાવ કરી અધિકાર આપી કરવામાં આવેલ. અને હોસ્ટેલની પ્રવૃતિઓ શરૂ કરવામાં આવેલ જેમાં નવી હોસ્ટેલનું બાંધકામ શરૂ કરેલ. અને તેના હિસાબો શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી-કચ્છ તરીકે અલગ રીતે તૈયાર કરવામાં આવેલ જેનાં વ્યવસ્થાપક તરીકે જેઠાભાઈ લાલજી પટેલ ની સહી કરવામાં આવેલ જેને ચાર્ટડ એકાઉન્ટટ આઈ. એચ. દેસાઈ એન્ડ કંપની દવારા ઓડીટ કરવામાં આવેલ જેનું પ્રથમ સરવૈયું માર્ચ ૧૯૯૨ માં તૈયાર કરવામાં આવેલ જેમાં ફંડ અને જવાબદારી તરીકે રૂા.૬,૨૧,૩૮૯.૭૫ અને મિલ્કત તરીકે એટલી જ રકમ દર્શાવવામાં આવેલ. બીજુ સરવૈયુ ૧૯૯૩ માં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી-કચ્છનાં નામે તૈયાર કરવામાં આવેલ જેમાં ફંડ અને જવાબદારી બાજુ રૂા.૩૬,૭૨,૧૨૦.૫૦ દર્શાવવામાં આવેલ. સામેની બાજુ મિલ્કત અને લેણા રૂા.૩૬,૭૨,૧૨૦.૫૦ દર્શાવવામાં આવેલ જેમાં સ્થાવર મિલ્કત તરીકે ખરીદેલ પ્લોટની રકમ રૂા.૨,૨૯,૬૭૫ દર્શાવવામાં આવેલ. તેમજ મુડી અને દેવા બાજુ જુદી-જુદી સ્કીમમા આવેલ રકમો છે અને ટ્રસ્ટીઓ પાસેથી લોનની રકમો જ્યારે મિલ્કત બાજુ હોસ્ટેલ બાંધકામમાં થયેલ ખર્ચ બેંકમાં રહેલ રકમોની તેમજ હોસ્ટેલ બાંધકામમાં થયેલ ખર્ચથી વિગત દર્શાવવામાં આવેલ છે. ૧૯૯૪માં વર્ષ પૂર્ણ થતા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી-કચ્છનાં નામે ફરી હિસાબો તૈયાર થતાં સરવૈયુ બનાવવામાં આવેલ જેમાં મુડી અને દેવા બાજુ રૂા.૬૩,૪૨,૯૦૯.૯૫ એજ રીતે મિલ્કત અને લેણા બાજુ રૂા.૬૩,૪૨,૯૦૯.૯૫ દર્શાવવામાં આવેલ. મૂડી બાજુની રકમમાં જુદી-જુદી સ્કીમ તળે મળેલ દાનોની વિગત અને લીધેલ લોનોની વિગત દર્શાવવામાં આવેલ છે. મિલ્કત બાજુ ગઈ સાલે ખરીદેલ પ્લોટ અને ચાલુ સાલે ખરીદેલ પ્લોટની રકમ રૂા.૬,૯૪,૪૮૦ એમ મળી સ્થાવર મિલ્કત ખાતે રૂા.૯,૨૪,૧૫૫ દર્શાવવામાં આવેલ છે. જ્યારે બાકીની રકમ નવી બંધાતી હોસ્ટેલ માટે કરેલ હોઈ તેમજ બેંકોમાં મુકવામાં આવેલ રકમની હોઈ મિલ્કત બાજુ મિલ્કત તરીકે દર્શાવવામાં આવેલ છે. ફરી ૧૯૯૫ માં વર્ષ પૂર્ણ થતા સમાજનું નામ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ થતાં અને હોસ્ટેલ નામ શ્રી નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલય થતાં આ હિસાબો અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાયલ માંડવી-કચ્છ નાં નામે તૈયાર કરવામાં આવેલ. આ રકમ મૂડી અને દેવા બાજુ રૂા.૭૩,૦૨,૦૯૯ અને મિલ્કત અને લેણા બાજુ એટલી જ રકમ દર્શાવવામાં આવેલ છે. જેમાં મૂડી બાજુ ફંડની જવાબદારી બાજુ જુદી-જુદી સ્કીમો તળે મળેલ દાનની રકમ નોંધવામાં આવેલ છે. તે ઉપરાંત ટ્રસ્ટો પાસેથી કે અન્ય રીતે લીધેલ લોન દર્શાવવામાં આવેલ છે. મિલ્કત અને લેણા બાજુ નવી હોસ્ટેલ બાબતે થયેલ ખર્ચની રકમો તેમજ બેંક એકાઉન્ટની વિગતો અને જુદા-જુદા ડિપાર્ટમેન્ટમાં ડીપોઝીટની રકમો દર્શાવવામાં આવેલ

છે. અને મિલ્કત તરીકે ખરીદેલ નવા પ્લોટની ગઈ સાલના સરવૈયામાં બાકી રકમ રૂા.૯,૨૪,૧૫૪ દર્શાવવામાં આવેલ છે. એજ રીતે ૧૯૯૭ માં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સંચાલિક નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલયનાં નામે મૂડી અને દેવા બાજુ રૂા.૮૭,૫૬,૧૬૪ દર્શાવવામાં આવેલ છે અને એટલી જ રકમ મિલ્કત અને લેણા બાજુ દર્શાવવામાં આવેલ. મૂડી બાજુ આવેલી રકમો જુદી-જુદી સ્કીમો મુજબ મળેલ દાનોની રકમ છે અને મિલ્કત અને લેણા બાજુ સ્થાવર મિલ્કત તેમજ નવી બાંધવામાં આવેલ હોસ્ટેલ બિલ્ડીંગ અને અન્ય રોકાણો દર્શાવેલ છે. અત્યાર સુધી આ હિસાબો અલગ ચાર્ટડ એકાઉન્ટટ પાસે ઓડીટ કરાવી સમિતિ પોતાની પાસે રાખતી હતી પણ ૧૯૯૭ માં આ હિસાબો ૧૯૯૨ થી ૧૯૯૭ સુધીના હિસાબો એકત્રીત કરી અને કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણા ટ્રસ્ટનો નોંધણી નં. એ/૮૨૮ કચ્છ માં સંમલિત કરવામાં આવેલ. અને તેમાં સ્થાવર મિલ્કત તરીકે રૂા.૬૧,૨૪,૯૧૮.૨૭ માંડવી નિર્માણ સમિતિનાં નામે દર્શાવવામાં આવેલ છે. જેમાં બે દસ્તાવેજ થી માંડવીમાં ખરીદવામાં આવેલ પ્લોટો સમાવેશ થઈ જાય છે. ત્યાર બાદ ૧૯૯૮માં થયેલ વહીવટનો અહેવાલ એ સરવૈયામાં દર્શાવવામાં આવેલ છે. ૧૯૯૯માં મિલકતોનાં પરિશિષ્ટમાં આ મિલકતો દર્શાવવામાં આવી છે અને ફંડો બાજુ પણ ફંડની પરિસ્થીતી દર્શાવવામાં આવી છે. વર્ષ ૨૦૦૦માં સ્થાવર મિલકતમાં વધારો થતાં સરવૈયામાં આ વધાર સાથેથી નોંધ દર્શાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૧માં પણ વધારો થતાં આ વધારે રકમ સાથે સ્થાવર મિલકતમાં અને ફંડમાં વધારો થતાં ફંડ બાજુ દર્શાવવામાં આવેલ છે. અને બેંકોમાં ડિપોઝીટો અને બેંક ખાતાઓની વધઘટ થયેલ સ્થીતિનો અહેવાલ રજુ કરેલ છે. એજ રીતે વર્ષ ૨૦૦૨માં માંડવી ખાતે થયેલ વહીવટ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં વાર્ષીક હિસાબોમાં રજુ થયેલ છે. અને જેને સમાજનાં ટ્રસ્ટી શીવદાસ ગોવિંદ પટેલની સહીથી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૩ પૂર્ણ થતાં આ હિસાબોની ૩૧-૦૩-૨૦૦૩ની સ્થીતી પ્રમાણે સમાજનાં વાર્ષીક સરવૈયામાં અંકિત ફંડો તરીકે અને સ્થાવર મિલકત તરીકે દર્શાવવામાં આવેલ છે. જેને ટ્રસ્ટી શ્રી શીવદાસ ગોવિંદ પટેલ દવારા ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ છે. એજ વર્ષ ૨૦૦૪ માં વર્ષ પૂર્ણ થતાં ૩૧-૦૩-૨૦૦૪ નાં સમાજનાં સરવૈયામાં અંકિત ફંડો અને સ્થાવર મિલકત તરીકે દર્શાવવામાં આવેલ છે. જેને ટ્રસ્ટીશ્રી શીવદાસ ગોવિંદ પટેલની સહીથી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ છે. ૨૦૦૫ નું વર્ષ પુરુ થતાં ઉપજ ખર્ચ તેમજ અંકિત ફંડો અને સ્થાવર મિલકતનો સમાજ અહેવાલ રજુ કરવામાં આવેલ છે. ત્યાર બાદ ૨૦૦૬ નું વર્ષ પુરુ થતાં અને આ વર્ષ દરમ્યાન માંડવી ખાતે નવી હોસ્ટેલનું બાંધકામ શરૂ થઈ ગયેલ હોઈ તે અંગે થયેલ ખર્ચ અને મળેલ ફંડોની સ્થીતીનો અહેવાલ સમાજ સરવૈયામાં દર્શાવવામાં આવેલ છે. જેને ટ્રસ્ટીશ્રી શીવદાસ ગોવિંદ પટેલની સહીથી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ છે. ૨૦૦૭માં વર્ષ પૂર્ણ થતાં માંડવીમાં થયેલ આવક-જાવકનું ઉપજ ખર્ચ ખાતું અને મળેલ ફંડો અને દાનોનું અંકિત ફંડો ખાતે અને સ્થાવર મિલકતમાં થયેલ વધારો

સ્થાવર મિલકત ખાતે સમાજનાં સરવૈયામાં દર્શાવી જેને ટ્રસ્ટીશ્રી શીવદાસ ગોવિંદ પટેલની સહીથી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ છે. ૨૦૦૮નું વર્ષ પૂર્ણ થતાં સરવૈયા તૈયાર કરતા માંડવીમાં થયેલ વહીવટનો અહેવાલ તેનાં ઉપજ ખર્ચ અને ફંટો અને સ્થાવર મિલકતનો સમાજનો વાર્ષીક અહેવાલ ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં ટ્રસ્ટીશ્રી દેવજી માવજી પટેલની સહીથી રજુ કરવામાં આવેલ. વર્ષ ૨૦૦૯ માં વર્ષ પૂર્ણ થતાં સમાજનો વાર્ષીક અહેવાલ એટલેકે ઉપજ ખર્ચ મળેલ દાનો કે ફંડો બાજુ અને મિલકત બાજુ સ્થાવર મિલકતને દર્શાવવામાં આવેલ છે. જેનેચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં ટ્રસ્ટીશ્રી દેવજી માવજી પટેલની સહીની રજુ કરવામાં આવેલ. ત્યાર બાદ વર્ષ ૨૦૧૦માં વર્ષ પુરુ થતાં તેનાં ઉપજ ખર્ચનાં હિસાબો તેમજ ફંડોની સ્થીતી અને સમાજની મિલકતની સ્થીતી ટ્રસ્ટીશ્રી શીવદાસ ગોવિંદ પટેલની સહીથી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ છે. ૨૦૧૧માં વર્ષ પૂર્ણ થતાં આ હિસાબોમાં માંડવી તરફથી હિસાબો બાકી હોતાં ઓડીટર મહેશભાઈ અંજારીયા એન્ડ કંપની દવારા ઓડીટ રીપોર્ટમાં સામાન્ય શેરો આપેલ કે માંડવી વિભાગનાં તથા કેન્દ્રીય વિભાગનાં હિસાબોની મેળવણી બાકી છે અને હિસાબોને ઓડીટ કરેલ અને માવજી કેશરા પટેલની સહીથી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ. એજ રીતે ૨૦૧૨ માં વર્ષ પુરુ થતાં માંડવી તરફથી હિસાબો બાકી હોતાં ઓડીટર મહેશભાઈ અંજારીયા એન્ડ કંપની દવારા ઓડીટ રીપોર્ટમાં સામાન્ય શેરો આપેલ કે માંડવી વિભાગનાં તથા કેન્દ્રીય વિભાગ હિસાબોની મેળવણી બાકી છે અને સમાજનાં હિસાબોને ઓડીટ કરેલ અને માવજી કેશરા પટેલની સહીથી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ. એજ રીતે ૨૦૧૩ માં વર્ષ પુરુ થતાં માંડવી તરફથી હિસાબો બાકી હોતાં ઓડીટર મહેશભાઈ અંજારીયા એન્ડ કંપની દવારા સમાજનો ઓડીટ રીપોર્ટમાં સામાન્ય શેરો આપેલ કે માંડવીનાં ચાલુ વર્ષનાં હિસાબો રજુ થયેલ નથી. માંડવી વિભાગોનાં હિસાબોનો આ હિસાબ તથા રીપોર્ટમાં સમાવેશ કરાયેલ નથી. માંડવી વિભાગની સરવૈયાની ખુલતી બાકીઓ આ કારણથી આ સરવૈયાને તૈયાર કરતી વખતે ધ્યાનમાં લેવાયેલ નથી. અને સમાવેલ નથી. આ રીપોર્ટ આ ખાસ નોંધને આધીન છે. માંડવી વિભાગનાં તથા કેન્દ્રીય વિભાગનાં હિસાબોની મેળવણી બાકી છે. અને હિસાબોને ઓડીટ કરેલ અને માવજી કેશરા પટેલની સહીથી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ. એજ રીતે ૨૦૧૪ માં વર્ષ પુરુ થતાં માંડવી તરફથી હિસાબો બાકી હોતાં ઓડીટર મહેશભાઈ અંજારીયા એન્ડ કંપની દવારા ઓડીટ રીપોર્ટમાં સામાન્ય શેરો આપેલ કે માંડવીનાં ચાલુ વર્ષનાં હિસાબો રજુ થયેલ નથી. માંડવી વિભાગોનાં હિસાબોનો આ હિસાબ તથા રીપોર્ટમાં આ સામાજમાં સમાવેશ કરાયેલ નથી. માંડવી વિભાગની સરવૈયાની ખુલતી બાકીઓ આ કારણથી આ સરવૈયાને તૈયાર કરતી વખતે ધ્યાનમાં લેવાયેલ નથી. અને સમાવેલ નથી. આ રીપોર્ટ આ ખાસ નોંધને આધીન છે. માંડવી વિભાગનાં તથા કેન્દ્રીય વિભાગ હિસાબોની મેળવણી બાકી છે. સંસ્થાએ નાનજી વિરજી ધોળુ કન્યા છાત્રાલય માંડવીનો હિસાબ આમાં રજુ થતાં સમાવેશ કરવામાં આવેલ છે. જે હિસાબોને ઓડીટ કરેલ અને ટ્રસ્ટીશ્રી વાલજીભાઈ પટેલની સહીથી

ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં રજુ કરવામાં આવેલ. ૨૦૧૫માં વર્ષ પુરુ થતાં માંડવીનાં હિસાબો સમંલિત નથી એવો શેરો કરી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં લાલજીભાઈ પટેલની સહીથી રજુ કરવામાં આવેલ. એજ રીતે ૨૦૧૬માં વર્ષ પુરુ થતાં માંડવીનાં હિસાબો સમંલિત નથી એવો શેરો કરી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં લાલજીભાઈ પટેલની સહીથી રજુ કરવામાં આવેલ છે. આ રીતે દર વર્ષે આ હિસાબો કારોબારી સમિતીની મિટીંગમાં પાસ કરી અને દર વર્ષે મળતી વાર્ષીક સામાન્યસભામાં સમાજનાં તમામ વિભાગનાં હિસાબો એટલેકે નખત્રાણા, ભુજ, માંડવી, ગાંધીધામ અને વલ્લભવિધાનગર ખાતે ચાલતી સમાજની સંસ્થાઓનાં હિસાબો તૈયાર કરી વાર્ષીક સામાન્યસભામાં સમાજનાં સભ્યોની હાજરીમાં પાસ કરવામાં આવેલ છે. અને ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં જેતે વર્ષની અગાઉ જણાવેલ રીતે રજુ થયેલ છે. જેને હાજર રહેલ સભ્યોએ બહાલી આપેલ છે. એજ રીતે દર વર્ષે માંડવીની આ મિલ્કતનાં હિસાબો અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં હિસાબોમાં સંમલિત કરી સમાજનાં ઓડીટર મહેશ અંજારીયા એન્ડ કંપની દવારા ઓડીટ કરવામાં આવેલ છે. જે ૨૦૧૦ સુધી રેગ્યુલર રીતે ચાલ્યા કરે છે. આમ વખતો-વખત મિલ્કતમાં જેમ-જેમ વધારો થતો ગયો તેમ-તેમ સમાજનાં સરવૈયામાં આ મિલ્કતનો પણ વધારો થતો ગયો. અને હિસાબો અલગ રાખી ઓડીટ કરવાનું બંધ કરવામાં આવ્યુ. આ રીતે ૧૯૯૧ થી ૧૯૯૭ સુધી સમિતિ સ્વતંત્ર રીતે હિસાબો રાખી પોતે ઓડીટ કરાવી પોતાની પાસે રાખેલ પરંતુ ૧૯૯૭ થી આ હિસાબો ટ્રસ્ટ એકટ મુજબ સમાજનાં હિસાબોમાં સંમલિત કરી એક જ ઓડટર પાસે ઓડીટ કરાવી વખતો-વખત ફંડમાં કે અન્ય વધારો થતાં અને મિલ્કતોમાં વધારો થતા તે મુજબની અસરો મુજબ સરવૈયામાં દર્શાવેલ. જે પરંપરા ૨૦૧૦ સુધી ચાલુ રહેલ. ૨૦૧૦ પછી આ હિસાબો માંડવી વિભાગ તરફથી નખત્રાણા સમાજમાં રજુ ન થતાં આ હિસાબોની મેળવણી બાકી છે એવો શેરો કરવામાં આવેલ છે.

(૯) પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં હિસાબોનું સ્ટેટસ : પાટીદાર સવોદય ટ્રસ્ટએ બોમ્બે પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ એકટ નીચે નોંધાયેલુ ટ્રસ્ટ છે. જેનાં ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. એ/૧૮૬૮/કચ્છ છે. જેની સ્થાપના જાન્યુઆરી ૨૦૧૨ માં ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી ભુજ માં કરવામાં આવેલ છે. આવા ટ્રસ્ટોને ટ્રસ્ટ એકટની કલમ ૩૨ હેઠળ હિસાબો રાખવાના થાય છે. અને વર્ષ પૂરૂ થતાં કલમ ૩૩ હેઠળ હિસાબોનું સરવૈયુ તૈયાર કરવાનું રહે અને ઓડીટર દવારા તેનુ ઓડીટ કરવાનું રહે છે. આવા હિસાબોમાં વાર્ષીક સરવૈયામાં ટ્રસ્ટ દવારા ધારણ થતી સ્થાવર અને જંગમ મિલ્કતોનો હિસાબ રાખવાનો થતો હોય છે. આ રીતે પાટીદાર સર્વોદય ટ્રસ્ટ દવારા ટ્રસ્ટ એકટની કલમ નં. ૩૨ ની જોગવાઈ મુજબ હિસાબો રાખવામાં આવ્યા છે, ઓડીટ કરવામાં આવ્યા છે અને ચેરીટી કમિશ્નશ્રીની કચેરી સમક્ષ રજુ કરવામાં આવ્યા છે. પાટીદાર સર્વોદય ટ્રસ્ટની સ્થાપનાથી ૨૦૧૬ સુધીનાં હિસાબોનો અભ્યાસ કરતાં આ બેલેન્સ સીટમાં કોઈપણ જગ્યાએ કોઈ પણ વર્ષમાં સ્થાવર મિલ્કત તરીકે માંડવીમાં આવેલ લખુ વીરજી ધોળુ વિધાર્થી છાત્રાલયનો મિલ્કત તરીકે ઉલ્લેખ જણાતો નથી. તેમજ મુડી

અને દેવા બાજુ કયાંય પણ ફંડ તરીકે નિર્માણ સમિતિનાં તબદીલ કરેલ ફંડો અને બેંકોનાં ખાતાની વિગત દર્શાવવામાં આવેલ નથી. અને પાટીદાર સર્વોદય ટ્રસ્ટ દવારા લવાદપંચ પાસે રજુ કરવામાં આવેલ પ્રોપર્ટી ટેક્ષ ભરેલ જેની રસીદ માંડવી નગરસેવા સદન રસીદ નં. ૧૭૬૨ રૂ.૩૪,૬૦૭ ની રજુ થયેલ છે. જેનું પેમેન્ટ પંજાબ નેશનલ બેંક નાં ચેક નં. ૦૧૮૨૭૬૩ વાળાથી થયેલ છે. જેનો પણ ઉલ્લેખ કે આવુ ખાતુ હોય તેવુ તેમના સરવૈયામાં હોય તેવુ જણાતુ નથી. આ મિલ્કત પાટીદાર સર્વોદય ટ્રસ્ટ દવારા માંડવી ખાતે આવેલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સંચાલિત લખુ વીરજી ધોળુ વિધાર્થી છાત્રાલય તેમના નામે રેવેન્યુ રેકર્ડમાં તબદીલ થયેલ છે. પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં તેમના વાર્ષીક હિસાબોમાં સ્થાવર મિલ્કત તરીકે દર્શાવેલ નથી. ચેરીટી કમિશ્નરની કચેરીમાં એક વખત પીટી એન્ટ્રીમાં નોંધવામાં આવેલ હતી પછી સમાજ તરફથી તકરાર થતાં આ એન્ટ્રી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી દવારા પીટી એન્ટ્રી રદ કરવામાં આવેલ છે. જે ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી પત્ર નં. ૨૧૩૩/૨૦૧૩ રાજકોટ તા.૦૧-૦૭-૨૦૧૩ વાળા હુકમથી રદ કરવામાં આવેલ છે. અને એ પત્રનાં ક્રમ ૫ મુજબ વાર્ષીક હિસાબો કલમ ૩૨ અને ૩૩ મુજબ રાખવા સુચના આપવામાં આવેલ છે. તે જ પત્રની ક્રમ ૬ મુજબ પીટીઆર ઉપર નોંધાયા સીવાયની અન્ય કોઈ સ્થાવર કે જંગમ મિલ્કત હોય તો તે ટ્રસ્ટનાં ખાતે નોંધાવા માટે તાત્કાલીક ફેરફાર રીપોર્ટ ટ્રસ્ટની કચેરીમાં નોંધાવા સ્પષ્ટ સુચના આપવામાં આવેલ છે. આમ છતાં પણ વર્ષ ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ કે ૨૦૧૬-૧૭ ના વાર્ષીક હિસાબોમા આ વિવાદ વાળી માંડવીની મિલ્કત કે પંજાબ નેશનલ બેંક વેગેરે ની સ્થાવર અને જંગમ મિલ્કત દર્શાવવામાં આવેલ નથી. અને જેને ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દવારા સર્ટીફાઈડ કરવામાં આવેલ છે. અને ટ્રસ્ટીઓ કબુલાત આપે છે કે બેલેન્સસીટમાં બતાવ્યા સીવાય ટ્રસ્ટની બીજી કોઈ મિલ્કત નથી. જેથી સ્વયં સ્પષ્ટ થાય છે કે પાટીદાર સર્વોદય ટ્રસ્ટ તેમના તરફથી તેમના ઓડીટર આઈ.એચ.દેસાઈ દવારા ઓડીટ કરી અને તેમના સ્પેસીયલ રીમાર્ક મુજબ સરવૈયા સીવાય કોઈ મિલકત ધરાવતા નથી. જેથી આ સરવૈયામાં માંડવી ખાતે આવેલ વિવાદવાળી લખુ વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલયનો સમાવેશ કરેલ નથી. જેથી સ્વયં સ્વીકૃત છે કે આ મિલકત પાટીદાર સર્વોદય ટ્રસ્ટની નથી.

(૧૦) લખુ વીરજી વિધાર્થી છાત્રાલયનાં ઈલેકટ્રીક કનેકશન, પાણી કનેકશન, ગેસ કનેકશન અને ટેલીફોન જોડાણની વિગત : ઈલેકટ્રીક કનેકશન અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં નામે છે. પાણી કનેકશન અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં નામે છે. ગેસ કનકશન અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં નામે છે. અને ટેલીફોન કનેકશન અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં નામે છે. પાનકાર્ડ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં નામે છે.

(૧૧) માંડવી નિર્માણ સમિતિનાં લેટરપેડ, પહોંચબુકો, ઉદઘાટનની પત્રિકાઓ કે વાર્ષીક ઉત્સવોમાં વપરાતા પત્રોનાં ટાઈટલની વિગત :- શરૂઆતમાં કચ્છ કડવા પાટીદાર સમાજ નિયુકત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ અને ત્યાર બાદ નામમાં સુધારો થતાં અખિલ

વાંઢાય

ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ તરીકે ઓળખાતુ. એજ રીતે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદા સમાજ સંચાલિત નાનજી વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલય તરીકે ઓળખાય છે. નવી હોસ્ટેલનાં શીલાન્યાસની પત્રિકા નિમંત્રક તરીકે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ દવારા આપવામાં આવેલ છે. અને જેનો ઉદઘાટન કરવાનું થતાં તેની પણ આમંત્રણ પત્રિકા એજ નામથી આપવામાં આવેલ છે. અને જેનું નામકરણ થતાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત લખુ વિરજી ધોળુ (દુર્ગાપુર) વિધાર્થી છાત્રાલય નામે વહીવટ થાય છે. કોઈપણ કાર્યક્રમમાં પ્રથમ સમાજનું નામ અને ત્યાર બાદ સંચાલિત સંસ્થાનું નામ લખી અને કાર્યક્રમો યોજાતા રહેલ છે. અને અખબારોમાં પણ આવા કાર્યક્રમોનાં અહેવાલોમાં પણ સમાજનું નામ પ્રથમ લખવામાં આવે છે અને જેતે સંચાલિત સંસ્થાનું નામ લખવામાં આવેલ.

(૧૧) નિર્માણ સમિતિ માંડવી સમાજની આ મિલ્કત બીજા આ ટ્રસ્ટને તબદીલ કરવા અધિકાર ધરાવે છે? :- માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિએ કોઈ અલગ ટ્રસ્ટ નથી. જે તા.૨૧-૦૩-૧૯૯૧ ના સમાજના ઠરાવ મુજબ કેટલાક વિશીષ્ટ અધિકારો સાથે બનેલી સમાજનાં કોરોબારીની પેટા સમિતિ છે. જેની નિમણૂક સમાજની કારોબારી કે સામાન્યસભા દવારા થતી હોય છે. તેમને મિલ્કત વસાવવાનાં કે વિકાસ કરવાનાં અધિકાર આપવામાં આવેલ છે. પરંતુ આવી મિલ્કત કચ્છ કડવા પાટીદાર સમાજ કે પાછળથી સુધરેલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની હોય છે. ટ્રસ્ટનાં કાયદાની કલમ ૩૬ મુજબ કોઈ પણ ટ્રસ્ટની મિલ્કત તબદીલ કે નિકાલ કરી શકાય. માંડવી નિર્માણ સમિતિ એ કોઈ ટ્રસ્ટ નથી, તેમના કોઈ સ્વતંત્ર ટ્રસ્ટીઓ નથી, તેમના કોઈ આજીવન સભ્યો કે સામાન્યસભ્યો નથી. તે માત્ર સમાજની કારોબારી દવારા સમાજનાં સભ્યોમાંથી નિમવામાં આવેલ પેટા સમિતિ છે અને તેના સભ્યોની નિમણૂક પણ સમાજની કારોબારી કે સામાન્યસભામાં તેમના સભ્યો માંથી કરવામાં આવેલી છે. અને તેમની મિલ્કત બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ની કલમ ૩૬ મુજબ માત્રને માત્ર જેતે ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ મારફત જ થઈ શકે. તેથી માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિને કોઈ અધિકાર પહોચતા નથી અને મિલ્કત તબદીલ કરી શકે નહી.

(૧૨) પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓને આ વિવાદવાળી મિલકતનાં ટાઈટલ વિશે માહિતી કે જાણ હતી કે કેમ? :- પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ પૈકી કેટલાંક સભ્યો કચ્છ કડવા પાટીદાર સમાજનાં અને ત્યારબાદ નામમાં સુધારો થતાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનાં આજીવન સભ્યો, કારોબારી સમિતિનાં સભ્યો, ઉપપ્રમુખ તરીકે અને ટ્રસ્ટીઓ તરીકે જવાબદારીઓ નિભાવેલ છે. દર વર્ષે વર્ષ પુરુ થતાં ઓડિટેડ વાર્ષીક હિસાબો કારોબારી સમિતિમાં મંજુર કરવામાં આવે છે. વાર્ષીક સામાન્યસભામાં રજુ કરી આ હિસાબોને બહાલી આપવામાં આવે છે. આ પરંપરા દર વર્ષે ચાલી આવે છે. પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ પણ સમાજનાં સભ્યો હોવાથી આવી સભામાં ૨૦૧૨થી અગાઉનાં

વાંઢાય

વર્ષોમાં હાજરી આપી આ સમાજનાં હિસાબોને બહાલી આપેલ છે. આ હિસાબોમાં માંડવીમાં આવેલ વિવાદ વાળી મિલકતનો પણ સમાવેશ થયેલ છે. અને જે હિસાબોને તેઓએ પણ બહાલી આપેલ છે. અને ટ્રસ્ટીશ્રી શીવદાસ ગોવિંદ છાભૈયા દવારા સમાજનાં હિસાબોને ઘણા વર્ષો સુધી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાવેલ છે. જેથી તેમની સ્પષ્ટ જાણાય છે કે, માંડવીમાં આવેલ આ મિલકતો સમાજની મિલકતો છે. અને તેઓ દવારા બહાલી આપવામાં આવેલ છે. તેથી પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓને આ વિવાદ વાળી મિલકતનું ટાઈટલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદારનું છે તે સ્પષ્ટ રીતે તેમની જાણમાં છે.

(૧૨) મીલ્કતના નામ ટ્રાન્સફર થવા પછી સમાજને જાણ કરવામાં આવી કે બહાલી લેવામાં આવી? :- માંડવીમાં આવેલ કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ નિર્માણ સમિતિનાં કેટલાક સભ્યો દવારા અલગ પાટીદાર સર્વોદય ટ્રસ્ટ નામનું ટ્રસ્ટ રચી માંડવી ખાતે આવેલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત લખુ વીરજી ધોળુ (દુર્ગાપૂર) હોસ્ટેલ વાળી મિલ્કત તા.૧૦-૦૨-૨૦૧૨ નાં ઠરાવ કરી તા.૨૨-૦૩-૨૦૧૨ ના પત્રથી આ મિલ્કત કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ (છાત્રાલય) નિર્માણ સમિતિનાં નામે આવેલ મિલ્કત પાટીદાર સર્વોદય ટ્રસ્ટના નામે તબદીલ કરી દેવામાં આવેલ. જેની જાણ સમાજને કરવામાં આવેલ નથી. આ મિલ્કત સમાજના નામ માંથી સર્વોદય ટ્રસ્ટનાં નામે તબદીલ થઈ જવા પછી સમાજનાં મંત્રી દવારા તા.૨૪-૦૨-૨૦૧૨ ના પત્રથી આ છાત્રાલય કંઠી વિભાગ લક્ષ્મીનારાયણ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સમુહલગ્ન આયોજન સમિતિને વાપરવા માટે આપવાનું જણાવેલ જેના જવાબમાં તા.૦૬-૦૩-૨૦૧૨ નાં પત્રથી માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ દવારા આ હોસ્ટેલ કોઈને પણ વાપરવા પરવાનગી આપી શકતા નથી તેવી જાણ કરેલ. આ મિલકત આ સમય દરમ્યાન સમાજનાં નામ માંથી પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં નામે તબદીલ થઈ ગઈ હોવા છતાં સમાજને જાણ કરેલ નથી અને પત્ર દવારા ગેરમાર્ગે દોરવામાં આવેલ છે. સમાજ દવારા તા.૦૪-૦૪-૨૦૧૨ નાં પત્રથી માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિને તાકીદ કરવામાં આવી કે સમાજના ભલામણ પત્રનો અનાદર થાય છે. અને આ મિલ્કતનો નિર્ણય માત્ર સમાજ દવારા થઈ શકે એવી જાણ કરવામાં આવેલ. તા.૧૬-૦૪-૨૦૧૨ ના પત્રથી માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિએ તા.૦૩-૦૫-૨૦૧૨ ના ૩:૩૦ કલાકે નિર્માણ સમિતિની મિટીંગ બોલાવાનું નકકી કરવામાં આવેલ છે અને જે પણ નિર્ણય થશે તેની પત્ર દવારા જાણ કરવામાં આવશે. તા.૧૯-૦૫-૨૦૧૨ ના પત્રથી સમાજને જાણ કરવામાં આવી કે નિર્માણ સમિતિની એક મિટીંગ તા.૦૩-૦૫-૨૦૧૨ ના બોલાવવામાં આવેલ અને જેમાં નિર્ણય લેવામાં આવેલ કે હોસ્ટેલનું ગ્રાઉન્ડ વાપરવા માટે આપવું કે કેમ તેના નિયમો બનાવવા માટે મિટીંગ બોલાવી અને તેમાં ચર્ચાવિચારણા કરી એ મિટીંગમાં થયેલ નિર્ણયની આપને જાણ કરવામાં આવશે. પરંતુ આ દરમ્યાન તા.૧૦-૦૨-૨૦૧૨ નાં ઠરાવથી તા.૨૨-૦૩-૨૦૧૨ ના આ મિલ્કત પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં નામે તબદીલ થઈ જવા છતાં એ તારીખ પછી પણ પત્ર

વાંઢાય

વ્યવહાર કરી સમાજને સાચી પરીસ્થીતીથી અવગત કરાવ્યા વગર સમાજને ગેરમાર્ગે દોરેલ છે. અને સમાજ પાસે કોઈ મંજુરી માંગેલ નથી અને સમાજે મંજુરી કે બહાલી આપેલ નથી. જેથી આ કૃત્ય સમાજને અંધારામાં રાખી સમાજ દવારા આપવામાં આવેલ અધિકાર બહારનું કૃત્ય ગણી શકાય અને સમાજ સાથેનું વિશ્વાસભંગ કર્યું ગણાય.

(૧૩) મિલકત તબદિલ થવા પછી નિર્માણ સમિતિનાં સભ્યોના નિવેદનો લેવામાં આવ્યા છે? જો હા તો તેમનો આ મીલ્કત બાબત નો મત શું છે? :- પાટીદાર સર્વોદય ટ્રસ્ટ રજીસ્ટર કરાવી અને માંડવીમાં આવેલ લખુ વીરજી ધોળુ વિધાર્થી છાત્રાલયની મિલ્કત પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં નામે તબદીલ થઈ જતા સમાજ દવારા તેમના વકીલ યોગેશ ભંડારકર મારફત નિર્માણ સમિતિનાં તમામ સભ્યોને તા.૧૧-૦૯-૨૦૧૨ના એક લીગલ નોટીસ આપવામાં આવેલ જેમા માંડવી ખાતે આવેલ લખુ વીરજી ધોળુ વિધાર્થી છાત્રાલય વાળી મિલ્કત જે જમીન શ્રી કચ્છ કડવા પાટીદાર હોસ્ટેલ (છાત્રાલય) નિર્માણ સમિતિ માંડવી-કચ્છ વાળાનાં નામે હતી અને તે મિલ્કત ખોટી અને ગેરકાયદેસર રીતે આ મિલ્કત પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં નામે આપ સર્વે નિર્માણ સમિતિના સભ્યો દવારા સમાજ સાથે છેતરપીંડી, વિશ્વાસઘાત અને મિલ્કત પચાવી પાડવાનું કાવતરુ રચી મિલ્કત પચાવી પાડેલ છે. આ પ્રત્યે ભારતીય દંડ સંહિતા તળે ગંભીર ગુનાહિત કૃત્ય છે. તો આ નોટીસ મળ્યેથી દિવસ ૪ (ચાર)માં આ મિલ્કત પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં નામેથી પાછી કચ્છ કડવા પાટીદાર માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિનાં નામે કરી આપશો નહીતર આપના આ ગુનાહિત કૃત્ય બદલ દિવાની અને ફોજદારી રાહે કાર્યવાહી કરવાની ફરજ પડશે. આ નોટીસ ટોટલ ૩૮ જણને આપવામાં આવેલ. જેના નામો નીચે મુજબ છે.

(૧)	શ્રી મેઘજીભાઈ જેઠાભાઈ રામજીયાણી	મુંબઈ
(૨)	શ્રી શામજીભાઈ હરજી સેંઘાણી	મુંબઈ
(૩)	શ્રી ધનજીભાઈ ગોવીંદ સેંઘાણી	રાજપર
(૪)	શ્રી શામજીભાઈ નારાણ નાકરાણી	મુંબઈ
(૫)	શ્રી ભવાનજી ભાણજી રામાણી	બીદડા
(૬)	શ્રી શીવલાલ લખમશી વાસાણી	મુંબઈ
(૭)	શ્રી પરસોતમ મનજી વેલાણી	મુંબઈ
(૮)	શ્રી શાંતીલાલ પેથાભાઈ ચૌધરી	માંડવી
(૯)	શ્રી નારાણભાઈ મનજી વેલાણી	મુંબઈ
(૧૦)	શ્રી નથુરામ ધનજી સેંઘાણી	મુંબઈ
(૧૧)	શ્રી ધનજીભાઈ પુંજા લીબાણી	દરશડી
(૧૨)	શ્રી ગોવિંદભાઈ અબજી સેંઘાણી	દુર્ગાપુર
(૧૩)	શ્રી હંસરાજભાઈ દેવજીભાઈ ધોળુ	ભુજ
(૧૪)	શ્રી શીવદાસ ગોવિંદ છાભૈયા	ભુજ
(૧૫)	શ્રી કરશનદાસ વાલજી વેલાણી	ભુજ

વાંઢાય

(૧૬) શ્રી રતનશી લાલજી વેલાણી	દુર્ગાપુર
(૧૭) શ્રી રવજીભાઈ લાલજી રામજીયાણી	મુંબઈ
(૧૮) શ્રી કાંતીલાલ ભાણજી દડગા	મમાયમોરા
(૧૯) શ્રી શાંતીલાલ પ્રેમજી દિવાણી	રાયણ મોટી
(૨૦) શ્રી દામજીભાઈ પ્રેમજી ધોળુ	ભુજ
(૨૧) શ્રી નારાણભાઈ ખીમજી ચૌહાણ	દુજાપર
(૨૨) શ્રી અબજીભાઈ કરમશી ધોળુ	ગાંધીનગર
(૨૩) શ્રી હરીલાલ નારાણ ધોળુ	માંડવી
(૨૪) શ્રી હીરાલાલ માવજી સેંઘાણી	મુંબઈ
(૨૫) શ્રી રવીલાલ કેશરા રામજીયાણી	મુંબઈ
(૨૬) શ્રી ધનજીભાઈ શીવગણ રૂડાણી	મુંબઈ
(૨૭) શ્રી રવજીભાઈ રામજી ચોપડા	મુંબઈ
(૨૮) શ્રી કાંતીલાલ નારાણ સેંઘાણી	મુંબઈ
(૨૯) શ્રી રતનશી રવજી ધોળુ	મુંબઈ
(૩૦) શ્રી પરસોતમભાઈ વિશ્રામ વાસાણી	નાની વિરાણી
(૩૧) શ્રી નાનજીભાઈ કરશન પારસીયા	ભરૈયા
(૩૨) શ્રી મણીલાલ કરશન દિવાણી	મુંબઈ
(૩૩) શ્રી કેશવલાલ ધનજી પારસીયા	ભુજ
(૩૪) શ્રી વાડીલાલ કરશન પોકાર	ભુજ
(૩૫) શ્રી જયેશ સોમજી છાભૈયા	ભુજ
(૩૬) શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર	મુંબઈ
(૩૭) શ્રી જેઠાલાલ લાલજી ચોપડા	ભુજ
(૩૮) શ્રી નારાણભાઈ રામજી પોકાર	ભુજ

આ નોટીસ મળ્યેથી આ નિર્માણ સમિતિનાં સભ્યો પૈકીનાં (૧) જેઠાલાલ લાલજી ચોપડા, ભુજ (૨) નારણભાઈ રામજી પોકાર, ભુજ (૩) હંસરાજભાઈ દેવજીભાઈ ધોળુ, ભુજ (૪) દામજીભાઈ પ્રેમજી ધોળુ, ભુજ-અમદાવાદ (૫) શાંતિલાલ પ્રેમજી દિવાણી, રાયણ મોટી (૬) ધનજીભાઈ શીવગણ રૂડાણી, મુંબઈ (૭) ધનજીભાઈ પુંજા લીંબાણી, દરશડી (૮) વાડીલાલ કરશન પોકાર, ભુજ (૯) રવીલાલ કેશરા રામજીયાણી, દેશલપર-મુંબઈ વાળાઓ દવારા પોતાના જવાબો આપવામાં આવેલ અને જણાવવામાં આવેલ કે અમોએ આવી કોઈ મિલ્કત તબદીલ કરવામાં મદદગારી કરેલ નથી અને તેમની સાથે સહમત પણ નથી. અને સ્પષ્ટ પણે માનિએ છીએ કે આ મિલ્કત અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની છે અને અમે યથા યોગ્ય યોગદાન પણ આપેલ છે. અને આ મિલ્કત પાછી સમાજનાં નામે થવી જોઈએ. અમે આવી કોઈ નિર્માણ સમિતીની મિટીંગમાં આ મિલકત

શ્રી ઉમિયા માતાજી ઈશ્વર રામજી વાંઢાય ટ્રસ્ટ ★

પાટીદાર સર્વોદય ટ્રસ્ટ નામે તબદીલ કરવા નિર્ણય લેવાયેલ હોય એવું અમારી જાણમાં નથી અને અમો સહમત પણ નથી.

(૧૪) ટ્રસ્ટની સ્થાવર મીલ્કતનું નિકાલ કરવા માટેની ટ્રસ્ટ એકટની પ્રક્રીયા? :- બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ નીચે નોંધાયેલ કોઈપણ ટ્રસ્ટે તેમના વાર્ષીક હિસાબો ટ્રસ્ટ એકટની કલમ ૩૨ અને ૩૩ મુજબ રાખવાના થાય અને ટ્રસ્ટ એકટની જોગવાઈ મુજબ તે હિસાબો માન્ય ઓડીટર દવારા ઓડીટ કરવાના થાય જેમાં એક બાજુ ફંડો કે મૂડી દર્શાવવાની થાય બીજી બાજુ ટ્રસ્ટની સ્થાવર મિલ્કત અને અન્ય ટ્રસ્ટે લેવાના થતાં લેણાની વિગત દર્શાવવાની હોય છે. અને આ વાર્ષીક હિસાબો ઓડીટ કરાવી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાવાના હોય છે. એક વખત ટ્રસ્ટની મિલ્કત ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાયા બાદ આ મિલ્કતનાં નિકાલ માટે બોમ્બે પબ્લીક ટ્રસ્ટની જોગવાઈઓ મુજબ કલમ ૩૬ ની પ્રક્રિયા કરી અને તેનો ઉકેલ થઈ શકે. આ કલમની જોગવાઈ મુજબ આ મિલ્કતનો નિકાલ કરતા પહેલા જેતે વિસ્તારનાં ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાંથી પૂર્વ મંજુરી મેળવી અને ચેરીટી કમિશ્નરશ્રી તરફથી નકકી કરેલા નિર્દેશો મુજબ તેનો ઉકેલ થઈ શકે. આ માટે ટ્રસ્ટ મિલ્કતનો નિકાલ કયા હેતુ માટે કરવા માંગે છે તેનો સ્પષ્ટ ઠરાવ કરી સામાન્યસભાનો ઠરાવ કરી અને વિભાગીય ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીએ મોકલવાનો રહે અને ચેરીટી કમિશ્નરશ્રીને યોગ્ય લાગે તો નકકી શરતો રાખી મંજુરી આપે અને આ અંગેની જાહેરખબર સ્થાનિકે બે અખબારોમાં જાહેરાત આપી પ્રસિધ્ધ કરવાની થાય. અને તેનાં આવેલા ટેંડરો ચેરીટી કમિશ્નરશ્રીની હાજરીમાં ખોલી યોગ્ય ટેંડરને બહાલી આપી. એ રીતે પબ્લીક ટ્રસ્ટની મિલ્કતોનો નિકાલ કે તબદીલ કરવાની પ્રક્રિયા હોય છે.

:: **<u>કોઈ પણ સ્થાવર મિલકત તબદીલ કરવા માટે પ્રવર્તમાન કાયદાઓની જોગવાઈ મુજબ શું કરવાનું રહે?</u>** ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ, ઈન્ડીયન સ્ટેમ્પ ડયુટી એકટ તથા ઈન્ડીયન રજીસ્ટ્રેશન એકટમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાની થાય. જે નીચે મુજબ છે.

ભારત સરકારનાં પ્રવર્તમાન કાયદાઓ મુજબ કોઈપણ વ્યકિત, સંસ્થા, ટ્રસ્ટ, કંપની કોઈપણ મિલકત ખરીદે, ભેટ આપે, ગીરો મુકે, ભાડે આપે કે અન્ય કોઈ રીતે અર્પણ કરે તો તે પ્રક્રિયા ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ, ૧૮૮૨ મુજબ કરવાની થાય અને ઈન્ડીયા સ્ટેમ્પ એકટ, ૧૮૯૯ ની જોગવાઈઓ મુજબ યોગ્ય સ્ટેમ્પડયુટી ભરી અને રજીસ્ટ્રેશન એકટ, ૧૯૦૮ મુજબ એકટની જુદી-જુદી કલમો મુજબ કરવાનું થાય. અને આ કાયદા મુજબ કરવામાં આવેલ પ્રક્રિયાઓ મુજબ થયેલ કાર્યવાહીને જ માન્ય ગણવામાં આવે છે અને તેના જ કારણે એ મિલકતનું સાચુ ટાઈટલી ગણવામાં આવે છે. રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ નં. ૧૭ મુજબ સ્પષ્ટ દર્શાવવામાં આવેલ છે કે, સ્થાવર મિલકતને તબદિલ કરવમાં રજીસ્ટ્રેશન કરાવુ ફરજીયાત છે અને આ રજીસ્ટ્રેશન માટે ઈન્ડીયન સ્ટેમ્પ એકટ, ૧૯૯૯ ની કલમ નં. ૩ મુજબ ઈસ્ટુમેન્ટ ચાર્જેબલ ઓફ ડયુટી મુજબ જેતે વખતે પ્રવર્તમાન સ્ટેમ્પ ડયુટીના દરો મુજબ ખરીદનાર અને વહેચનારે દસ્તાવેજ કરવાનાં રહે છે અને જે મુજબ મિલકતની માલિકી હકક ખરીદનારી થતી હોય છે. અને આવી મિલકત ટ્રાન્સફર

વાંઢાય

ઓફ પ્રોપર્ટી એક્ટ, ૧૮૮૨ ની કલમ નં. ૫૩ મુજબ અને કલમ નં. ૫૪ મુજબ ઉકેલ થતો હોય છે. અને પ્રવર્તમાન સ્ટેમ્પ ડયુટીના દર પ્રમાણે સ્ટેમ્પનો ઉપયોગ કરવાનો ફરજીયાત છે. કોઈપણ સ્થાવર મિલકત વારસામાં વારસાઈ એન્ટ્રીથી મળતી હોય તો સ્ટેમ્પ ડયુટી માંથી મુકિત આપવામાં આવેલ છે. આ પ્રક્રિયા પાટીદાર સર્વોદય ટ્રસ્ટ દવારા કરવામાં આવેલ નથી. રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૦૮ મુજબ મિલકતોના રજીસ્ટ્રેશન માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ કલમ નં. ૧૭ માં સ્પષ્ટ જણાવેલ છે કે, ઘણાં ભધા વ્યવહારોમાં રજીસ્ટ્રેશન કરાવું ફરજિયત છે. તે મુજબ સ્થાવર મિલકતને ભેટમાં આપવી હોય તો જેતે વિસ્તારનાં રજીસ્ટ્રાર પાસે રજીસ્ટર કરાવુ ફરજિયાત છે. કમલ નં. ૧૭ ની પેટા કલમ ૧-અ માં સ્પષ્ટ જણાવેલ છે કે, ટ્રાન્સફર ઓફ પ્રોપટ્રી એકટ ૧૮૮૨ની સેકશન ૫૩-એ મુજબ સ્થાવર મિલકત ફરજિયાત રજીસ્ટર કરાવાની હોય અને જો તે રજીસ્ટર કરવામાં આવેલ ન હોય તો એના કારણે મિલકતનો કોઈ હકક ઉભો થતો નથી. ઈન્ડીયન સ્ટેમ્પ એકટ ૧૮૯૯ ની જોગવાઈ મુજબ કોઈપણ સ્થાવર મિલકતની નોંધણી કોઈપણ દસ્તાવેજથી કરી શકાય અને તેની જોગવાઈ મુજબ ઈન્ડીયન સ્ટેમ્પ એકટનાં પ્રવર્તમાન સ્ટેમ્પડયુટી દર મુજબ સ્ટેમ્પડયુટી વાપવાની ફરજિયાત છે અને સ્ટેમ્પડયુટી વાપરવા વગર (વારસાઈ એન્ટ્રી સીવાય) કરવામાં આવેલ વહીવટને કાયદા દવારા માન્ય ગણવામાં આવેલ નથી. અને તેનાથી કોઈ માલિકી હકક ઉભો થતો નથી. જેથી પાટીદાર સર્વોદય ટ્રસ્ટે આવી કોઈ પ્રક્રિયા કરેલ નથી. અને થયેલ પ્રક્રિયા કાયદામાં બતાવ્યા મુજબની જોગવાઈઓને સુસંગત નથી.

:: રેવન્યુ રેકર્ડમાં નોંધ હોય જેનાથી માલિકી હકક ગણી શકાય કે કેમ? અને તે અંગે શું માર્ગદર્શીકા છે. અને કોઈ પણ કાયદાકીય ચુકાદો હોય તો તે શું છે? :

રેવન્યુ રેકર્ડમાં કોઈપણ નામની એન્ટ્રી હોય તેનાથી તેની માલિકી હકક કે ટાઈટલ ગણાતુ નથી. રેવન્યુ એન્ટ્રી માત્ર જમીન મહેસુલ ઉઘરાવામાં માટે ગણવામાં આવ્યું છે સાચી માલિકી માત્રને માત્ર રજીસ્ટર સેલ ડીડ કે રજીસ્ટર સ્ટેમ્પડયુટીથી થયેલ વ્યવહાર અને ઈન્ડીયન રજીસ્ટ્રેશનની જોગવાઈઓ મુજબ જ રજીસ્ટર ઓફ પ્રોપટ્રીની કચેરીમાં ખરીદનાર અને વેચનારને યોગ્ય સ્ટેમ્પડયુટી ભરીને નોંધાવામાં આવે તેને જ માલિકી હકક પ્રાપ્ત થઈ શકે અને તેનું ટાઈટલ ગણવામાં આવે છે. આ બાબતે સુપ્રિમ કોર્ટમાં કેસ નં. ૧૯૮૭ વર્ષ ૧૯૯૬ મુજબ તેમજ ઝારખંડ હાઈકોર્ટ વીટ પીટીસર (સી) નં. ૧૩૪૫ જુલાઈ-૨૦૧૧ મુજબ બહુ સ્પષ્ટ જજમેન્ટ આપેલ છે કે, રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી હોય તેનાથી કોઈપણ માલિકી હકક કે ટાઈટલ ઉભુ થતુ નથી અને પ્રોપર્ટીના મૂળ માલિકનો કોઈ હકક રદ થતો નથી અને ટાઈટલ રજીસ્ટ્રર થયેલ ડોકયુમેન્ટથી જ ઉભો થાય છે અને તેના માટે યોગ્ય સ્ટેમ્પ ડયુટી ભરેલ હોવી જોઈએ જેના રેફરન્સ માટે કેસ લો આ સાથે બિડાણ-૧ મુજબ છે. તે પ્રમાણે સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ડીવીઝન બેંચ ઓફ હરીયાણાએ તેમના તા.૨૩ ઓગષ્ટ ૧૯૯૬ સાવરની વિરૂધ્ધ ઈન્દર કોર નાં ચુકાદામાં સ્પષ્ટ જણાવેલ છે કે, રેવન્યુ એન્ટ્રીમાં નોંધ હોવાથી કોઈ હકક કે ટાઈટલ ઉભુ થતું નથી અને મૂળ માલિકનું હકક

વાંઢાય

આના કારણે નાબુત થતું નથી. રેવન્યું રેકર્ડ એન્ટ્રી માત્ર કર ઉઘરાવવાનાં હેતુ માટે હોય છે. આમ, માત્ર રેવન્યું રેકર્ડમાં નોંધ હોવાથી માલિકી હકક નકકી કરી શકાય નહીં.

:: આ અંગે કોઈ નિષ્ણાંતનો મંતવ્ય લેવામાં આવ્યો આવ્યો છે? જો હા તો તેમનો અભિપ્રાય શું છે?

૧. હા, આ અંગે ઉમિયા માતાજી સંસ્થાનનાં ચાર્ટડ એકાઉન્ટટ શ્રી ઈશ્વરભાઈ દેસાઈ સાથે બંને પક્ષનાં આધાર પૂરાવાઓ સાથે સરવૈયાઓ, માંડવીમાં જમીન ખરીદ કરેલ તેના દસ્તાવેજો, ઓડીટ થયેલા હિસાબો, નિર્માણ સમિતિની રચનાની પ્રક્રિયા તેમના દવારા રાખવામાં આવેલ હિસાબોની પધ્ધતિઓ અને ત્યારબાદ સમાજનાં વાર્ષીક હિસાબોમાં તેમનું સંમલિત થયાની પ્રક્રિયાનો અભ્યાસ જણાયેલ કે, માંડવીમાં આવેલ તમામ મિલકત અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ટ્રસ્ટ નં. એ૮૨૮ કચ્છ મુજબ ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાયેલ છે. તે જ રીતે પાટીદાર સર્વોદય ટસ્ટ્રના ઓડીટ થયેલા વાર્ષીક હિસાબોમાં શરૂઆતથી પાંચ વર્ષ સુધી આ વિવાદ વાળી મિલકત પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં સરવૈયામાં કયાય પણ દર્શાવવામાં આવેલ નથી. જેથી તેમની સાથે ચર્ચા કરતા તેમનો અભિપ્રાય હતો કે, આ મિલકત અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની ગણી શકાય.

૨. આ મુદે રાજકોના રીટાયર્ડ ખ્યાતનામ જજ શ્રી ધારાણી સાહેબ સાથે સંસ્કારધામ દેશલપર ખાતે પંચના સભ્યો સાથે તેમજ ભુજ ખાતે હંસરાજભાઈની ઓફીસે બંને પક્ષનાં ડોકયુમેન્ટનો અભ્યાસ કરતા તેઓએ સ્પષ્ટ જણાવેલ કે, આ મિલકત અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની માલિકીની છે. કારણકે, માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની રચના સમાજે તેમના બંધારણમાં આવેલ જોગવાઈઓ મુજબ કરેલ છે અને તેમના વાર્ષીક હિસાબો સમાજનાં ટ્રસ્ટમાં સંમલિત કરેલ છે. અને તેમના મત મુજબ નિર્માણ સમિતિનાં સભ્યો દવારા મિલકત ટ્રાન્સફર કરવાનું કૃત્ય કાયદાની વિરૂધ્ધ અને સમાજ સાથે વિશ્વાસ ભંગ કરવા બરાબર છે.

:: લવાદપંચનું સ્પષ્ટ તારણ :

ઉપરોકત જણાવ્યા મુજબ સમાજની રચના તેમના દવારા માંડવીનાં છાત્રાલયનાં નિર્માણ માટે કરવામાં આવેલ નિર્માણ સમિતિની રચના, સમાજ માંથી મેળવેલ દાનો, સંસ્થાઓના નામકરણ, તેમના માટે વાપરવામાં આવેલ પહોંચ બુકો અને લેટરપેડ, ગટર પાણી વિજળી ગેસ વગેરેનાં કનેકશનો પણ સમાજનાં નામે છે. ઈન્કમ ટેક્ષ, પાન નંબર પણ સમાજનાં નામનો વપરાયેલ છે. વાર્ષીક હિસાબો પણ સમાજનાં ટ્રસ્ટમાં નોંધાયેલ છે. ખાતમુહર્ત કે ઉદઘાટનનાં કાર્યક્રમો અને વાર્ષીક ઉત્સવો પણ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નિયુકત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ દવારા આમંત્રણ પત્રિકાઓ છાપી કરવામાં આવેલ છે. એક વખત આ મિલકત પાટીદાર સર્વોદય ટ્રસ્ટ દવારા ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં પીટીઆરમાં નોંધવામાં આવેલ જે તકરાર થતાં પાછળથી રદ કરવામાં આવેલ છે. આ મિલકત પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં વાર્ષીક હિસાબો કે સરવૈયામાં કે ચેરીટી

કમિશનશ્રીની કચેરીમાં રજુ થયેલ હિસાબોમાં જણાતા નથી. આથી લવાદપંચ સ્પષ્ટ તારણ પર આવે છે કે, આ મિલકત અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની છે, અને આ સમિતિ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની પેટા સમિતિ છે. જે મિલકતની તબદીલી કરવાનો અધિકાર અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનો છે. આમ, આ મિલકત અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની છે.

:: વિવાદનાં ઉકેલ માટેની લવાદપંચની ભલામણ :

માંડવી ખાતે આવેલ આ બંને મિલકત માંડવી વિસ્તારનાં તથા ભારતભરનાં ઘણા બધા લોકોનાં સહકારથી બાંધવામાં આવેલ છે. અને બધાલોકોનાં સાથ અને સહકારથી ખૂબ સારી રીતે વહીવટ ૨૦૧૧ સુધી ચલાવવામાં આવેલ છે. અને ત્યારબાદ મડાગાંઠ ઉભી થતાં આ પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. લવાપંચોની બંને પક્ષોને સ્પષ્ટ ભલામણ કરે છે કે, આ વિવાદનો સાથે બેસી ઉકેલ કરવો જોઈએ. પંચો પાટીદાર સર્વોદય ટ્રસ્ટનાં આગેવાનોને ભલામણ કરે છે કે કોઈપણ જાતનો વિવાદ કરવા વગર આ મિલકત તેની ૨૦૧૨ પહેલાની સ્થિતીમાં એટલેકે કચ્છ કડવા પાટીદાર સમાજ હોસ્ટેલ (છાત્રાલય) નિર્માણ સમિતિ માંડવી કચ્છનાં નામે રેવન્યુ રેકર્ડ ફેરવી આપે અને સમાજને તે વિસ્તારનાં આગેવાનો સાથે બેસી અગાઉ જે રીતે સાથે મળીને સંચાલન કરતા હતા તે રીતે સંચાલન કરે. જો પાટીદાર સર્વોદય ટ્રસ્ટ સહમત હોય અને સમાજ જો આ તબદીલની પ્રક્રિયા કરે તો તેમા જરૂરી સહમતી અને સહી સીકા કરી આપે અને અગાઉ જણાવ્યા મુજબ મિલકત મૂળ સ્થિતીમાં લાવી તેનો ઉકેલ કરી શકાય. અને આના માટે જરૂરી જણાય તો બંને પક્ષો વચ્ચે સમજૂતી કરાર કરી મધ્યસ્થિ કરવા માટે આ લવાદપંચ સહકાર આપવા તૈયાર છે.

આ તારણ તા.૨૨-૦૮-૨૦૧૮ નાં આપવામાં આવેલ છે. અને તેમાં નીચે જણાવેલ પંચોએ તેને માન્ય કરેલ છે.

૧. હંસરાજભાઈ દેવજી પટેલ

૨. જેઠાભાઈ લાલજી ચોપડા

૩. કરશનભાઈ શામજી સેંઘાણી

૪. ગંગારામભાઈ શીવદાસ રામાણી

૫. કરશન લધા દિવાણી